

સેતુ

સેતુ અભિયાન

# સરકારશ્રીની
# કલ્યાણકારી યોજનાઓ
# હક્કદારોના હક્ક

*"સંગઠન એ જ શક્તિ"*

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભુજ તાલુકા સરપંચ સંગઠન | શ્રી અંજાર તાલુકા ગ્રામ પંચાયત સંગઠન | રાપર તાલુકા સરપંચ સંગઠન | ભચાઉ તાલુકા સામાજીક ન્યાય સમિતી મંચ | લખપત તાલુકા સરપંચ સંગઠન | નખત્રાણા તાલુકા સરપંચ સંગઠન |

સરકારશ્રીની
કલ્યાણકારી યોજનાઓ

# હકદારોના હક

**આવૃતિ વર્ષ :** જુલાઇ, ૨૦૨૪

**નકલ પ્રત :** ૧૦૦૦

**પ્રકાશક :**
સેતુ અભિયાન, તાલુકા સ્તરના ગ્રામ પંચાયતના સરપંચ સંગઠનો

**પ્રિન્ટીંગ પ્રેસ :**
દેસાઇ કાર્ડ, ભુજ

**સંશોધન ટીમ :**
- રાજેન્દ્ર બી. વાઘેલા (ફિલ્ડ ટ્રેનર, સેતુ અભિયાન, ખાવડા)
- વનિતાબેન એ. દબાસિયા (ફિલ્ડ ટ્રેનર, સેતુ અભિયાન, કોડકી)
- ચંદ્રેશ આર. દુધરેજીયા (ફિલ્ડ ટ્રેનર, સેતુ અભિયાન, ભીમાસર)

**સંદર્ભ :**
- સરકારી વેબસાઇટ અને વિભાગો

**આર્થિક સહયોગ :**
- અઝિમ પ્રેમજી ફાઉન્ડેશન
- મિઝેરીયર

**નોંધ :**
આ પુસ્તિકા ફકત જાણકારી માટે છે, કોઇ સહાય અન્વયે આ પુસ્તકને સંદર્ભ તરીકે લઇ શકાશે નહીં. સહાય જે તે સમયના સરકારી ઠરાવો - પરિપત્રો તેમજ નિયમોને આધિન રહેશે.

## પ્રસ્તાવના :

આપણે જાણીએ છીએ કે ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. દેશના વિકાસમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. પંચાયતની રચના પાછળનો મુખ્ય ઉદેશ્ય એ આર્થિક વિકાસ અને સામાજીક ન્યાય પર કેન્દ્રિત થયેલો છે. એટલે એમ કહી શકાય કે વિકાસના મુદ્દાઓનું આખરી સિંચન ગ્રામ સ્તર પર જ થાય છે અને દેશનાં વિકાસને વેગ અને નવી દિશાઓ મળે છે. ગ્રામ પંચાયત એ ગ્રામ શાસન કે વિકાસની પાયાની સ્થાનિય સરકાર છે. આ સ્થાનિય સરકારને ૭૩માં બંધારણીય સુધારાથી બંધારણીય દરજ્જો પણ મળેલો છે. સરકાર મારફતે આ માટે પંચાયતોને વિવિધ કામો પણ સોંપવામાં આવેલ છે અને અમુક વહીવટી બાબતો માટે સરકારે વહીવટી વિભાગની પણ રચના કરેલ છે. પંચાયતી રાજનો મુખ્ય ઉદેશ લોકશાહી વિકેન્દ્રીકરણનો છે એટલે કે સત્તા લોકોનાં હાથમાં પહોચે તે માટેનો છે. આમ પંચાયતી રાજનું અંતિમ ધ્યેય છે શાસનમાં અને નિર્ણયમાં ગ્રામજનોની સહભાગીતા અને પ્રત્યક્ષ સામેલગીરી. ભારતના બંધારણની કલમ-૪૦ માં જોગવાઇ કરવામાં આવી છે કે ગામડાઓનો વહીવટ, આર્થિક, સામાજીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક બાબતો ગ્રામ પંચાયતની સ્થાપના દ્વારા લોકો મારફતે થાય.

પંચાયતી રાજની સંસ્થાઓના કાર્યો, કાર્યપદ્ધતિ અને ભંડોળ વગેરે ગુજરાત પંચાયત અધિનિયમ કાનૂન ૧૯૯૩ના ૧૭૫ સેકશન હેઠળ સમજાવવામાં આવેલ છે. પંચાયતોને સોંપવાના ૨૯ વિષયોની યાદીમાંથી ૧૪ વિષયો સંપૂર્ણ રીતે સોંપવામાં આવ્યા છે, ૫ વિષયો આંશિક રીતે સોપાયા છે અને બાકીના ૧૦ વિષયો હજી સોંપવાના બાકી છે. જો કે ગુજરાતમાં અત્યારે છે તે કરતા વધારે સત્તા ગ્રામ પંચાયતોને આપવાનો અવકાશ છે. હાલમાં આપણે જોઈએ તો ‘‘પંચાયત માટે ગામનો વિકાસ એટલે ગામની પાયાની જરૂરતોને શોધી કાઢવી અને ગામનાં વિકાસને સુગ્રથિત રીતે જોવાને બદલે, ગામમાં જોઇ શકાય તેવું ભૌતિક સુવિધાઓનું માળખું ઉભુ કરવું ‘‘જેવા કે કોમ્યુનિટી હોલ, સી.સી. રોડ, બસ સ્ટેન્ડ, ગટરલાઇન વગેરે...’’. આ વિકાસને અંકિત કરવા માટે શાસનની પ્રણાલી પણ એટલી જ અગત્યની છે કે જેમાં નિર્ણયો લેવા, આયોજન અને અમલીકરણમાં લોકોની સહભાગીતા, દરેક કક્ષાએ અને ક્ષેત્રમાં પારદર્શકતા, પંચાયતની કાર્યક્ષમતા અને અસરકારકતા વગેરે... જો વિકાસની સાથે શાસન માપદંડો ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે. એટલે એમ કહી શકાય કે વિકાસની સાથે સાથે શાસન પણ એટલું જ મહત્વનું છે. આ વિકાસને ફળીભુત કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ વિકાસની નિતીઓ અને યોજનાઓ અમલમાં મુકી છે. આ ઉપરાંત જરૂરીયાતમંદ અને યોગ્યતા ધરાવતા નાગરીકોને માટે ઓનલાઇન અને ઓફલાઇન કલ્યાણકારી યોજનાઓ અસ્તિત્વમાં છે. આ વ્યકિતગત યોજનાઓનો લાભ યોગ્યતા ધરાવતા નાગરીકો સુધી પહોંચે તો આવા વંચિત લોકો ખરેખર મુખ્ય પ્રવાહમાં સામેલ થઇ શકે.

પ્રસ્તુત ‘હકકદારોના હકક’’ પુસ્તક ગામની સ્થાનિય સરકાર એટલે કે ગ્રામ પંચાયતો મારફતે વંચિત અને યોગ્યતા ધરાવતા નાગરીકોને રાજય સરકારની અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ કઇ રીતે પહોંચી શકે તે માટેનો નેક પ્રયાસ કરવામાં આવેલો છે. આ પુસ્તકમાં યોજનાઓની વિગતો, યોજનાઓનાં લાભો, યોગ્યતાઓ, દસ્તાવેજની પૂર્તતા તેમજ યોજના સંલગ્ન વિભાગીય માહીતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલો છે. આશા છે આ પુસ્તક નાગરીકો, સરકારી વિભાગો, ગ્રામ પંચાયતો તેમજ સ્વંયસેવી સંસ્થાઓને ઉપયોગી નિવડશે.

સરકારશ્રીની
કલ્યાણકારી યોજનાઓ
હક્કદારોના હક્ક

સેતુ

સેતુ અભિયાન

## સેતુની પાયાની સ્થાનિય સરકાર સાથે કાર્ય કરવાની યાત્રા :

વર્ષ ૨૦૦૧ ના ભુકંપ બાદ કચ્છનાં ગ્રામીણ સમુદાયને રાહત સામગ્રી અને માહિતી મળી રહે તે હેતુથી કલસ્ટર સ્તરનાં કેન્દ્રો સ્થાપવામાં આવ્યા. નાગરીકો, અન્ય સંસ્થાઓ અને સરકારને ગ્રામીણ ક્ષેત્રમાં વધુ સરળતાથી સંકલન કરવા અને પુનઃવસન ને ઝડપથી પૂર્ણ કરવા માટે આ કેન્દ્ર સંકલન કરતું હોવાથી આ કેન્દ્રનું નામ 'સેતુ' રાખવામાં આવ્યું. રાજય સરકારની પુનઃવસન પોલીસીમાં સેતુને માન્યતા મળી તેથી કહી શકાય કે ખૂબ ઝડપથી પુનઃવસન ની પ્રક્રિયા પૂર્ણ થઇ.

વર્ષ ૨૦૦૫ થી આ ગ્રામીણ સેતુ દ્વારા ગ્રામ પંચાયતોને ટેકો આપવા માટે દિશાઓ નકકી થઇ જેમાં ખાસ કરીને ગ્રામ પંચાયતોને સર્વગ્રાહી અને સમાવેશી આયોજન બનાવવા માટે ટેકો, ગ્રામ પંચાયતોને બંધન મુકત ભંડોળ (અન ટાઇડ ગ્રાન્ટ) આપીને પંચાયતની શાસન વ્યવસ્થામાં સુધાર લાવવો, ગ્રામ પંચાયતનાં ચુંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ અને સમિતીના સદસ્યોને વિવિધ પ્રકારે તાલીમો દ્વારા ક્ષમતાવર્ધન કરવું, પંચાયતોનાં નિતીગત પ્રશ્નો અને સરકારને પણ સુચારૂ નિતીઓના અમલીકરણ માટે મદદરૂપ બનવા માટે સરપંચો અને ગ્રામ પંચાયત પ્રતિનિધિઓના સંગઠનો બનાવવા, પારસ્પરિક શિક્ષણ દ્વારા શાસન વ્યવસ્થા મજબૂત કરવા વગેરે જેવા આયામો હાથ ધરવામાં આવ્યાં.

વર્ષ ૨૦૧૦ થી ગ્રામીણ અનુભવના આધારે નાના શહેરોમાં પણ કાર્ય કરવાની શરૂઆત થઇ. આવા નાના શહેરોમાં ખાસ કરીને શહેરી વિકાસમાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વોર્ડ કમિટીઓની રચના, શહેર ક્ષેત્રે નાગરીકોની ભાગીદારી યુકત વિકેન્દ્રિત વોર્ડ વિકાસ આયોજન, આ આયોજનમાં ખાસ કરીને પ્રવાસી શ્રમિકોને બેઝીક સેવાઓ મેળવવા, નાગરિકોને વિકેન્દ્રિત સેવાઓનો લાભ મળે તે માટે વોર્ડ ઓફિસની રચના, નાગરીકોને યોજનાકિય લાભો તેમજ વોર્ડસભા દ્વારા નાગરીકો અને સ્થાનિય સરકાર એટલે કે નગરપાલીકાને ટેકો આપવાનું કાર્ય પ્રગતિમાં છે.

વર્ષ ૨૦૧૪ ''સેતુ અભિયાન'' તરીકે સ્વતંત્ર રજીસ્ટ્રેશન પછી હાલમાં પણ ઉપરોકત કાર્યોની સાથે સાથે ગ્રામપંચાયતમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત થાય તે માટે મહિલા જૂથની રચના દ્વારા મહિલાઓમાં નેતૃત્વ શકિત વિકાસ, બંધારણીય અધિકારો, યોજનાઓ અને ગ્રામ પંચાયતોની આયોજન પ્રક્રિયા (જીપીડીપી) પ્રક્રિયા વગેરે બાબતો પર ક્ષમતાવર્ધન કરવામાં આવી રહ્યું છે. કિશોરી જુથની રચના તેમજ પંચાયત સ્તરે બાલીકા પંચાયતની રચના વગેરે જેવી દિશાઓ પર કાર્ય થયું. જેના દ્વારા ગ્રામ પંચાયતોનો સામાજીક વિકાસ પ્રત્યેનો દ્રષ્ટિકોણ પણ કેળવાયો. વર્ષ ૨૦૧૫ થી ગ્રામ પંચાયતોની આયોજન પ્રક્રિયા (જીપીડીપી) ને પણ સરકારે માન્યતા આપી અને ગ્રામ પંચાયતો માટે બંધનમુકત ભંડોળ (અનટાઇટ ગ્રાન્ટ) માટે માર્ગદર્શિકા બની. ગ્રામ પંચાયતોની આયોજન પ્રક્રિયા લોકાભિમુખ બને તેમજ લોક કેન્દ્રિત બને તે માટે ત્રણેય સ્તરની પંચાયતોને સહયોગ કરવામાં આવ્યો. તેમજ જીપીડીપીનાં પડકારો અને તકોની ચર્ચાઓ/પરમર્શો કેન્દ્ર સરકાર અને રાજય સરકારો સાથે થઇ. વર્ષ ૨૦૧૯ થી તાલુકા સરપંચ સંગઠનોના માલિકીપણા હેઠળ તાલુકા કક્ષાએ પંચાયત રિસોર્સ સેન્ટર (પીઆરસી) ની રચના કરવામાં આવી. આ સેન્ટર દ્વારા નાગરીકો ને સરકારની વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓનું ઓનલાઇન કે ઓફલાઇન સંકલન કરવામાં આવે છે. એટલે કે યોગ્યતા ધરાવતા નાગરિકોને શોધીને યોજનાઓના લાભો એમને પંચાયતોના માધ્યમથી પહોંચાડવામાં આવે છે અને પંચાયતોને સરકારના વિવિધ પરિપત્રો તેમજ માહિતી સરળતાથી પહોચાડાય છે. તમામ નિતિગત બદલાવો તેમજ અન્ય સંસ્થાઓ, ગ્રામ પંચાયતો ને શીખવા માટેનું પ્લેટફોર્મ ઉભું કરીને માહિતી, શીખ તેમજ નાવિન્યતા ને પ્રોત્સાહિત કરવા માટે પ્લેટફોર્મની રચના કરવામાં આવેલી છે.

એસ. કે. પ્રજાપતિ આઈ.એ.એસ.
જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત કચેરી,
કચ્છ–ભુજ, પિન. ૩૭૦ ૦૦૧

## શુભેચ્છા સંદેશ

સેતુ અભિયાન દ્વારા સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરી કચ્છના સામાન્ય જન સુધી, ગ્રામપંચાયત કક્ષાએ જરૂરિયાત મંદ લાભાર્થીઓને પહોચાડવાનો પ્રયાસ કરેલ છે તે અનુકરણીય છે. સરકારશ્રીના પ્રવર્તમાન પ્રસિધ્ધ થયેલ સરકારી ઠરાવો મુજબ લાભ મળે તે માંટે સેતુ અભિયાન પણ નાગરિકોને માર્ગદર્શિત કરશે એવી અપેક્ષા રાખું છું. આ પ્રેરણાદાયી કાર્યને જિલ્લા પંચાયત વહીવટી તંત્ર શુભેચ્છા પાઠવે છે.

સ્થળ : ભુજ
તા.૨૨/૦૭/૨૦૨૪

(એસ.કે.પ્રજાપતિ IAS)
જીલ્લા વિકાસ અધિકારી
કચ્છ – ભુજ

ફોન : (ઓ.) +૯૧ ૦૨૮૩૨ (ઓ.) ૨૫૦૦૮૦ (રે.) ૨૫૦૦૫૨ ફેક્સ : (૦૨૮૩૨) ૨૫૦૩૫૫ • E-mail : ddo-kut@gujarat.gov.in

## શુભેચ્છા સંદેશ

રાજયનાં દરેક વર્ગના લોકો વિકાસની મુખ્ય ધારામાં ભળે અને વિકાસનાં લાભો છેવાડાનાં માનવી સુધી પહોંચે તે માટેનો સર્વપોષક અને સર્વ સમાવેશી વિકાસ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ ત્રિસ્તરીય પંચાયતી રાજમાળખું કટિબધ્ધ છે. સર્વાંગી વિકાસને વરેલી પાયાની સરકારો એટલા માટે જ વંચિતો, આર્થિક રીતે નબળાં લોકો, મહિલાઓ, ખેડૂતો અને બાળકોને યોજનાકિય લાભો મળે તે માટે વિશેષ પ્રાધાન્યતા આપી રહ્યા છે. **''હકકદારોના હકક''** યોજનાકિય બુકલેટના પ્રયોગ દવારા આશા છે કે આવા ગરીબ અને વંચિત નાગરિકોને સરકારના વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે ઉપયોગી થશે તેમજ ગ્રામ પંચાયતોને આ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે પ્રેરણાદાયી બની રહેશે. અમે દરેક હિતધારકો ને આ પ્રસંગે શુભેચ્છા આપીએ છીએ.

***"સંગઠન એ જ શક્તિ"***

ભુજ તાલુકા સરપંચ સંગઠન

શ્રી અંજાર તાલુકા ગ્રામ પંચાયત સંગઠન

રાપર તાલુકા સરપંચ સંગઠન

ભચાઉ તાલુકા સામાજીક ન્યાય સમિતી મંચ

લખપત તાલુકા સરપંચ સંગઠન

નખત્રાણા તાલુકા સરપંચ સંગઠન

સેતુ

# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ

















| ક્રમ | યોજનાઓના નામ | પાના નં. |
|---|---|---|
| **૦૧** | **સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ** | **૦૧** |
| ૦૧ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૦૧ |
| ૦૨ | ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વય વંદના) યોજના | ૦૨ |
| ૦૩ | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના | ૦૩ |
| ૦૪ | પાલક માતા-પિતા યોજના | ૦૪ |
| ૦૫ | સંકટ મોચન યોજના | ૦૫ |
| ૦૬ | ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના | ૦૬ |
| ૦૭ | મુખ્યમંત્રી બાળ સહાય અને પાલક માતા પિતા યોજનાનો લાભ મેળવતા હકકદારો માટે લગ્ન સહાય યોજના | ૦૭ |
| ૦૮ | કુંવરબાઈનું મામેરૂ યોજના (એસ.સી.) | ૦૮ |
| ૦૯ | કુંવરબાઈનું મામેરૂ યોજના (ઓ.બી.સી.) | ૦૯ |
| ૧૦ | સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય | ૧૦ |
| ૧૧ | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત જરૂરીયાતમંદોને રાહતદરે અનાજ મેળવવા માટે | ૧૧ |
| ૧૨ | અટલ પેન્શન યોજના | ૧૨ |
| ૧૩ | પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (અકસ્માત વીમો) | ૧૩ |
| ૧૪ | પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના (જીવન વીમો) | ૧૪ |
| ૧૫ | ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય | ૧૫ |
| **૦૨** | **દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ** | **૧૬** |
| ૦૧ | દિવ્યાંગ કાર્ડ મેળવવાની પ્રક્રિયા | ૧૬ |
| ૦૨ | દિવ્યાંગ વ્યકિતને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના | ૧૭ |
| ૦૩ | દિવ્યાંગોને કુત્રિમ અવયવો તથા સાધન સહાય યોજના | ૨૦ |
| ૦૪ | સંત સુરદાસ પેન્સન યોજના | ૨૪ |
| ૦૫ | મનોદિવ્યાંગ વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજના | ૨૫ |
| ૦૬ | દિવ્યાંગ લગ્ન સહાય યોજના | ૨૬ |
| ૦૭ | નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના | ૨૮ |
| ૦૮ | દિવ્યાંગોને ઈલેકટ્રીક સ્કુટર સહાય યોજના | ૨૯ |
| **૦૩** | **મહિલા અને બાળ વિકાસ અંગેની યોજનાઓ** | **૩૦** |
| ૦૧ | વ્હાલી દીકરી યોજના | ૩૦ |
| ૦૨ | સુકન્યા સમૃદ્ધિ યોજના | ૩૧ |

| ક્રમ | યોજનાઓના નામ | પાના નં. |
|---|---|---|
| ૦૩ | સ્કીમ ફોર એડોલેશન્ટ (કિશોરી) યોજના | ૩૨ |
| ૦૪ | ઉજજવલા ગેસ યોજના | ૩૩ |
| ૦૫ | નેશનલ ન્યુટ્રીશીયન મિશન (રાષ્ટ્રીય પોષણ અભિયાન) કાર્યક્રમ | ૩૪ |
| ૦૬ | જનની સુરક્ષા યોજના | ૩૫ |
| ૦૭ | ચિરંજીવી યોજના | ૩૬ |
| ૦૮ | પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના | ૩૭ |
| ૦૯ | કસ્તુરબા પોષણ સહાય યોજના | ૩૮ |
| ૧૦ | બાલસખા યોજના | ૩૯ |
| ૧૧ | અટલ સ્નેહ યોજના | ૪૦ |
| ૧૨ | ‘સખી’ વન સ્ટોપ સેન્ટર | ૪૧ |
| ૧૩ | નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો | ૪૨ |
| ૧૪ | પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન | ૪૩ |
| **૦૪** | **શિક્ષણ અંગેની યોજનાઓ** | **૪૪** |
| ૦૧ | શાળા યુનિફોર્મની યોજના | ૪૪ |
| ૦૨ | સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટેશન યોજના | ૪૫ |
| ૦૩ | નબળા અને વંચિત જૂથના બાળકો માટે ખાનગી શાળામાં વિનામુલ્યે ધો.૧માં પ્રવેશ યોજના | ૪૬ |
| ૦૪ | સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના | ૪૭ |
| ૦૫ | વિદ્યાદીપ વીમા યોજના | ૪૮ |
| ૦૬ | ભોજન બિલ સહાય યોજના | ૪૯ |
| ૦૭ | ધો.૧૧ અને ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને ટયુશન ફી માટે શિષ્યવૃતિ | ૫૦ |
| ૦૮ | સમરસ છાત્રાલય યોજના | ૫૧ |
| ૦૯ | એ.સી.ના વિદ્યાર્થીઓને આઇ.ટી.આઇ. તથા વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ | ૫૨ |
| ૧૦ | ડો. આંબેડકર વિદેશ લોન સહાય | ૫૩ |
| ૧૧ | નમો લક્ષ્મી યોજના | ૫૫ |
| **૦૫** | **જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ** | **૫૬** |
| ૦૧ | ‘આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય’ યોજના | ૫૬ |
| ૦૨ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના | ૫૭ |
| ૦૩ | ટીબી રોગ સહાય યોજના | ૫૮ |

| ક્રમ | યોજનાઓના નામ | પાના નં. |
|---|---|---|
| ૦૪ | દીકરી યોજના | ૫૯ |
| ૦૫ | મુખ્યમંત્રી રાહત ફંડ (કીડની હદય, કેન્સર જેવા રોગો માટે) | ૬૦ |
| ૦૬ | શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ | ૬૨ |
| ૦૭ | કુપોષણ મુકત ગુજરાત અભિયાન | ૬૩ |
| **૦૬** | **આવાસ યોજનાઓ** | **૬૪** |
| ૦૧ | પ્રધાનમંત્રી આવાસ યોજના | ૬૪ |
| ૦૨ | ડૉ. આંબેડકર આવાસ યોજના | ૬૫ |
| ૦૩ | પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૬૬ |
| **૦૭** | **ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ** | **૬૭** |
| ૦૧ | માનવ કલ્યાણ યોજના | ૬૭ |
| ૦૨ | પ્રધાનમંત્રી મુદ્રા યોજના | ૭૦ |
| ૦૩ | દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના | ૭૧ |
| ૦૪ | પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના | ૭૨ |
| ૦૫ | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) | ૭૩ |
| ૦૬ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | ૭૪ |
| ૦૭ | ઇ નિર્માણ કાર્ડ યોજના | ૭૫ |
| **૦૮** | **કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ** | **૭૬** |
| ૦૧ | પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના | ૭૬ |
| ૦૨ | કિશાન ક્રેડીટ કાર્ડ | ૭૭ |
| ૦૩ | સોલાર ઝટકા મશીન સહાય યોજના | ૭૮ |
| ૦૪ | બાગાયતી પાક માટે સહાય | ૭૯ |
| ૦૫ | મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના | ૮૧ |
| ૦૬ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના હેઠળ વિદ્યુત સંચાલિત ચાફ કટર માટે સહાય | ૮૨ |
| ૦૭ | ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ યોજના | ૮૩ |
| ૦૮ | પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના | ૮૪ |
| ૦૯ | તાર ફેન્સીંગ યોજના | ૮૫ |
| ૧૦ | પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાય સહાય યોજના | ૮૬ |

| ક્રમ | યોજનાઓના નામ | પાના નં. |
|---|---|---|
| ૧૧ | કેટલ શેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય | ૮૭ |
| ૧૨ | બકરા એકમની સ્થાપના માટે સહાય | ૮૮ |
| ૧૩ | મહા રોગચાળા સમયે પશુ, મરઘા, બતકાના મૃત્યુ સામે વળતર ચુકવવાની યોજના | ૮૯ |
| ૧૪ | સર્વાંગી ગૌશાળા વિકાસ યોજના | ૯૦ |
| ૧૫ | 'I Khedut Portal' પોર્ટલ ઉપર અરજી કરવાના ૧૭ પગલાં | ૯૧ |
| **૦૯** | **રાશનકાર્ડ અને પ્રમાણપત્રો** | **૯૨** |
| ૧ | રેશનકાર્ડ વિભાજન કે અલગ કરવા માટે જરૂરી પુરાવા | ૯૨ |
| ૨ | રેશનકાર્ડમાં નામ ઉમેરવા માટે જરૂરી પુરાવા | ૯૩ |
| ૩ | રેશનકાર્ડમાં નામ કમી કરવા માટે જરૂરી પુરાવા | ૯૪ |
| ૪ | ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે જરૂરી પુરાવા | ૯૫ |
| ૦૫ | જન્મ પ્રમાણપત્ર | ૯૬ |
| ૦૬ | લગ્ન નોંધણી અને મૃત્યુ પ્રમાણપત્ર | ૯૭ |
| ૦૭ | અન્ય વિવિધ પ્રમાણપત્રો (બેન્કનું ખાતુ, આધાર કાર્ડ અને સરકારી યોજના માટે) | ૯૮ |
| ૦૮ | આવકના દાખલા માટે | ૯૯ |
| ૦૯ | ડ્રાઈવીંગ લાઈસન્સ માટેની પ્રક્રિયા | ૧૦૦ |
| ૧૦ | મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે | ૧૦૧ |
| ૧૧ | મતદારયાદીમાં સંપૂર્ણ સરનામું સુધારવા માટે | ૧૦૨ |
| ૧૨ | બિન અનામત જાતિ અને આર્થિક રીતે નબળા હોવા અંગેનું પ્રમાણપત્ર | ૧૦૩ |
| ૧૩ | બક્ષીપંચનો દાખલો મેળવવા માટે | ૧૦૪ |
| ૧૪ | આર્થીક રીતે પછાત (E.W.S.) હોવાનું પ્રમાણપત્ર | ૧૦૫ |
| **૧૦** | **માછીમારીને લગતી યોજનાઓ** | **૧૦૬** |
| ૧-૪ | ૧-પેટ્રોલીંગ બોટ ૨ - ઈલેક્ટ્રીક સાધનો ૩ - બોટ જાળ ૪ - બોટ માટે ડિઝલની ખરીદી | ૧૦૬ |
| **૧૧** | **સોલાર સિસ્ટમ અંગેની યોજના** | **૧૦૭** |
| ૦૧ | સોલાર રૂફટોપ યોજના ૨૦૨૪ | ૧૦૭ |
| | હેલ્પલાઈન નંબર | ૧૦૮ |
| | ભારત સરકાર /ગુજરાત સરકારની ઉપયોગી વેબસાઈટની લિન્ક | ૧૦૮ |
| | | |
| | | |

## ૦૧ સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ

### ૦૧ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

**લાભ કોને મળે**

- ૧૮ વર્ષની ઉપરની વયની ગંગા સ્વરૂપા (વિધવા) મહિલાને.
- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર અને રૂા. ૧,૫૦,૦૦૦/- શહેરી વિસ્તાર માટે.

**કેટલો લાભ મળે :**

- ગંગા સ્વરૂપા મહિલાને માસિક રૂા. ૧૨૫૦/-

**લાભ ક્યાથી મળે :**

- ગ્રામ પંચાયત VCE દવારા અરજી કરી શકાશે.
- સબંધિત મામલતદાર કચેરીએ અરજી રજૂ કરવાની રહે.
  (અરજી મંજૂર થયેથી લાભાર્થીના WFA એકાઉન્ટમાં DBT દ્વારા જમા કરવામાં આવે છે.)

**કયા કયા પુરાવા જોઈએ :**

- રેશનકાર્ડની નકલ.
- પતિના મરણનો દાખલો.
- પતિના મરણની નોંધણી કરાવેલ ન હોય તો યોગ્ય રકમના સ્ટેમ્પ પેપર પર નોંધાવેલ સોગંદનામું અથવા અપ્રાપ્ય પ્રમાણપત્ર
- વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર
- બાળકોના આધાર કાર્ડ
- બે પાસપોર્ટ સાઈઝના ફોટા
- આધાર કાર્ડની નકલ
- આવકનો દાખલો
- ઉંમરનો દાખલો (કોઈપણ એક દાખલાની પ્રમાણિત નકલ). શાળા છોડયાનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો, ફકત સિવિલ હોસ્પિટલ અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા નગરપાલિકા સંચાલિત દવાખાના સુપ્રિન્ટેન્ડેન્ટનો ઉંમરનો દાખલો.
- લાભાર્થીએ પુનઃ લગ્ન કર્યા નથી તે અંગેનું પ્રમાણપત્ર ગ્રામ પંચાયત તથા આવકનું પ્રમાણપત્ર ગ્રામ પંચાયત પાસેથી મેળવી શકાશે.
- અરજદારનું વ્યકિતગત બેંક ખાતું



**લાભ કોને મળે :**

- બી.પી.એલ. યાદીમાં નામ સમાવિષ્ટ હોય અને જેમની ઉમર ૬૦ થી ઉપર હોય તેવા લોકો આ યોજનાના હકકદાર છે.

**કેટલો લાભ મળે :**

- માસિક રૂા. ૧૦૦૦/- ૬૦ વર્ષથી ૭૯ વર્ષની ઉંમરની વ્યક્તિઓને
- માસિક રૂા. ૧૨૫૦/- ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓને

**લાભ કયાથી મળે :**

- ગ્રામ પંચાયત VCE દવારા અરજી કરી શકાશે.
- સમાજ સુરક્ષા કચેરી, સંબંધિત વિસ્તારના મામલતદારશ્રીને અરજી કરવી.

**કયા કયા પુરાવા જોઈએ :**

- ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા
- બી.પી.એલ. નો દાખલો (નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ બહાર પાડેલ બી.પી.એલ. યાદી/નગરપાલિકા અથવા મહાનગરપાલિકાનું સુવર્ણજયંતિ કાર્ડ)
- રેશનકાર્ડની નકલ
- આધાર કાર્ડની નકલ
- જન્મનો દાખલો (પંચાયતમાં નોંધણી કરાવેલ હોય તો પંચાયતમાંથી / શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ) /સરકારી ડોકટરની પેનલે આપેલું વયનું સર્ટીફિકેટ (સરકારી દવાખાનામાંથી નિઃશુલ્ક મળવાપાત્ર)
- બેંક ખાતાની પાસબુકની નકલ
- દર વર્ષે હયાતીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.



## ૦૧ સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ

### ૦૩ નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના

**કોને લાભ મળે :**

- જે વ્યકિતની ઉંમર ૬૦ કે તેથી વધુ વર્ષની હોય તેવા નિરાધાર વ્યકિત આ યોજનાના હકકદાર છે.
- ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય.
- પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃધ્ધ પણ અરજી કરી શકશે.
- ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતા હોય.
- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા - ગ્રામીણ વિસ્તાર માટે રૂા. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૫૦,૦૦૦/-

**કેટલો લાભ મળે :**


- રાજય સરકારની વૃધ્ધ પેન્શન સહાય યોજના હેઠળ ૬૦ થી ૭૯ વર્ષની ઉંમર સુધી રૂા. ૧૦૦૦/- અને ૮૦ થી ઉપરની ઉંમરના ને રૂા. ૧૨૫૦/- માસિક સહાય મળે છે. (ડી.બી.ટી. દ્વારા)

**લાભ કયાથી મળે :**

- ગ્રામ પંચાયત VCE દવારા અરજી કરી શકાશે.
- સંબંધિત વિસ્તારના મામલતદારશ્રીને અરજી કરવી

**કયા કયા પુરાવા જોઈએ :**

- ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા
- રેશનકાર્ડની નકલ
- આવકનો દાખલો
- આધાર કાર્ડની નકલ
- ઉંમરનો દાખલો (કોઈ પણ એક દાખલાની નકલ) શાળા છોડયાનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો નગરપાલિકા સંચાલિત દવાખાના સુપ્રિન્ટેન્ડન્ટ અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો ઉંમરનો દાખલો.
- ૨૧ વર્ષનો પુત્ર નથી તે અંગેનું પ્રમાણપત્ર (તલાટી-કમ-મંત્રી)
- ગુજરાત રાજયના વતની હોવાનો દાખલો (તલાટી-કમ-મંત્રી)
- ૧૦ વર્ષની વધુ સમયથી ગુજરાતમાં વસવાટ કરતાં હોય તેના પ્રમાણપત્રની નકલ (તલાટી-કમ-મંત્રી)
- બેંક પાસબુકની નકલ
- દર વર્ષે હયાતીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.



**પાત્રતાનું ધોરણ :**

- આ યોજના અંતર્ગત ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી તેવાં બાળકોને લાભ મળવા પાત્ર થશે. જે બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને માતાએ પુનઃલગ્ન કર્યા બાબતના લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

- ૦ થી ૧૮ વર્ષની ઉમરના બાળકોના માતા-પિતા પૈકી માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બાળક તેનાં પિતા સાથે ન રહેતુ હોય અને સગા સંબંધી પાસે રહેતું હોય તો તેવા બાળકોને પણ ૫ વર્ષ સુધી આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.

**સહાયનું ધોરણ :**

બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂા. ૩૦૦૦/- સહાય પેટે DBT થી ચુકવામાં આવે છે.

**રજુ કરવાના ડોકયુમેન્ટ :**

- બાળકનો જન્મનો દાખલો/શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક
- બાળકના માતા-પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ બિડવાનું રહશે.
- જે કિસ્સામાં બાળકના પિતા મરણ પામેલા હોય અને માતાએ પુનઃ લગ્ન કરેલ હોય તે કિસ્સામાં માતાનું પુનઃલગ્ન કરેલ તે અંગેનું સોગંદનામું/લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/તલાટી કમ મંત્રીનો દાખલો પૈકી કોઇ પણ એક.
- પુનઃલગ્ન કરેલાનો પુરાવો
- આવકના દાખલાની નકલ (ગ્રામીણ વિસ્તાર માટે ૨૭,૦૦૦ થી વધુ અને શહેરી વિસ્તાર માટે ૩૬,૦૦૦ થી વધુની આવક હોવી જરૂરી છે.)
- બાળક અને પાલક માતાપિતાના સયુંકત બેંક ખાતાની પ્રમાણિત નકલ
- બાળકના આધારકાર્ડની નકલ
- પાલક માતા-પિતાના રેશનકાર્ડ પ્રમાણિત નકલ
- બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેનું પ્રમાણપત્રની નકલ
- પાલક પિતા/માતાના આધારકાર્ડની નકલ પૈકી કોઇ પણ એક

**ફોર્મ કયાં મળશે અને અરજી કયાં કરવી ?**

આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરવો.



## ૦૧ સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ

### ૦૫ સંકટ મોચન યોજના

**કોને લાભ મળે :**

- બી.પી.એલ. (૦ થી ૨૦ સ્કોર) પરિવારના મુખ્ય કમાનાર સભ્યનું તા. ૧૫-૦૮-૧૯૯૫ પછી કુદરતી રીતે કે અકસ્માતથી અવસાન થયેલું હોય.
- અકસ્માતથી થયેલ અવસાન પછીના બે વર્ષની અંદર અરજી થયેલી હોવી જોઇએ.
- અરજી નામંજુર થઇ હોય તેવા સંજોગોમાં નામંજુરીના હુકમની તારીખથી ૬૦ દિવસની સમય મર્યાદામાં સંબંધિત પ્રાંત અધિકારીશ્રીને (અપીલ સતા અધિકારી) ફરી અરજી કરી શકાય.

**કેટલો લાભ મળે**

- રૂા. ૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. (ઉચ્ચક સહાય ૧ (એક) જ વાર)

**લાભ કયાથી મળે**

- ગ્રામ પંચાયત VCE દવારા અરજી કરી શકાશે.
- સંબંધિત વિસ્તારની મામલતદાર કચેરી.

**કયા કયા પુરાવા જોઇએ**

- અરજદારની ઉંમરનો પુરાવો
- પતિના મરણનો દાખલો
- મરણ પામનાર વ્યકિતની ઉંમરનો દાખલો
- રેશનકાર્ડની નકલ
- બી.પી.એલ. નો દાખલો
- મામલતદાર સમક્ષ સોગંદનામું
- વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર (સ્ત્રી અરજદાર હોય તો)
- બેંક પાસબુકની નકલ
- આધારકાર્ડ ની નકલ



**લાભ કોને મળે**

લગ્ન કરવા ઈચ્છુક ગંગા સ્વરૂપા બહેનોને જેઓની વર્તમાનમાં ગંગા સ્વરૂપા પેન્શન યોજના ચાલુ હોય

**કેટલો લાભ મળે ?**

કુલ રૂા. ૫૦,૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવશે જેમાંથી રૂા. ૨૫,૦૦૦ હકકદાર મહિલાના બચત ખાતામાં ડીબીટી મારફતે જમા થશે. અને બાકીની રકમ રૂા. ૨૫૦૦૦ રાષ્ટ્રીય બચતપત્રો (એનસીયુ) સ્વરૂપે મહિલાને આપવામાં આવશે.

**ક્યાંથી લાભ મળશે :-** મહિલા અને બાળ અધિકારીની કચેરી, દહેજ પ્રતિબંધક અધિકારી

**કયા કયા પુરાવાઓ જોઈએ :-**

(૧) ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંગેનો મંજુરી આદેશ

(૨) પુનઃ લગ્ન ની નોંધણી અંગેનું પ્રમાણપત્ર જે વ્યકિત સાથે પુનઃ લગ્ન થયેલ છે તેના સરનામા અંગેનો પુરાવો

(૩) પુન : પરત્વે પતિના સંયુકત પાસપોર્ટ સાઈઝના ફોટો

(૪) હકકદાર જે બચત ખાતામાં સહાય લેવા માંગતા હોય તે ખાતાની પ્રથમ પાનાની સ્વપ્રમાણિત નકલ.



મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ જે બાળકના માતા કે પિતા પૈકી કોઈપણ એકનું અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં બાળક દીઠ દર મહિને રૂા. ૨૦૦૦/- ની સહાય બાળકની ૧૮ વર્ષની ઉંમર સુધી આપવામાં આવે છે. જેમાં નિયમોનુસારના ધારા ધોરણો પૂર્ણ થયા બાદ લાભાર્થીના પરિવારને સહાય આપવામાં આવે છે.

**કન્યાના લગ્ન સમયે ર લાખ ની સહાય લાભાર્થીની પાત્રતા.**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પાલક માતા લાભાર્થી દીકરી લગ્ન સહાય યોજનાના લાભ માટે નીચે મુજબની લાભાર્થીની પાત્રતા નકકી કરવામાં આવી છે.

- લાભાર્થી દીકરી પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવાનો લાભ મેળવતા હોવા જોઈએ.
- પાલક માતા-પિતા યોજના અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થી પૈકી તા. ૦૧.૦૪.૨૦૨૩ કે ત્યારબાદ લગ્ન કરનાર કન્યાને જ આ યોજનાનો લાભ મળશે.

**કન્યાના લગ્ન સમયે ર લાખ ની સહાય માટેના ડોકયુમેન્ટ.**

પાલક માતા-પિતા દીકરી મેરેજ સહાય યોજના હેઠળ કન્યાના લગ્ન સમયે ર લાખની સહાયની મેળવવા માટે નીચે મુજબના ડોકયુમેન્ટ નકકી કરવામાં આવ્યા છે.

- કન્યાના જન્મ તારીખનો પુરાવો (જન્મ પ્રમાણપત્ર, સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ (સી) પૈકી કોઈપણ એક)
- કન્યાનું આધાર કાર્ડ
- કન્યા જેની સાથે લગ્ન કરવાની છે તે યુવકના જન્મ તારીખનો પુરાવો.
- લગ્ન નોંધણી પ્રમાણપત્ર.
- કન્યાના બેંક ખાતાની વિગત (રદ કરેલ ચેક અથવા બેંક ખાતા નંબરવાળી પ્રથમ પાનાની નકલ)
- રહેઠાણનો પુરાવો.

**કન્યાના લગ્ન સમયે ર લાખની સહાય અરજી કયા કરવી.**

મેરેજ સહાય ર લાખ યોજના ગુજરાત તા. ૧.૪.૨૦૨૩ થી મુકવામાં આવી છે. જેથી હાલ આ યોજન હેઠળ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા હાલ શરૂ થયેલ નથી. પરંતુ હકદાર લાભાર્થીને સમયમર્યાદામાં અરજી કરવાની હોય પોતાના જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ District Protection Unit (D.C.P.C.) ખાતે ઓફલાઈન અરજી કરી શકાશે. મળેલ અરજી તથા સબંધિત ડોકયુમેન્ટની ચકાસણી કરીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી નિયમોનુસાર અરજી મંજુર કરશે.



**કોને લાભ મળે :**

⊙ અનુસૂચિત જાતિની કન્યાના લગ્ન પ્રસંગે

⊙ જેમાં વધુમાં વધુ ૨ (બે) કન્યાને લાભ મળી શકે.

⊙ આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા રૂા. ૬,૦૦,૦૦૦/- છે.

**લાભ ક્યાંથી મળે :**

⊙ નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની (શેહરી વિસ્તાર માટે).

⊙ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (ગ્રામ્ય વિસ્તાર માટે).

⊙ સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકા) માં સહાય માટે અરજી કરી શકે છે.

**કેટલો લાભ મળે :**

⊙ આ યોજનામાં રૂા.૧૨,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.
૧.૪.૨૦૨૧ પછી લગ્ન કરનારને રૂા.૧૨૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

**કયા કયા પુરાવા જોઈએ :**

⊙ કન્યાના પિતાનો આવકનો દાખલો

⊙ કન્યાનો જાતિનો દાખલો

⊙ બન્નેના આધાર કાર્ડ (પતિ-પત્ની)

⊙ બન્નેના સ્કૂલ લિવીંગ સર્ટીફિકેટ/ઉંમર પુરાવા

⊙ બેંક પાસબુકની નકલ - કન્યાની

⊙ લગ્ન નોંધણી પ્રમાણપત્ર

⊙ સ્વઘોષણા પત્રક

⊙ કન્યાનાં પાસપોર્ટ સાઇઝનો ફોટો

⊙ કન્યાના પિતાનું આધાર કાર્ડ



## ૦૧ સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ

### ૦૯ કુંવરબાઈનું મામેરૂ યોજના (ઓ.બી.સી.)

**કુંવરબાઇનું મામેરૂ યોજના માટે જરૂરી પુરાવા**

⊙ પુખ્તવયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ (તા.૧.૪.૨૦૨૧ પછી લગ્ન કરનાર કન્યાને) સુધારેલા દર મુજબ રૂા.૧૨૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે.

**પાત્રતાના માપદંડ**

⊙ આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તાર માટે રૂા. ૬,૦૦,૦૦૦/- છે.

⊙ આ યોજનાનો લાભ કુટુંબની પુખ્તવયની બે કન્યા સુધીના લગ્નપ્રસંગે આપવામાં આવે છે.

**સહાય નું ધોરણ**

⊙ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટે કન્યાના નામે રૂા. ૧૨,૦૦૦/- ની સહાય એકથી ચૂકવવામાં આવે છે.

⊙ લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.

**રજુ કરવાના ડોકયુમેંટ**

⊙ કન્યા અને યુવકનું આધારકાર્ડ

⊙ કન્યાના પિતા/વાલીનું આધારકાર્ડ

⊙ સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો

⊙ સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો

⊙ અરજદારની રહેઠાણનો પુરાવો (વીજળી બીલ, લાઇસન્સ, ભાડાકરાર, ચુંટણી કાર્ડની નકલ)

⊙ કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો

⊙ કન્યાના જન્મ તારીખ નો પુરાવો

⊙ યુવકની જન્મ તારીખનો પુરાવો

⊙ લગ્ન કંકોત્રી

⊙ લગ્ન નોંધણી પ્રમાણપત્ર

⊙ બેંક પાસબુક / રદ કરેલ ચેક (યુવતીના નામનું)

⊙ કન્યાનો ફોટો

⊙ સ્વ-ઘોષણાપત્ર

⊙ જો પિતા હયાત ન હોય તો મરણનો દાખલો (મરજીયાત)



**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

⊙ આ સેવાનો લાભ હવે ઓનલાઇન સમાજ કલ્યાણ વિભાગની વેબસાઇટ પરથી મેળવી શકો છો.

⊙ ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ ફોર્મની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે મામલતદાર કચેરી / તાલુકા વિકાસ અધિકારી કચેરી / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યા) જઇ તપાસ કરાવવાના રહેશે.

**કોને લાભ મળે :**

⊙ અનુસૂચિત જાતિના અરજદારોને સ્વજનના મરણ સમયે કફન કાઠી સહાય પેટે આ યોજનાનો લાભ મેળવી શકાય છે.

⊙ આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા રૂા. ૬,૦૦,૦૦૦/- છે. તેમજ આ યોજના અંતર્ગત લાભાર્થી છ માસની અંદર અરજી કરવાની રહેશે.

**લાભ ક્યાંથી મળે :**

⊙ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી (શહેરી વિસ્તાર માટે)

⊙ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે)

⊙ સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

**કેટલો લાભ મળે :**

⊙ સીધા વારસદારને રૂા. ૫૦૦૦/- ઇ-પેમેન્ટ સ્વરૂપે સહાય ચૂકવવામાં આવે છે.

**કયા કયા પુરાવાઓ જોઇએ :**

⊙ જાતિનો દાખલો

⊙ આવકનો દાખલો

⊙ બેંક પાસબુકની નકલ

⊙ રેશનકાર્ડ

⊙ મરણનો દાખલો

⊙ આધારકાર્ડ



**NFSA - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ અંતર્ગત જરૂરીયાત APL - ૧ અને BPL - રેશનકાર્ડ ધારક) પરિવારોને દર મહિને રાહતદરે અનાજ મેળવવા દાવા અરજીની માહિતી.**

---

ભારત સરકાર દ્વારા ૨૦૧૩ માં **NFSA** - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત BPL રેશનકાર્ડ ધારક સિવાયના જરૂરીયાત મંદ **BPL** અને **APL**-૧ રેશનકાર્ડ ધારક પરિવારોને સરકારશ્રી તરફ થી સસ્તા અનાજની દુકાન મારફતે દર મહિને વ્યકિત દીઠ અમુક ચોકકસ માત્રામાં રાહતદરે અનાજ આપવામાં આવે છે. જેનો લાભ લેવા માટે અરજદારે દાવા-અરજી કરવાની હોય છે.

**દાવા અરજી સાથે જરૂરી પુરાવા**

- રેશનકાર્ડ
- લાઇટબીલ/વેરાબીલ/ગેસબીલ
- માલિકીનું મકાન ન હોય તો - ભાડા કરાર (જો ભાડે રહેતા હોય તો)
- જો મકાન સરકાર દ્વારા ફાળવવામાં આવ્યું હોય તો, **એલોટમેન્ટ લેટર**
- આધારકાર્ડ (કુટુંબના દરેક સભ્યોની)
- ગેસબુક
- કુટુંબના મુખ્ય સભ્યની બેંક પાસબુક (કુટુંબ ની મુખ્ય સભ્ય તરીકે ઘરની મહીલાને રાખવી જેથી ભવિષ્યમાં વધુ સરકારી યોજનાઓનો લાભ મળી શકે)

**દાવા અરજી માટે ફોર્મ કયા મળશે અને આવેદન કયા કરવું ?**


- તમારી સ્થાનિક સસ્તા અનાજ ની દુકાન, ઝોન કચેરી, મામલતદાર કચેરી, તાલુકા કચેરી
- (જે-તે ઝોન કે જીલ્લા માં જેમને સતા આપેલી હોય ત્યા)

**અરજીની પ્રક્રિયા**

દરેક પુરાવાઓની ઝેરોક્ષ કરાવવી.

જે-તે કચેરીએ ફોર્મ જમા કરાવી ત્યાંથી અધિકૃત પેનલ દ્વારા સર્વે કરવામાં આવશે. અને સર્વેને આધારે આ યોજના માટે લાયક છો કે નહિ તે નકકી કરી આપને દર મહીને મળવાપાત્ર થઇ જશે. (જે-તે અધિકારીના નિર્ણય પર સર્વે કરવામાં આવે છે.)

નોધ : જો રેશનકાર્ડમાં નામ ઉમેરવું કે કમી કરવાનું બાકી હોય તો તાકીદે કરાવવું પછી અરજી કરવી હિતાવહ રહેશે.



**લાભ કોને મળે :**

- ૧૮ થી ૪૦ વર્ષના બધા જ ભારતીય નાગરિકોને લાભ મળે.
- બચત ખાતું હોવું જરૂરી.

**કેટલો લાભ મળે :**

- લાભાર્થીને નિયમ કરેલ એટલે કે તેમણે પસંદ કરેલ પેન્શન પ્લાન પ્રમાણે ૬૦ વર્ષની ઉંમર બાદ રૂા. ૧૦૦૦, રૂા. ૨૦૦૦, રૂા. ૩૦૦૦, રૂા. ૪૦૦૦ અથવા રૂા. ૫૦૦૦ જે પસંદ કરેલ હોય તે રકમ દર માસે આજીવન મળે.
- લાભાર્થીના મૃત્યુ બાદ તેમના જીવનસાથીને તેટલી જ રકમનું પેન્શન દર માસે આજીવન મળશે.
- બન્નેના અવસાન બાદ તેમાં જમા રહેલ રકમ વ્યાજ સહિત બધી રકમ તેમના વારસદારને મળી જશે.
- કુટુંબને વધારે લાભ થાય તે માટે પતિ-પત્ની બન્ને અલગ-અલગ પેન્શન પ્લાન લઇ શકે છે.

**શરતો :**

- લાભાર્થીએ દર મહિને નક્કી કરેલ યોગદાન અવશ્ય આપવું પડે. ટૂંકમાં દર માસે નિયમિત રીતે નિયમ કરેલ રકમ ભરવી પડે. આ માટે સ્ટેન્ડીંગ ઇન્સ્ટ્રકશન દ્વારા લાભાર્થીના બચત ખાતામાંથી ઓટોમેટીક રકમ કપાવી શકાય છે જે સરળ રહે છે.
- આ યોજના હેઠળ ફકત એક વ્યક્તિનું એક જ ખાતું ખુલી શકે.
- ૬૦ વર્ષ પહેલા જો લાભાર્થીનું અવસાન થાય તો આ ખાતું બંધ કરી શકાય છે. અથવા તેમના જીવન સાથી ખાતું ચાલુ રાખી શકાય છે.

**લાભ કયાંથી મળે :**

- જાહેર ક્ષેત્રની બેંક તેમજ પોસ્ટ ઓફિસમાં રજિસ્ટ્રેશન થઇ શકે છે.

**કયા કયા પુરાવા જોઇએ :**

- બચત ખાતાની પાસબુક
- રજિસ્ટ્રેશન ફોર્મ

| ૦૧ | સામાજીક સુરક્ષા અંગેની યોજનાઓ |
|---|---|
| ૧૩ | પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના (અકસ્માત વિમો) |

**કોને લાભ મળે**

- દરેક બચત ખાતા ધારકો જેમની ઉંમર ૧૮ વર્ષ થી ૭૦ વર્ષ સુધીની હોય તે વ્યકિત આ યોજનામાં જોડાઇ શકે છે.
- વાર્ષિક પ્રીમિયમ રૂા. ૨૦ (રૂપિયા વીસ) ઓટો ડેબીટ સીસ્ટમથી પ્રીમિયમની ભરપાઇ થાય.

**લાભ કયાંથી મળે**

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, સરકારી બેંકો તેમજ ગ્રામીણ બેંકોમાંથી મળે.

**કેટલો લાભ મળે**

- અકસ્માતે મૃત્યુના સંજોગોમાં વારસદારને રૂા. ૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ) નું વળતર મળે.
- શરીરના અગત્યના અંગો પૈકી કોઇ એક અંગને કાયમી ધોરણે નુકશાન થાય તો ૫૦ ટકા રકમ એટલે કે રૂા. ૧.૦૦ લાખ (એક લાખ) નું વળતર મળે. એટલે કે અકસ્માતના કારણે એક હાથ અથવા એક પગ અથવા એક આંખ કાયમી જતી રહે તેવા કેસમાં રૂપિયા એક લાખનું વળતર મળે.

**શરતો**

- આ યોજનામાં ઓટો ડેબીટ સીસ્ટમ હોવાથી ડેબીટના સમયે ખાતામાં બેલેન્સ હોવું જરૂરી છે. (સામાન્ય રીતે મે માસના છેલ્લા વીકમાં ઓટો ડેબીટ થાય છે.)
- આ યોજનાની મુદત ૧ જૂન થી ૩૧ મે.

**કયા કયા પુરાવા જોઇએ**

- ફકત બેંક ખાતાની (બચત ખાતાની) પાસ બુક

**કલેઇમ કરવા માટે શું જોઇએ ?**

- આકસ્મિક મોતની સામે જ રક્ષણ મળતું હોવાથી પોલીસ એફ.આઇ.આર (F.I.R) ની નકલ.
- પંચનામા ની નકલ.
- પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ.
- મરણનોંધનો દાખલો.
- વારસદારનું ફોટો ઓળખકાર્ડ તેમજ રહેઠાણનો પુરાવો.
- આંશિક નુકશાન અર્થાત એક પગ, એક હાથ અથવા એક આંખનું સંપૂર્ણ નુકશાનના કેસમાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જરૂરી છે.



**કોને લાભ મળે**

- દરેક બચત ખાતું ધરાવનારાઓને કે જેમની ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોય.
- વાર્ષિક પ્રીમિયમ રૂા. ૪૩૬/- વાર્ષિક પ્રિમિયમ ઓટો ડેબીટ સુવિધા દ્વારા
- એક વખત એન્ટ્રી થઇ જાય પછી ૫૫ વર્ષ સુધી રીન્યુ થઇ શકે છે.

**કેટલો લાભ મળે**

- આકસ્મિક અથવા કુદરતી મોતના સંજોગોના વારસદારને રૂા. ૨.૦૦ (રૂપિયા બે લાખ) વિમો રકમ મળે.

**લાભ કયાંથી મળે**

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, ગ્રામીણ બેંક અને સહકારી બેંક

**શરતો :**

- આ યોજનામાં એક જ વખત ફોર્મ ભરી ઓટો ડેબીટ સીસ્ટમ હોવાથી ઓટો ડેબીટ સમયે
- (સામાન્ય રીતે મે માસના છેલ્લા વીકમા) બચત ખાતામાં પુરતું બેલેન્સ હોવું જરૂરી છે.
- આ યોજનાની મુદત ૧ જૂન થી ૩૧ મે

**કયા કયા પુરાવા જોઇએ**

- બેંકની બચત ખાતાની પાસબુક

**કલેઇમ માટે જરૂરી પુરાવા**

- મરણનોંધનું પ્રમાણપત્ર, વારસદારનું ફોટો ઓળખકાર્ડ અને રહેઠાણનો પુરાવો.

# ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

**યોજનાનો હેતુ**

હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યકિત અને હિન્દુ ધર્મની અનુસુચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યકિતઓ વચ્ચેના લગ્ન દ્વારા અસ્પૃશ્યતા દુર કરી સામાજીક સમાનતા લાવવાના ભાગરૂપે ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મુકેલ છે. જેમા રૂા. ૧,૦૦,૦૦૦/- પતિ-પત્નીના સંયુકત નામે નાની બચતના પ્રમાણપત્રો અને રૂા. ૧,૫૦,૦૦૦/- ઘરવખરી ખરીદવા સહાય આપવામાં આવે છે. કુલ ૨,૫૦,૦૦૦/- મળે છે.

**નિયમો અને શરતો**

આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઇ એક વ્યકિત ગુજરાતના મુળ વતની હોવા જોઇએ.
આવા લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ બે વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે.
આંતરજ્ઞાતિય લગ્ન કરનાર પર પ્રાંતની વ્યકિતના મા-બાપ ગુજરાત રાજયમાં વસવાટ કરતા હોવા જોઇએ.
અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તેણે જે તે પ્રાંત કે રાજયમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિન્દુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. અને લગ્ન કર્યા પછી આ વ્યકિતએ ગુજરાતમાં વસવાટ કરવાનો રહેશે.
૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે જે ને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુનઃલગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મેળવવાપાત્ર થશે.
કોઇ આવક મર્યાદા નથી.

**રજુ કરવાના પુરાવાઓ**

અરજદારે છૂટાછેડા કયારે લીધા તે અંગેના દસ્તાવેજ (લગ્ન સમયે અરજદાર પરણિત હોય તો)
મરણનો દાખલો (લગ્ન સમયે અરજદાર વિધુર/વિધવા હોય તો)
યુવક/યુવતીએ છૂટાછેડા કયારે લીધા તે અંગેના દસ્તાવેજ (લગ્ન સમયે યુવક/યુવતી પરણિત હોય તો)
મરણનો દાખલો (લગ્ન સમયે યુવક/યુવતી વિધુર/વિધવા હોય તો)
અરજદારનું આધારકાર્ડ
અરજદારની જાતિનું પ્રમાણપત્ર
અરજદારનો શાળા છોડયાનો દાખલો
યુવક/યુવતીનો શાળા છોડયાનો દાખલો
રહેઠાણનો પુરાવો (વીજળીબીલ/લાઇસન્સ/ભાડાકરાર/ચુંટણીકાર્ડ/રેશનકાર્ડ પૈકી કોઇપણ એક)
લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ ચેક (અરજદારના નામનું)

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

આ સેવાનો લાભ હવે ઓનલાઇન સમાજ કલ્યાણ વિભાગની વેબસાઇટ પરથી મેળવી શકો છો.
ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ ફોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે જીલ્લા અનુસુચિતજાતિ કલ્યાણ પ્રભાગ અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યા) જઇ તપાસ કરાવવાના રહેશે.

**યુડીઆઇડી કાર્ડ માટે કેવી રીતે અરજી કરવાની ?**

www.swavlambancard.gov.in નામની વેબ સાઇટ પર જઇને આપની વિગતો ભરી જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરીને યુડીઆઇડી કાર્ડ મેળવી શકાશે.

**યુડીઆઇડી કાર્ડ માટે જીલ્લા કક્ષાએ કોનો સંપર્ક કરવો ?**

યુડીઆઇડી કાર્ડ માટે જીલ્લા કક્ષાએ સિવિલ હોસ્પિટલ ના મુખ્ય તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી તથા મેડીકલ કોલેજોમાં તબીબી અધિક્ષકશ્રીઓની કચેરીનો સંપર્ક કરી શકશો. આ ઉપરાંત જીલ્લા કક્ષાએ ઓનલાઇન અરજી કરવા તથા યુડીઆઇડી કાર્ડને લગતી અન્ય માહિતી માટે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી નો સંપર્ક કરી શકાશે.

**યુડીઆઇડી કાર્ડ કેવી રીતે મળશે ?**

યુનિક ડિસેબીલીટી આઇ ડી કાર્ડ ભારત સરકાર દ્વારા નિયુકત કરેલ પ્રિન્ટ એજન્સી મારફત લાભાર્થીના સરનામા પર પોસ્ટ દ્વારા મળશે.

**યુડીઆઇડી કાર્ડ નો ઉપયોગ શું ?**

રાજય સરકાર બસ પાસમાં યુઆઇડી નંબર મેળવે છે, તથા દિવ્યાંગતા ઓળખકાર્ડ તરીકે રાજય સરકારને દિવ્યાંગને લગતી તમામ યોજનાઓમાં દિવ્યાંગ ઓળખકાર્ડ તરીકે માન્ય ગણાશે.

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૪/૧૨/૨૦૧૯ ના ઠરાવથી તમામ ખાતાને યુડીઆઇડી પ્રોજેકટ પરથી આપવામાં આવતા દિવ્યાંગતા પ્રમાણપત્ર અને યુડીઆઇડી કાર્ડને દિવ્યાંગ લાભાર્થીઓને આપવામાં આવતા લાભો યોજનાઓ અનુસાર માન્ય રાખવા ઠરાવ કરવામાં આવેલ છે.

**કયા કયા પુરાવા જોઇએ**

- આધાર કાર્ડ
- પાસપોર્ટ સાઇઝ ફોટો

## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૨ દિવ્યાંગ વ્યકિતને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના

દિવ્યાંગ ઓળખકાર્ડ અને એસ.ટી. બસમાં મફત મુસાફરીની યોજના (૧૦૦ ટકા રાજ્ય સરકાર)

**પાત્રતાના માપદંડ**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત

**સહાય નું ધોરણ**

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર પરિવહનની તમામ પ્રકારની બસોમાં ગુજરાત રાજયની હદમાં વિનામુલ્યે મુસાફરી કરવાનો લાભ આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ નીચે પત્રકમાં દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧ | અંધત્વ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા ધરાવતી વ્યકિત તથા તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૩ | સાંભળવાની ક્ષતિ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને ટીકીટ ભાડામાં ૫૦ ટકા રાહત |
| ૪ | ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતિ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને ટીકીટ ભાડામાં ૫૦ ટકા રાહત |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૬ | ઓછી દ્રષ્ટિ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત તથા તેના સહાયક ને વિના મૂલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે |
| ૭ | ધ્રુજારી સ્નાયુબધ્ધ કઠોરતા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૮ | બૌધ્ધિક અસમર્થતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૯ | હિમોગ્લોબીનની ઘટેલી માત્રા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત તથા તેના સહાયક ને વિના મૂલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે |
| ૧૦ | રકતપિત-સાજા થયેલા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧૧ | દીર્ઘકાલીન અનેમીયા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૧૩ | હલનચલન સાથેની અશકતતા | (૧) ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને ફકત એસ.ટી. બસ પાસ<br>(૨) ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને પોતાને વિના મુલ્યે મુસાફરીનો લાભ મળશે જયારે તેના સહાયકને વિના મુલ્ય મુસાફરી નો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૪ | સેરેબલપાલ્સી | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિતને પોતાને તેમજ તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૫ | વામનતા | ૪૦ ટકા કે તેથી વધુ પાસ |
| ૧૬ | માનસિક બિમાર | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને ટીકીટ ભાડામાં ૫૦ ટકા રાહત<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યકિત તથા તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યકિત તથા તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિત મફત મુસાફરી અને તેના સહાયકને ટીકીટ ભાડામાં ૫૦ ટકા રાહત<br>૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યકિત તથા તેના સહાયકને વિના મુલ્ય મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૨૧ | મલ્ટીપલ ડિસેબીલીટી | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યકિતને પોતાને તેમજ તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |

| ૦૨ | દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ |
|---|---|
| ૦૨ | દિવ્યાંગ વ્યકિતને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના |

**રજુ કરવાના ડોકયુમેન્ટ**

- રહેઠાણ નો પુરાવો (રેશનકાર્ડ/વીજળીબીલ/ડ્રાઈવીંગ લાઇસન્સ/આધારકાર્ડ/ચુંટણી કાર્ડ પૈકી કોઈપણ એક)ઉમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો (તલાટી/નગર પંચાયત રેકર્ડ ઉપરનો) પૈકી કોઇપણ એક)
- જિલ્લા સિવિલ સર્જનશ્રી/તબીબ અધિક્ષકશ્રી નું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતુ દિવ્યાંગ મેડીકલ પ્રમાણપત્ર
- અરજદારની સહી
- અરજદારનો પાસપોર્ટ ફોટો

**આ યોજનાની અરજી કયાં કરવી.**

આ યોજના હેઠળ www.esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે તેમજ આ યોજનાનો લાભ ડીઝીટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડીઝીટલ સેવા સેતુ અંતર્ગત ‘‘ઇ-ગ્રામ કેન્ડ’’ માત્ર એક જ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ઓનલાઇન આવેલ અરજીઓની ચકાસણી કરી મંજુર કરવાની સતા સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની છે.



દિવ્યાંગ સાધન સહાય યોજના (૧૦૦ ટકા રાજ્ય સરકાર)

**પાત્રતાના માપદંડ**

- દિવ્યાંગ સહાય માટે બીપીએલ અને ઉંમર મર્યાદાનો માપદંડ નીકળી ગયેલ છે.
- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોવા જોઈએ. ૧૬ વર્ષથી નીચેના વ્યકિતને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહી.

**સહાયનું ધોરણ**

| ક્રમ નં. | સાધન નું નામ / કામનો પ્રકાર | ક્રમ નં. | સાધન નું નામ / કામનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | દરજીકામ | ૨૧ | અથાણા બનાવટ |
| ૨ | ધોબીકામ | ૨૨ | પંચર કીટ |
| ૩ | ભરતકામ | ૨૩ | ફલોર મીલ |
| ૪ | સાવરણી સુપડા બનાવનાર | ૨૪ | મસાલા મીલ |
| ૫ | બ્યુટી પાર્લર | ૨૫ | રૂ ની દીવેટ બનાવવી |
| ૬ | પાપડ બનાવટ | ૨૬ | મોબાઈલ રીપેરીંગ |
| ૭ | વિવિધ પ્રકારની ફેરી | ૨૭ | ફોલ્ડીંગ વ્હીલચેર |
| ૮ | માછલી વેચનાર | ૨૮ | હીયરીંગ એઈડ |
| ૯ | પ્લમ્બર | (અ) | પોકેટ રેન્જ |
| ૧૦ | કડીયાકામ | (બ) | કાન પાછળ લગાવવાનું |
| ૧૧ | ઈલેકટ્રીક એપ્લાયંન્સીસ રીપેરીંગ | ૨૯ | ફોલ્ડીંગ સ્ટીક |
| ૧૨ | મોચીકામ | ૩૦ | એલ્યુમીનીયમની કાંખઘોડી |
| ૧૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ | ૩૧ | કેલીપર્સ |
| ૧૪ | દુધ-દહી વેચનાર | (અ) | ઘુંટણ માટેના |
| ૧૫ | ગરમ, ઠંડા, પીણા, અલ્પાહાર | (બ) | પોલીયો કેલીપર્સ |
| ૧૬ | હેર કટીંગ | ૩૨ | બ્રેઈલ કીટ |
| ૧૭ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | ૩૩ | એમ.આર. કીટ (મંદ બુધ્ધિરના બાળકો માટે) |
| ૧૮ | સુથારી કામ | ૩૪ | સંગીતના સાધનો |
| ૧૯ | સેન્ટ્રીંગ કામ | | |
| ૨૦ | કુંભારી કામ | | |



## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૩ દિવ્યાંગોને કુત્રિમ અવયવો તથા સાધન સહાય યોજના

ઉપરોકત સાધન સહાય રૂા. ૨૦,૦૦૦/- ની મર્યાદામાં ચુકવવામાં આવે છે.
આ યોજના હેઠળ નીચે પત્રકમાં દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧ | અંધત્વ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૩ | સાંભળવાની ક્ષતિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૪ | ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૬ | ઓછી દ્રષ્ટિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૭ | ધ્રુજારી સ્નાયુબધ્ધ કઠોરતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૯ | હિમોગ્લોબીનની ઘટેલી માત્રા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૦ | રકતપિત-સાજા થયેલા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૧ | દીર્ઘકાલીન અનેમીયા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૩ | હલનચલન સાથેની અશકતતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૪ | સેરેબલપાલ્સી | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧૫ | વામનતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૬ | માનસિક બિમાર | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ- શરીરની પેશીઓ કઠણ થવાની વિકુતિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |
| ૨૧ | મલ્ટીપલ ડિસેબીલીટી | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા હોય તેવી વ્યકિતને રોજગારલક્ષી અને દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંને પ્રકારના સાધનો આપી શકશે |

**રજુ કરવાના ડોકયુમેન્ટ**

- ⊙ જિલ્લા સિવિલ સર્જનશ્રીનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતુ મેડીકલ પ્રમાણપત્રની ઝેરોક્ષ/દિવ્યાંગતા ઓળખપત્રની નકલ.
- ⊙ ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો, મેડીકલ સર્ટિફિકેટ)
- ⊙ રહેઠાણ નો પુરાવો (રેશનકાર્ડ/વીજળી બીલ / ડ્રાઇવીંગ લાઇસન્સ / આધારકાર્ડ/ચુંટણી કાર્ડ)

**સાધન સહાય યોજના મેળવવાની પાત્રતા**

૧. ૫ થી ૬૦ વર્ષની ઉંમર સુધીની વિકલાંગ વ્યકિત
૨. ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગ ધરાવતી વ્યકિતને
૩. ગુજરાત રાજયનો વતની
૪. વિકલાંગ કાર્ડ ધરાવતા હોય

## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૩ દિવ્યાંગોને કૃત્રિમ અવયવો તથા સાધન સહાય યોજના

**મળવાપાત્ર સહાય**

૧. અપંગ વ્યકિત કૃત્રિમ અવયવ માટે ઘોડી, કેલીપર્સ (બુટ), ત્રણ પૈડાવાળી સાયકલ, બે પૈડાવાળી સાયકલ.
૨. સ્વરોજગારી માટે હાથલારી, સિલાઇ મશીન, મોચીકામના સાધન.
૩. શ્રવણમંદ વ્યકિત માટે હીયરીંગ એઇડ તેમજ અન્ય સાધન સહાય.
૪. દ્રષ્ટિમંદ વ્યકિત માટે સંગીતના સાધનો

(ઉપરોકત આર્થિક સાધન સહાય રૂા. ૨૦,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે.)

**જરૂરી પુરાવાઓ**

૧. ઉમરનો પુરાવો
૨. દિવ્યાંગ ઓળખપત્રની નકલ
૩. દિવ્યાંગતા તબીબી પ્રમાણપત્ર.
૪. સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.
૫. આધારકાર્ડ ની નકલ
૬. બેંક પાસબુકની નકલ

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી નો સંપર્ક કરવો. તેમજ ફોર્મ ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.



## તીવ્ર દિવ્યાંગતા ધરાવતા વ્યકિતઓને આર્થિક સહાય આપવા માટેની યોજના

### પાત્રતા માપદંડ

- કોઇ ઉંમર મર્યાદા નથી.
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યકિત
- સહાયનું ધોરણ
- રૂા. ૧૦૦૦/- માસિક પેન્શન રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે.

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧ | અંધત્વ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૪ | ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતિ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટિ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબધ્ધ કઠોરતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રકતપિત-સાજા થયેલા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન એનીમીયા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૬ | માનસિક બિમાર | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબધિત વિકલાંગતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા | ૮૦ ટકા કે તેથી વધુ |

### રજુ કરવાના ડોકયુમેન્ટ

- રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ/વીજળીબીલ/ડ્રાઇવીગ લાઇસન્સ/આધારકાર્ડ/ચુંટણી કાર્ડ પૈકી
- કોઇ પણ એક) ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો
(તલાટી/નગર પાલિકા રેકર્ડ ઉપરનો) પૈકી કોઇ પણ એક)
- દિવ્યાંગ ઓળખકાર્ડ /સીવીલ સર્જનશ્રીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ ચેક પૈકી કોઇ પણ એક

## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૫ મનોદિવ્યાંગ વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજના

(એ) કોને લાભ મળી શકે ?

૧. ૫૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને

૨. ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યકિતઓને લાભ મળવાપાત્ર છે.

(બી) મળવાપાત્ર સહાય.

આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦/- સહાય મળવાપાત્ર છે.

(સી) અરજી પત્રક કયાથી મળવાપાત્ર છે ?

આ યોજના હેઠળ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજુ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની છે.

(ડી) અરજી સાથે સામેલ કરવાના પુરાવા (બિડાણ)

૧ રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ, વીજળી બીલ, ડ્રાઈવીંગ લાઇસન્સ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પૈકી કોઈપણ એક)

૨. ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો)

૩. દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક

૪. બેંક પાસબુકની નકલ/રદ કરેલ ચેક

૫. આધારકાર્ડ ની નકલ.



**પાત્રતા ના માપદંડ**

- કન્યાની ઉંમર ૧૮ વર્ષ થી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ થી વધુ હોવી જોઇએ.
- આ યોજનાનો લાભ ફકત એક જ વખત (એક યુગલ દીઠ) મળવાપાત્ર રહેશે.
- આ યોજના હેઠળ નીચે પત્રકમાં દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.
- આ યોજના હેઠળ નીચે પત્રકમાં દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.

| ક્રમ નં. | દિવ્યાંગતા | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧ | અંધત્વ | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ | ૭૧ થી ૧૦૦ ટકા |
| ૪ | ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતિ | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટિ | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબધ્ધ કઠોરતા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌધ્ધિક અસમર્થતા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રકતપિત-સાજા થયેલા | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન એનીમીયા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૬ | માનસિક બિમાર | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબધિત વિકલાંગતા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા | ૫૦ ટકા કે તેથી વધુ |

**સહાય નો દર**

આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે ત્યારે રૂા. ૫૦,૦૦૦/- + રૂા. ૫૦,૦૦૦/- મળીને કુલ રૂા. ૧,૦૦,૦૦૦/- તેમજ સામાન્ય /વ્યકિત લગ્ન કરે ત્યારે રૂા. ૫૦,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.

## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૬ દિવ્યાંગ લગ્ન સહાય યોજના

**રજુ કરવાના ડોકયુમેન્ટ**

- કન્યા/કુમારનો સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતાના દાખલાની પ્રમાણિત નકલ.
- રહેઠાણ નો પુરાવો (રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઈવીંગ લાઈસન્સ/આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ પૈકી કોઈપણ એક)
- અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
- કન્યા/કુમારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
- અરજદારનો સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતાના દાખલાની પ્રમાણિત નકલ
- બંનેના સંયુકત લગ્ન વખતના ફોટા
- લગ્ન કંકોત્રી
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ અથવા રદ કરેલ ચેક
- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર



**આ લાભ કોને મળવાપાત્ર થાય ?**
આ યોજનાનો લાભ નીચે મુજબની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગો ને જ મળવાપાત્ર છે.

૧. બૌદ્ધિક અસમર્થતા
૨. સેરેબલ પાલ્સી (મગજનો લકવો)
૩. ઓટીઝમ (સ્વલીનતા)
૪. મલ્ટીપલ ડીસેબીલીટીઝ (બહુ વિધદિવ્યાંગતા)

**ભરવાપાત્ર પ્રીમિયમ :**
લાભાર્થીની બી.પી.એલ. અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂા. ૧૫૦૦૦/- સુધી હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપાત્ર પ્રીમિયમ રૂા. ૨૫૦/- અને એ.પી.એલ. (કૌટુબિક માસિક આવક રૂા. ૧૫૦૦૦/- થી વધુ હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપાત્ર પ્રીમિયમ રૂા. ૫૦૦/- રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે.

**મળવાપાત્ર સહાય :**
આ યોજનામાં ઉકત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીનું વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી. દવાઓ અને વાહન વ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જુથના દિવ્યાંગનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ લાભાર્થીને કોઈપણ પ્રકારની પૂર્વ તબીબી પરીક્ષા (મેડીકલ ટેસ્ટ) ની જરૂરીયાત રહેતી નથી અને લાભાર્થી કોઇપણ હોસ્પિટલમાં સારવાર લઈ શકે છે.

**આ યોજનામાં અરજીપત્રક ?**
આ યોજનામાં અંતર્ગત દિવ્યાંગ વ્યકિતઓ દ્વારા નેશનલ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ સંસ્થાઓ અથવા સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર મારફતે યોજનાનો લાભ આપવામાં આવે છે.



## ૦૨ દિવ્યાંગ વ્યકિત માટેની યોજનાઓ

### ૦૮ દિવ્યાંગોને ઈલેકટ્રીક સ્કુટર સહાય યોજના

**કોને લાભ મળે ?**

- દિવ્યાંગ ઉમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જરૂરી છે.
- દિવ્યાંગતાની ટકાવારી ૪૦ ટકા કે તેથી વધુ તથા લાભાર્થીનું નામ બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ ના સ્કોર ધરાવતા હોવા જોઇએ.
- આ યોજનામા ફકત અસ્થી વિષયક દિવ્યાંગ સ્ત્રી અને પુરુષ બંને ને લાભ મળવાપાત્ર થશે.
- ઈલેકટ્રીક સ્કુટર ખરીદવાની સહાય યોજનામાં લાભાર્થી દ્વારા તેઓએ મેળવેલ ઈલેકટ્રીક સ્કુટર જો ખરાબ હાલત થઇ ગયેલ હોય તો પાંચ વર્ષ બાદ જો અન્ય રીતે યોજનાનો લાભ મળવા પાત્ર ઠરતા હશે તો યોજનાનો લાભ પુનઃ મેળવવા અરજી કરી શકશે.
- દિવ્યાંગ વ્યકિત સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતો હોવો જોઇએ.

**કેટલો લાભ મળે ?**

દિવ્યાંગોને સ્કુટર ખરીદવાની યોજના હેઠળ ઈલેકટ્રીક સ્કુટર ખરીદવા બાબતે અરજદાર ની અરજી મંજુર થયા બાદ ઈલેકટ્રીક સ્કુટર ખરીદે ત્યારબાદ બીલ રજૂ કર્યા બાદ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ની કચેરી દ્વારા સહાયની રકમ ડી.બી.ટી. મારફત અરજદાર ના ખાતામાં સીધી ચુકવણી કરવાની રહેશે.

ભારત સરકાર જે તે ડીલરો ને સબસીડી ચુકવતા, સબસીડી ડીલરના ખાતામાં જમા થશે. જે તે કંપની દ્વારા સબસીડીની રકમ કપાત કરી, બીલની રકમ ચુકવવામાં આવશે. અરજદાર ઈલેકટ્રીક સ્કુટર ખરીદે ત્યારબાદ બીલ રજુ કર્યા બાદ સહાય મંજુર કરી, સહાય ની ચુકવણી કરવામાં આવશે.

દિવ્યાંગોને ઈલેકટ્રીક સ્કુટર ખરીદવાની યોજના હેઠળ સ્કુટરની બેઝિક કિમત + ડિસેબલ કિટના ૫૦ ટકા અથવા રૂા. ૨૫૦૦૦/- ની મર્યાદામા સહાય ચુકવવાની થશે.

**જરૂરી પુરાવાઓ**

- દિવ્યાંગ વિદ્યાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ
- શાળા છોડયાનું પ્રમાણપત્ર (સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ)
- જે-તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર (સિવિલ સર્જનનો દાખલો)
- ગત વર્ષની વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ
- અરજદારની આધારકાર્ડની પ્રમાણિત નકલ

**અરજી કરવાની પદ્ધતિ**

- જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની કચેરીએ રૂબરૂ જઇ ફોર્મ ભરવાનું રહેશે

**લાભ કોને મળે**

આ યોજના હેઠળ જે પરિવારમાં તા. ૦૨-૦૮-૨૦૧૯ પછી પ્રથમ સંતાનમાં અને બીજા અને ત્રીજા (જોડીયા) સંતાનમાં દીકરીનો જન્મ થાય તથા પરિવારની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/- થી ઓછી હોય તેવા પરિવારને આ યોજનાનો લાભ મળે છે.

**કેટલો લાભ મળે ?**

(૧) પ્રથમ હપ્તો (દીકરીના પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂા. ૪૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.)
(૨) બીજો હપ્તો (દીકરીના નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂા. ૬૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.)
(૩) ત્રીજો હપ્તો (દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન સહાયક તરીકે રૂા. ૧,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.)

**લાભ કયાથી મળે**

૧) તાલુકા મામલતદાર કચેરી
૨) ગ્રામ પંચાયત
૩) મહિલા અને બાળ અધિકારીની કચેરીએથી મળશે.



**વ્હાલી દીકરી ફોર્મ સાથે નીચેના પુરાવા**

(૧) લાભાર્થી દીકરીના જન્મનું પ્રમાણપત્ર
(૨) લાભાર્થી દીકરીનું આધાર કાર્ડ અને પાસપોર્ટ સાઇઝ ફોટો
(૩) લાભાર્થી દીકરીના માતા-પિતાના આધાર કાર્ડ
(૪) લાભાર્થી દીકરીના માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર
(૫) લાભાર્થી દીકરીના માતા-પિતાની અથવા એકલ માતા /પિતા વાલી દ્વારા અરજીના કિસ્સામાં કુલ વાર્ષિક આવકનું (ગ્રામ પંચાયત તલાટી અથવા મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી અથવા ચીફ ઓફીસર દ્વારા આપવામાં આવેલ)
(૬) લાભાર્થી દીકરી અથવા માતા/પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ.
(૭) રેશન કાર્ડ
(૮) નિયત નમુના મુજબ સ્વ-ઘોષણા (અનુસુચિ-૨)
(૯) અનાથાલય/સ્વૈચ્છિક સંસ્થા તરફથી અરજીના કિસ્સામાં સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ-૧૮૬૦ / ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ હોવાના આધાર પુરાવાઓ.
(૧૦) દંપતીના પોતાના હયાત તમામ બાળકોના જન્મના દાખલા

નોંધ : આ યોજનાનો લાભ લેવા માટે દિકરીના જન્મથી એક વર્ષની અંદર અરજી કરવાની રહેશે.

| ૦૩ | મહિલા અને બાળ વિકાસ અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૨ | સુકન્યા સમૃદ્ધિ યોજના |

**લાભ કોને મળે**

- ઝીરો થી દશ વર્ષ સુધીની દીકરી/કન્યા આ યોજનામાં જોડાઇ શકે છે.
- માતા-પિતા અથવા કાયદેસરના વાલી દીકરી-કન્યાનું ખાતું ખોલાવી શકે છે. (કન્યાની ઉંમર મર્યાદા ૧૦ વર્ષ)
- દીકરી-કન્યાનું એક જ ખાતું ખૂલી શકે પરંતુ જો એક કરતા વધારે દીકરીઓ કુટુંબમાં હોય તો વધુમાં વધુ બે દીકરીનું ખાતું ખોલી શકાય.
- પ્રથમ દીકરીના જન્મ બાદ બીજી ડીલીવરીમાં ટ્વીન્સ બેબી-દીકરીનો જન્મ થાય તો ત્રણે દીકરીના સુકન્યા સમૃદ્ધિમાં ખાતું ખોલાવી શકાય.

**શરતો**

- ખાતું ખોલાવ્યા બાદ એક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા રૂા. ૨૫૦/- ભરવા જરૂરી છે.
- અને વધુમાં વધુ રૂા. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પુરા) ભરી શકાય અને આ ભરેલ રકમ ઈન્કમટેક્ષની કલમ ૮૦ (સી) હેઠળ બાદ મળી શકે છે.

**કેટલો લાભ મળે :**

- બેંક ડીપોઝીટના વ્યાજ દરની સરખામણીએ વધારે વ્યાજ મળે છે.
- આ ખાતામાં ભરવામાં આવતી રકમ ઈન્કમટેક્ષની કલમ ૮૦ (સી) હેઠળ વધુમાં વધુ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.
- દીકરી/કન્યાના લગ્ન સમયે ઉપયોગમાં લઈ શકાય તેમજ કન્યાના/દીકરીના ઉચ્ચ અભ્યાસ માટે જમા રહેલ રકમમાંથી ૫૦ટકા રકમ ઉપાડી શકાય.

**લાભ ક્યાંથી મળે**

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો તેમજ પોસ્ટ ઓફીસમાં સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકાય.

**ખાતું ખોલાવવા કયા ડોક્યુમેન્ટ જોઇએ :**

- કન્યા/દીકરીનું જન્મ પ્રમાણપત્ર.
- દીકરીનું ઓળખ કાર્ડ
- માતા-પિતાના ઓળખ કાર્ડ
- વાલીનું રહેઠાણના સરનામાવાળો પુરાવો.

## SAG (Scheme for Adolescent Girls) યોજના

**કોને લાભ મળે**
૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ અને ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી કિશોરીઓ.

**મળવાપાત્ર લાભ**
કિશોરીઓને પુરક પોષણ ટી.એચ.આર. તરીકે ઘરે લઇ જવા માટે પૂર્ણા શકિતના પેકેટ.
કિશોરીઓની આરોગ્ય તપાસ, બીએમઆઇ ની તપાસ અને સંદર્ભ સેવા.
કિશોરીઓને મમતા દિવસે આંગણવાડી પર દર મહીને ૪ IFA ગોળી (દર અઠવાડીયે એક IFA ગોળી ગળવા માટે)
કિશોરીઓને આરોગ્ય પોષણ શિક્ષણ, કૌશલ્ય વર્ધન તાલીમ વગેરે જાહેર સેવાઓનો લાભ.

**કયા કયા પુરાવા જોઇએ**
કિશોરી આંગણવાડી કેન્દ્ર પર નોંધાયેલી હોવી જોઇએ.



**ઉજ્જવલા ૨.૦ હેઠળ કનેકશન મેળવવા માટે પાત્રતા માપદંડ**

૧) અરજદાર (માત્ર મહિલા) ની ઉંમર ઓછા માં ઓછી ૧૮ વર્ષની હોવી જોઇએ.

૨) તે જ ઘરમાં કોઈપણ OMC તરફથી અન્ય કોઈ એલપીજી કનેકશન ન હોવું જોઇએ.

૩) નીચેનામાંથી કોઈપણ કેટેગરીમાંથી પુખ્તવયની મહિલા - SC,ST, પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ) સૌથી પછાત વર્ગો (MBC), અંત્યોદય અન્ના યોજના (AAY), ચા અને ભુતપુર્વ ચાના બગીચાની આદિવાસીઓ, વનવાસીઓ, અહી રહેતા લોકો ૧૪ - મુદ્દાની ઘોષણા અનુસાર SECC પરિવારે (AHL TIN) અથવા કોઈપણ ગરીબ પરિવાર હેઠળ નોંધાયેલા ટાપુઓ અને નદી ટાપુઓ.

**જરૂરી દસ્તાવેજો**

૧) તમારા ગ્રાહકને જાણો (KYC)

૨) ઓળખના પુરાવા તરીકે અરજદારનું આધાર કાર્ડ અને સરનામાના પુરાવા ના કિસ્સામાં અરજદાર આધારમાં ઉલ્લેખિત સરનામે જ રહેતો હોય (આસામ અને મેઘાલય માટે ફરજીયાત નથી)


૩) રાજ્ય દ્વારા જારી કરાયેલ રેશન કાર્ડ જેમાંથી અરજી કરવામાં આવી રહી છે / અન્ય રાજ્ય સરકાર દ્વારા પ્રમાણિત કુટુંબ રચના અથવા પરિશિષ્ટ ૧ (સ્થળાંતરિત અરજદારો માટે) મુજબ સ્વ-ઘોષણા કરતો દસ્તાવેજ)

૪) સીરીયલ નંબર ૩ મુજબ લાભાર્થી અને પરિવારના પુખ્તવયના સભ્યોનો આધાર કાર્ડ

૫) બેંક એકાઉન્ટ નંબર અને IFSC

૬) પરિવારની સ્થિતિને સમર્થન આપવા માટે પૂરક KYC

અરજદારો વિતરક પાસે અરજી સબમિટ કરીને અથવા ઓનલાઇન પોર્ટલ દ્વારા વિનંતી સબમિટ કરીને તેમની પસંદગીના કોઈપણ વિતરક ને અરજી કરી શકે છે.



**ઉદ્દેશ**

સમગ્ર દેશમાં ૦ થી ૬ વર્ષના બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા માટે.

**સમુદાય આધારીત પ્રસંગ**

માસ દરમ્યાન ચાર મંગળ દિવસની ઉજવણી

૧ સુપોષણ સંવાદ - પ્રથમ મંગળવાર

૨. બાળતુલા દિવસ - બીજો મંગળવાર

૩. અન્નપ્રાશન અને બાલ દિવસ - ત્રીજો મંગળવાર

૪. અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ - ચોથો મંગળવાર

**પોષણ અભિયાન અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓ**

- ચાર મંગળ દિવસની ઉજવણી દરેક આંગણવાડી પર કરવામાં આવે છે.
- ILA (ઇન્ક્રીમેન્ટલ લર્નિંગ એપ્રોચ) ટ્રેનીંગ CDPO, સુપરવાઇઝર, આંગણવાડી વર્કર ક્ષમતાવર્ધન પ્રોગ્રામ.
- ઇ-ગવર્નસ પોષણ અભિયાન એન્ટ્રી.
- ILA ટ્રેનીંગની ઓનલાઇન એન્ટ્રી.
- આઇ.ઇ.સી. લગતી પ્રવૃતિઓ.
- BCC (બિહેવીયર ચેન્જ કમ્પ્યુનિકેશન) માસ વાઇઝ પ્રવૃતિઓ.
- ઇનોવેશન પ્રોજેકટ.
- ડીસ્ટ્રીકટ અને બ્લોક કન્વર્ઝશન એકશન પ્લાન.
- જિલ્લા કક્ષાએ માસિક, ત્રિમાસિક અને ઘટક કક્ષાએ માસિક બેઠકમાં પોષણ અભિયાન ની કામગીરીની સમીક્ષા.
- જિલ્લા તથા ઘટક કક્ષાએ NMM સ્ટાફ દ્વારા માસિક સપોર્ટીવ સુપરવિઝન વિઝીટ.
- ICDS CAS દ્વારા દરેક આંગણવાડી વર્કરને ફોન રાજય કક્ષાએથી આપવામાં આવેલ છે. જેમાં આંગણવાડીની પ્રવૃતિઓની દરરોજ ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

**લાભ કોને મળે**

આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનો, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કુટુંબોની તમામ પ્રસૂતા બહેનો ને લાભ આપવામાં આવે છે. જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેઓના વિસ્તારના તલાટી-કમ-મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

**લાભ ક્યાંથી મળે**

સ્ત્રી આરોગ્ય કાર્યકર (સબંધિત વિસ્તાર) દ્વારા આ લાભ આપવામાં આવશે.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

આ યોજના અંતર્ગત સહાય માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે ફોર્મ ભરાવવાનું રહેશે અને સાથે બી.પી.એલ. કાર્ડ હોવાનો પુરાવો અથવા આવકનો પુરાવો જોડવાનો રહેશે.

**યોજના અંતર્ગત સહાય/લાભ**

આ યોજના હેઠળ લાભાર્થીને રૂા. ૭૦૦/- ગ્રામ્ય વિસ્તારમાં તેમજ રૂા. ૬૦૦/- શહેરી વિસ્તારમાં પોષણયુક્ત ખોરાક, પ્રસુતિ સમયે થતો દવાનો ખર્ચ કે અન્ય કોઈ ખર્ચ કે અન્ય કોઈ ખર્ચને પહોંચી વળવા માટે સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહીનાના સમયગાળામાં બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.



**લાભ કોને મળે**

- આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જનજાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને લાભ આપવામાં આવે છે.
- જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણે તેઓના વિસ્તારના તલાટી-કમ-મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

**લાભ ક્યાંથી મળે**

- જિલ્લાના ચિરંજીવી યોજનામાં જોડાયેલ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબો પાસે.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

- યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે અને તેની સાથે જરૂરી દસ્તાવેજ જેવા કે બી.પી.એલ. કાર્ડની નકલ અથવા આવકનો દાખલો મુકવાનો થાય છે.

**યોજના અંતર્ગત સહાય/લાભ**

- આ યોજના હેઠળ પ્રસુતા બહેનો ને સરકાર દ્વારા નકકી કરાયેલા ખાનગી દવાખાનામાં વિનામુલ્યે પ્રસુતા કરાવી શકે છે. દવાખાનામાં કોઈપણ રકમ ચૂકવવાની હોતી નથી.
- એટલું જ નહીં પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડોકટરો જ આપશે અને તે પણ વિનામૂલ્યે.
- ઉપરાંત પ્રસુતાને દવાખાને આવવા ભાડા પેટે રૂા. ૨૦૦/- ડોકટર દ્વારા રોકડા આપવામાં આવશે. તેમજ સાથે આવનારને રૂા. ૫૦ આપવામાં આવે છે.



## ૦૩ મહિલા અને બાળ વિકાસ અંગેની યોજનાઓ

### ૦૮ પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY)

**કોને લાભ મળે**

સગર્ભા /ધાત્રી માતાને તેના પ્રથમ જીવિત બાળક માટે

**મળવાપાત્ર લાભ**

આ સહાય લાભાર્થીઓને ૩ (ત્રણ) હપ્તામાં ચૂકવવામાં આવે છે.

પ્રથમ હપ્તો : રૂા. ૧૦૦૦/- લાભાર્થી એ સગર્ભાવસ્થાના ૧૫૦ દિવસમાં આંગણવાડી સુધીની રસી અપાવ્યા બાદ.

બીજો હપ્તો : રૂા. ૨૦૦૦/- ઓછામાં ઓછી એક પૂર્વ પ્રસુતિ તપાસ અને સગર્ભાવસ્થાના ૬ મહિના બાદ મળવાપાત્ર.

ત્રીજો હપ્તો : રૂા. ૨૦૦૦/- બાળકના જન્મનો નોંધણી, બાળકને ૧૪ અઠવાડીયા સુધીની રસી અપાવ્યા બાદ.

**લાભ ક્યાંથી મળે**

જે-તે આંગણવાડી કેન્દ્રમાંથી - **PMMVY**નું ફોર્મ ભર્યા બાદ (મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા લાભાર્થીના એકાઉન્ટમાં DBT મારફત ઓનલાઇન પૈસા જમા કરાવવામાં આવે છે.

**કયા કયા પુરાવાઓ જોઇએ**

પ્રથમ હપ્તા માટે : સગર્ભા/ધાત્રી માતાના મમતા કાર્ડની નકલ, તેમના બેંક એકાઉન્ટની પાસબુકની નકલ, સગર્ભા/ધાત્રી માતા અને તેમના પતિના આધારકાર્ડ ની નકલ.

બીજા હપ્તા માટે : ઓછામાં ઓછી એક પ્રસુતિ તપાસ કરાવ્યા અંગેના પુરાવા.

ત્રીજા હપ્તા માટે : બાળકનો જન્મ તારીખનો દાખલો અને ૧૪ અઠવાડીયા સુધીની રસી અપાવ્યા અંગેના પુરાવા.



**લાભ કોને મળે**

- શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ગરીબી રેખા હેઠળની સગર્ભા સ્ત્રીઓ માતાઓ (ત્રણ બાળકો સુધીની પ્રસૂતિ માટે) જે જિલ્લાઓમાં ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના લાગુ પાડતી હોય ત્યાં તેના લાભાર્થી ન હોય તેને જ આ યોજનાનો લાભ મળશે.

**લાભ ક્યાંથી મળે**

- નજીકના સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે, નાણાં સીધા લાભાર્થીના બેંક ખાતામાં/પોસ્ટ ઓફીસ ખાતામાં જમા થશે.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

- લાભાર્થીએ મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એફ.એચ.ડબલ્યુ પાસે નોંધણી કરાવવાથી પ્રથમ હપ્તો મળવાપાત્ર થશે.
- ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓ સુવાવડ સરકારી દવાખાના અથવા ચિરંજીવી યોજના હેઠળના દવાખાનામાં કરાવવાથી બીજો હપ્તો મળવાપાત્ર થશે.
- ગરીબી રેખા હેઠળની માતાના બાળકને બાળકના જન્મબાદના ૯ માસ પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરની રસી સાથે વિટામીન - એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ કરાવ્યા બાદ ત્રીજો હપ્તો મળવા પાત્ર થશે.

**યોજના અંતર્ગત સહાય / લાભ**

- સગર્ભાવસ્થા, પ્રથમ ત્રિમાસિક ગાળામાં મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂા. ૨૦૦૦/- ની સહાય.
- સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત સુવાવડના પ્રથમ અઠવાડીયામાં રૂા. ૨૦૦૦/- ની સહાય.
- બાળકની માતાને પોષણ સહાયરૂપે બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન-એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂા. ૨૦૦૦/- ની સહાય.

આમ, કુલ મળી રૂા. ૬૦૦૦/- ની સહાય દરેક લાભાર્થી માતાને મળશે.



## ૦૩ મહિલા અને બાળ વિકાસ અંગેની યોજનાઓ

### ૧૦ બાલસખા યોજના

**લાભ કોને મળે**

આ યોજનામાં ગરીબી રેખા હેઠળના (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબના ૩૦ દિવસ સુધીના નવજાત શિશુઓ તથા આવક વેરો ન ભરતા હોય તેવા અનુસૂચિત જનજાતિના તમામ નવજાત શિશુઓને લાભ આપવામાં આવે છે.

**લાભ ક્યાંથી મળે**

જિલ્લામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાત તબીબો પાસે.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

જે બાળકોનો જન્મ સરકારી સંસ્થાઓ અથવા ચિરંજીવી યોજના હેઠળ થાય, તેમજ ઘરે પુત્ર જન્મ થયેલ હોય અથવા ઘરે ગયા પછી ૩૦ દિવસની ઉમર સુધી આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. કોઈપણ આરોગ્ય કર્મચારી / આશા વર્કર દ્વારા તે રીફર થયેલ હોવા જોઈએ.

**યોજના અંતર્ગત સહાય / લાભ**

આ યોજના હેઠળ લાભાર્થી નવજાત શિશુઓને આ યોજનામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલમાં નવજાત શિશુઓને લગતી કોઈપણ બીમારી માટે નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળરોગ નિષ્ણાંત નવજાત શિશુના સગાને વાહન વ્યવહાર પેટે રૂા. ૨૦૦/- લેખે વાઉચર ઉપર સહી લઈને તુરંત જ ચુકવી આપશે.

## અટલ સ્નેહ યોજના (નવજાત શિશુ માટે)

કોને લાભ મળે
નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકો

**શુ લાભ મળે ?**
જન્મજાત ખામીઓનું સ્ક્રીનીંગ અત્યાર સુધી બાળક થોડું મોટું થયા પછી જ તેની જન્મજાત ખામી અંગે ખ્યાલ આવતો હતો, હવે જન્મના ૪૮ કલાકની અંદર શિશુનું પરીક્ષણ થશે અને તાત્કાલીક નીચે મુજબની બિમારીઓની સારવાર મળશે.

- ન્યુરલ ટયુબ ડીફેકટસ
- ફલેફટલીપ અને પેલેટ
- કલબ ફૂટ
- ડેવલપમેન્ટલ ડીસ્લેઝીયા ઓફ હીપ
- કન્જનાઇટલ કેટેરેકટ
- કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ
- ડાઉન સિન્ડ્રોમ
- અન્ય કોઇ નોંધપાત્ર ખોટ

**કયાંથી લાભ મળે ?**
સરકારી અથવા ખાનગી પ્રસુતિ ગૃહ અને અન્ય પરિસ્થિતિમાં એટલે કે ઘરે અથવા અન્ય જગ્યાએ પ્રસુતિ થઇ હોય તેવા કિસ્સાઓમાં આ લાભ સ્થાનિક સ્ત્રી આરોગ્ય કાર્યકર/આર.બી.એસ.કે. ટીમ / આશા કર્મચારી મારફતે

**લાભ મેળવવાની પદ્ધતિ**
જીલ્લાની તમામ આરોગ્ય સંસ્થાઓ કે જયા પ્રસુતિ થતી હોય (સરકારી અથવા ખાનગી) ત્યા દરેક શિશુનું જન્મજાત ખામી માટે સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

## ૦૩ મહિલા અને બાળ વિકાસ અંગેની યોજનાઓ

### ૧૨ 'સખી' વન સ્ટોપ સેન્ટર

**લાભ કોને મળે**

- કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બનનાર મહિલાને તાત્કાલીક તબીબી, કાયદાકિય, મનોવૈજ્ઞાનિક અને પરામર્શની સેવા એક છત્ર હેઠળ પૂરી પાડવી.
- જાહેર અને ખાનગી સ્થળે હિંસાનો ભાગ બનેલ મહિલાઓને એક જ છત્ર હેઠળ મદદ અને આધાર પૂરો પાડવા.
- કોઈપણ આવક મર્યાદા લાગુ પડતી નથી.

**કેટલો લાભ મળે**

- 'સખી' વન સ્ટોપ સેન્ટરનો લાભ જાહેર સ્થળ, ખાનગી સ્થળ, કુટુંબ, કાર્ય સ્થળ અને સમુદાયમાં હિંસાનો ભોગ બનેલ મહિલા/યુવતી લાભ લઈ શકે.
- કોઈપણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, ક્ષેત્ર, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક લાયકાત તમામ પીડિત મહિલાઓ યુવતીને લાભ મળે છે.
- આ સેન્ટરમાં શારીરીક હિંસા, માનસિક હિંસા, ઘરેલુ હિંસા, મહિલાઓનો અનૈતિક વેપાર, એસીડ એટેક, ભાવનાત્મક હિંસાનો ભોગ બનેલ મહિલાઓ/યુવતી સેન્ટર પર આશ્રય મેળવી શકે છે.

**લાભ ક્યાંથી મળે**

- અધિક કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ
- જિલ્લા કક્ષા : મહિલા અને બાળ અધિકારીની કચેરી (દરેક જિલ્લામાં કાર્યરત રહેલ છે)
- 'સખી' વન સ્ટોપ સેન્ટર
  (ગુજરાત રાજયમાં કુલ - ૩૩ સેન્ટર કાર્યરત છે, દરેક સેન્ટર જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે)

**યોજનાના પુરાવા**

- કોઈપણ પ્રકારના પુરાવાની જરૂર નથી.

**લાભ કોને મળે**

નારી સંરક્ષણ ગૃહ ખાતે કોઇપણ હિંસાનો ભોગ બનનાર મહિલાને તેના સંતાનો સાથે આશ્રય આપવામાં આવે છે. આ સાથે માનસિક રીતે અસ્વસ્થ અને HIV ગ્રસ્ત બહેન માટે અમદાવાદ ખાતેના નારી સંરક્ષણ ગૃહ અલગથી કાર્યરત છે.

**કેટલો લાભ મળે ?**

- વય મર્યાદા : ૧૮ થી ૫૯ વર્ષની ઉંમરની મહિલાઓ
- ૦ થી ૧૪ વર્ષની ઉંમર સુધી દીકરીને તથા ૦ થી ૬ વર્ષ સુધીના પુત્ર સાથે આશ્રય આપવામાં આવે છે.
- ૬ થી ૧૪ વર્ષ નો પુત્ર ધરાવતા હોય તેમને ગૃહ ખાતેથી બાળ કલ્યાણ સમિતિ (ચાઇલ્ડ વેલ્ફર કમિટી) સમક્ષ રજૂ કરીને બાળ સુરક્ષા સંસ્થામા મૂકવામાં આવે છે.
- આ યોજના હેઠળ કોઇપણ આવક મર્યાદા લાગુ પડતી નથી. આ યોજનાનો લાભ મહિલાઓ એક થી વધુ વખત લઇ શકે છે. તદન નિઃશુલ્ક આશ્રય સ્થાન તરીકે મહિલાઓ માટે કાર્યરત છે.
- કોઇપણ આવક મર્યાદા લાગુ પડતી નથી.
- ગૃહ ખાતે આશ્રિત બહેનો સુરક્ષા અને સલામતી માટે સીસીટીવી કેમેરા સાથે નિવાસ સ્થાને તથા સમગ્ર બિલ્ડીંગ સુરક્ષિત ઉંચી દિવાલો.
- પોષણયુકત આહાર, સ્વચ્છ આર.ઓ. યુકત પાણી, વ્યવસાયિક તથા આજીવીકા તાલીમ, બાળકો ઇનડોર તથા આઉટડોર રમતના સાધનો, લાયબ્રેરી આ ઉપરાંત આનંદ-પ્રમોદ માટે એલ.ઇ.ડી. ટી.વી. મ્યુઝીક સીસ્ટમના સાધનો પણ ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત આશ્રિત બહેનો દ્વારા ઉત્પાદિત થયેલ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન-સહ-વેચાણ કરીને મહીલાઓને પ્રોત્સાહન પુરું પાડવું.

**લાભ કયાથી મળે**

- નારી સંરક્ષણ ગૃહ ખાતે આશ્રય મેળવવા માટે કોઇપણ મહિલા તેના બાળકો સાથે જરૂરીયાતના સમયે સ્વેચ્છાએ ગૃહ પર જઇને આશ્રય મેળવી શકે છે.
- આ ઉપરાંત નામદાર કોર્ટના હુકમ, પોલીસ સ્ટેશનના ઓર્ડર તથા ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇન મારફતે, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર મારફતે આશ્રય આપવામાં આવે છે.
- સમગ્ર જિલ્લામાં કુલ ૧૦ નારી સંરક્ષણ ગૃહ કેન્દ્રો કાર્યરત છે.
- આશ્રિત બહેનને આશ્રય, પોષણયુકત આહાર, વ્યવસાયિક તાલીમ, યોગ્ય કાઉન્સેલીંગ, કાયદાકીય સલાહ, આરોગ્યની તપાસણીની સેવા ગૃહ ખાતે પૂરી પાડવામાં આવે છે.

સંપર્ક કચેરી : અધિક કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ/જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી

**કયા કયા પુરાવા જોઇએ ?**

- નારી સંરક્ષણ ગૃહ ખાતે આશ્રય માટે મહિલા કાયદાકીય તકરારમાં આવેલ હોય તો કોર્ટનો હુકમ મેળવવામાં આવે છે.

## પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

### કોને લાભ મળે

- તમામ સગર્ભા માતાઓને

### શું લાભ મળે ?

- દર માસની ૯ (નવમી) તારીખે સરકારી/ખાનગી દવાખાને જવાનું રહેશે.
- જોખમી સગર્ભા માતાઓની ઓળખ
- પૂર્વ પ્રસુતિ તપાસ નિદાન સેવાઓ મફત

### ક્યાંથી લાભ મળે ?

- આ યોજનાનો લાભ તમામ સરકારી તથા જીલ્લા/કોર્પોરેશન સંચાલિત આરોગ્ય સંસ્થાઓમાં, ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.



**શાળા યુનિફોર્મ યોજનાનો લાભ કોને મળે ?**

⊙ અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓ કે જેઓ સરકારી શાળામાં અભ્યાસ કરતાં હોય.

⊙ આ યોજના અંતર્ગત વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા ૧,૨૦,૦૦૦ હોવી જોઇએ.

**આ યોજના અંતર્ગત કેટલો લાભ મળે ?**

⊙ આ યોજના અંતર્ગત આ વર્ગોના વિદ્યાર્થીને ગણવેશ કે યુનિફોર્મની બે જોડીના રૂપિયા સીધા તેના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત લાભ ક્યાથી મળે ?**

⊙ આ વર્ગનો વિદ્યાર્થી તે ગામડાનો હોય કે શહેરનો જે સરકારી શાળામાં અભ્યાસ કરતો હોય તે સરકારી શાળામાંથી અને સમાજ કલ્યાણ કચેરીમાંથી આ યોજનાનો લાભ મળે છે.

**આ યોજના અંતર્ગત ક્યાં ક્યાં પુરાવાઓ જોઇએ ?**

⊙ વિદ્યાર્થીનો જાતિનો દાખલો.

⊙ જે સરકારી શાળામાં અભ્યાસ કરતા હોય તેનો પુરાવો.

⊙ વિદ્યાર્થીના વાલીનો આવકનો દાખલો.



| ૦૪ | શિક્ષણ અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૨ | સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટેશન યોજના |

**લાભ કોને મળે ?**

- ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ એક કિલોમીટર કરતાં વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.
- ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ત્રણ કિલોમીટર કરતાં વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.

**કેટલો લાભ મળે ?**

- ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે રૂપિયા ૫૦૦
- ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે રૂપિયા ૫૦૦

**ઉકત સહાય બાળકને લઈ જનાર રીક્ષા માલિકને આપવામાં આવે છે લાભ કયાંથી મળેલ ?**

- સંબંધિત સ્કુલમાંથી

**જરૂરી પુરાવા**

- આધારકાર્ડની નકલ
- જન્મનું પ્રમાણપત્ર
- વિદ્યાર્થી જે ધોરણમાં અભ્યાષ કરે છે તેના આગળના વર્ષનું રિઝલ્ટ





**લાભ કોને મળે ?**

(રાઈટ ટુ એજ્યુકેશન) કાયદા અંતર્ગત અનાથ, સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળું બાળક, બાલગૃહના બાળકો, બાળમજુર/સ્થળાંતરિત મજુરનું બાળક, મંદબુધ્ધિ, એચ.આઇ.વી. અસરગ્રસ્ત બાળક, ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી જવાનના બાળક, ૦ થી ૨૦.૦ સ્કોર ધરાવતા બીપીએલ વાલીના બાળક, એસ.સી. અને એસ.ટી. કેટેગરીના બાળકો, બક્ષીપંચ અને વિચરતી વિમુકત જાતિના બાળકો, બિન અનામત બાળકો આમ અગ્રતાક્રમ પ્રમાણે પ્રાથમિકતા આપવામાં આવે છે.

**આવક મર્યાદા :**

ગ્રામ વિસ્તાર : રૂા. ૧,૨૦,૦૦૦/-, શહેરી વિસ્તાર : રૂા. ૧,૫૦,૦૦૦/-

**કેટલો લાભ મળે ?**

ઉપરની યોજનામાં ૧ જુને બાળકે ૬ વર્ષ પુર્ણ કરેલ હોય તે બાળકોને ધોરણ-૧ માં ૨૫ ટકા મુજબ ખાનગી (પ્રાઈવેટ) શાળામાં એડમીશન લઇ શકે છે. તથા ધો. ૮ સુધીનું શિક્ષણ વિનામુલ્યે આપવામાં આવે છે.

ઉપરાંત પ્રવેશ લેનાર દરેક બાળકને રૂા. ૩૦૦૦/- લેખે ડ્રેસ બુટ પરિવહન માટે સહાય ચૂકવવામાં આવે છે.

**લાભ કયાંથી મળે ?**

ઓનલાઇન અરજી કરવાની રહે છે. દર વર્ષે ઓનલાઇન પ્રવેશની જાહેરાત માર્ચ-એપ્રિલ માસમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેમાં ઓનલાઇન અરજી કરી નજીકના સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવવાની રહે છે અને ત્યારબાદ ઉપરોકત અગ્રતા મુજબ ૬ કિ.મી. સુધીના વિસ્તારમાં પ્રવેશ આપવામાં આવે છે.

**કયા પુરાવા જોઇએ ?**

રહેઠાણનો પૂરાવો, બાળકનું આધાર કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર, ફોટોગ્રાફ, વાલીનું આધારકાર્ડ, વાલીનો જાતીનું પ્રમાણપત્ર, વાલીનો આવકનો દાખલો, બી.પી.એલ. કાર્ડ, બેંકની વિગત.

| ૦૪ | શિક્ષણ અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૪ | સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના |

ધોરણ - ૮માં ભણતી અનુ.જાતિની વિદ્યાર્થીનીને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય બી.સી.કે-૦૬ આ યોજના હેઠળ ધોરણ - ૮ માં ભણતી અનુ.જાતિની વિદ્યાર્થીનીને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય આચાર્યશ્રી મારફતે આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ | સરસ્વતી સાધના યોજના ૨૨૨૫ સ.ક.બીસીકે - ૦૬ |
| ૨ | યોજના ક્યારે શરૂ થઇ | ૧૯૯૮-૯૯ |
| ૩ | યોજનાનો હેતુ | અનુસુચિત જાતિની ધો-૮ માં અભ્યાસ માટે અપડાઉન કરતી કન્યાઓને સાયકલ ખરીદવા અભ્યાસ માટે પ્રોત્સાહીત કરવા |
| ૪ | યોજના વિશે માહિતી | આ યોજનામાં અનુ.જાતિના બી.પી.એલ. કુટુંબની ધો-૮ ની કન્યાઓને કે જેના ગામમાં હાઇસ્કુલની સગવડ ન હોય તેને અભ્યાસ માટે પોતાના ગામથી બીજા ગામ અપડાઉન કરવા સાયકલ સહાય માટે સહાય આપવાની યોજના અમલમાં છે. |
| ૫ | યોજનાનો લાભ કોને મળી શકે અને તેના માટે કોને મળવું તે વિગત દર્શાવો. | અનુ.જાતિની ધો-૮ માં અભ્યાસ કરતી બી.પી.એલ. કુટુંબની કન્યાઓને મળી શકે આ અંગે તાલુકા લેવલે સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી તથા જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીને મળવું. |
| ૬ | યોજનાના લાભાર્થી માટેની લાયકાત | ધોરણ - ૮ માં અભ્યાસ કરતી અનુ.જાતિની બી.પી.એલ. કુટુંબની કન્યાઓને કે જેના ગામમાં હાઈસ્કુલની સગવડ ન હોય તેને અભ્યાસ માટે પોતાના ગામથી બીજા ગામ અપડાઉન કરતી કન્યાઓને મળવાપાત્ર થાય છે. |



વિદ્યાદીપ વીમા યોજના રાજયની તમામ સરકારી, અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમ શાળાઓ માટે છે. જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વીમા રક્ષણ પુરું પાડવાનો મુખ્ય આશય આ યોજનામાં રાખવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજયની તમામ સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમશાળાઓ અભ્યાસ કરતા વિદ્યાર્થીના અકસ્માતે અવસાન કે કાયમી અપંગતતાના કિસ્સામાં વાલીને સહાય ચુકવામાં આવે છે.

| | |
|---|---|
| યોજનાનું નામ | વિદ્યા દીપ વીમા યોજના |
| વિભાગનું નામ | શિક્ષણ વિભાગ |
| પેટા વિભાગ/કચેરીનું નામ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી - જિલ્લા પંચાયત |
| આર્ટિકલની ભાષા | ગુજરાતી અને અંગ્રેજી |
| લાભાર્થીની પાત્રતા | અનુસુચિત જાતિના (SC) ન હોવા જોઈએ |
| યોજના હેઠળ મળવાપાત્ર સહાય | રૂા. ૫૦,૦૦૦/- વીમા રક્ષણ |
| અરજી પ્રક્રિયા | ઓફ લાઇન |
| official Website | **http://gujarat-education.gov.in** |
| | |

**કોને મળવાપાત્ર છે ?**

અણધારેલ, એકાએક અને બિનઇરાદાપૂર્વકનો બનાવ હોય તેવા બાહ્ય હિંસક નિશાનો જણાય આવે છે. તેવા અકસ્માતના કિસ્સામાં અવસાન /કાયમી અપંગતતા થયેલ હોય તો આ સહાય મળવાપાત્ર થાય છે.

## ૦૬ ભોજન બિલ સહાય યોજના

**યોજનાનું સ્વરૂપ/સહાયના ધોરણો**

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેકનીકલ, પેરા મેડીકલમાં અભ્યાસ કરતાં અને પોતાના પરિવારથી દુર પોતાના તાલુકામાં શૈક્ષણિક વ્યવસ્થા ન હોય અને તાલુકા બહાર રહી અભ્યાસ કરતા હોય તેવા સરકારી / અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે માસિક રૂા. ૧૨૦૦/- લેખે ભોજનબીલ સહાય મળવા પાત્ર રહેશે.

કોઈપણ સમાજ / ટ્રસ્ટ / સંસ્થા દવારા સંચાલીત કન્યા છાત્રાલયોમાં રહીને ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને પણ ઉપર મુજબની કુડબીલ સહાય મળવા પાત્ર રહેશે.

**આવક મર્યાદા :**

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી રહેશે.

**ભોજન બિલ સહાય યોજના માટે જરૂરી ડોકયુમેન્ટ**

**GUEEDC** દ્વારા આ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ માટે કેટલાક ડોકયુમેન્ટસ નકકી કરવામાં આવ્યા છે. જેની વિગત નીચે મુજબ છે.

- બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર
- વિદ્યાર્થીનું આધારકાર્ડ
- આવકનું પ્રમાણપત્ર
- રહેઠાણનો પુરાવો (લાઇટ બિલ /ગેસ બીલ વિગેરે)
- જે હોસ્ટેલમાં રહેતાં હોય તેનું માસિક બિલ ભરેલું હોય તેનો પુરાવો
- સમાજ ટ્રસ્ટ દ્વારા હોસ્ટેલ સંચાલિત છે તેનો પુરાવો
- વિદ્યાર્થીની બેંક પાસબુક
- વિદ્યાર્થીનો ઉંમર અંગેનો પુરાવો (જન્મનું સર્ટિફિકેટ/શાળાએ છોડયાનું પ્રમાણપત્ર)
- વિદ્યાર્થી જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાનું બોનોફાઇડ સર્ટિફિકેટ
- ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા હોય તો છેલ્લા વર્ષની માર્કશીટ

**યોજનાના હેતું : કોને કેટલો લાભ મળે ?**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી અતિ પછાત જાતિ, વધુ પછાત જાતિ તેમજ વિચરતી વિમુકત જાતિના ધોરણ-૧૧ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ કરી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ધોરણ ૧૧ માં પ્રથમ વર્ષે રૂા. ૧૫,૦૦૦/- તથા ધોરણ ૧૨ માં બીજા વર્ષે રૂા. ૧૫૦૦૦/- મળી કુલ રૂા. ૩૦,૦૦૦/- ની ખાનગી ટયુશન સહાય તેઓના પિતા/વાલીની વાર્ષિક આવક રૂા. ૪,૫૦,૦૦૦/- ધ્યાને લઇ વર્ષે ૨૦૧૪-૧૫ થી યોજના અમલમાં મુકેલ છે.

**જરૂરી પુરાવા**

- જાતિનું પ્રમાણપત્ર
- વિદ્યાર્થીના બેંક પાસબુકની પ્રથમ પેજની ખરી નકલ અથવા કેન્સલ ચેક
- વિદ્યાર્થીના પિતા/વાલીના આવકનું પ્રમાણપત્ર (આવક મર્યાદા ૪,૫૦,૦૦૦ થી ઓછી)
- ધોરણ-૧૦ ની માર્કશીટ/રીઝલ્ટ
- અન્ય માર્કશીટ/છેલ્લા વર્ષનું રીઝલ્ટ (જો ધોરણ-૧૨ ની શિષ્યવૃતિ માટે આવેદન કરવાનું હોઇ તો)
- ફર્સ્ટ ટ્રાયલ સર્ટીફિકેટ (એસ.એસ.સી રીઝલ્ટ સાથે મળેલ)
- પ્રાઈવેટ ટયુશન સંસ્થા દ્વારા મળેલ ફીની ઓરીજનલ રસીદ

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- આ સેવાનો લાભ હવે ઓનલાઇન ડીજીટલ ગુજરાત ની વેબસાઇટ પરથી મેળવી શકો છો.
- ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ ફોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે  જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી
- કચેરી (આપના તાલુકા/જીલ્લામાં જેમને સતા આપેલ હોય ત્યા) જઇ તપાસ કરાવવાના રહેશે.

**સમરસ છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રીયા**

સમરસ છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા માટે આવેલ ઓનલાઇન અરજીઓના આધારે સરકારશ્રીના નિયમ અનુસાર પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ મેરીટ યાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓએ સબંધિત સમરસ છાત્રાલયો ખાતે (જે સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે અરજી કરેલ હોય તે છાત્રાલય) નિયત સમયગાળામાં હાજર રહીને ડોકયુમેન્ટ ચકાસણી કરાવવાની રહેશે. સમરસ છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રીયા માટે જરૂરી દસ્તાવેજ ની માહીતી નીચે આપેલ છે.

**ઓનલાઈન કરેલ અરજીની નકલ**

- નોન-ક્રિમિલેયર (NON-CREAMY LAYER) પ્રમાણપત્ર ફકત S.E.B.C ના છાત્રો માટે
- જાતિનો દાખલો (CASTE CERTIFICATE)
- આવકનો દાખલો અથવા વાલી જો નોકરી-ધંધો કરતા હોય તો ફોર્મ નં. ૧૬એ અથવા ઇન્કમટેક્ષ રીટર્ન અથવા સરકારશ્રી દ્વારા આવક માટે માન્ય કરેલ અન્ય પુરાવા (ફકત કુમાર છાત્રાલયો માટે)
- જે કોલેજ માં પ્રવેશ મેળવેલ હોય તેમા ફી ભર્યા અંગેની રસીદ (FEE RECEIPT) અથવા કોલેજમાં પ્રવેશ મળ્યા અંગેનાઆધાર પુરાવા.

**આધાર પુરાવા.**

- શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર (એલ.સી)
- દિવ્યાંગ છાત્રો માટે દિવ્યાંગ હોવા અંગેનું પ્રમાણપત્ર
- જો અનાથ હોવ તો વાલીનું મરણ નું પ્રમાણપત્ર
- વિધવા સંતાનો માટે પિતાનો મરણનો દાખલો
- આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે E.W.S. (Economically weaker section) નું પ્રમાણપત્ર
- વિદ્યાર્થીનું આધારકાર્ડ અને પાસપોર્ટ સાઇઝ ના ૨ ફોટા
- કન્યા છાત્રાલયો માટે વાલીના ૨ ફોટા (મુલાકાત માટે)
- બાહેંધરી પત્રક

**યોજનાનું નામ**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આઇ.ટી.આઇ. તથા વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઇપેન્ડ (સ્વામી વિવેકાનંદ શિષ્યવૃતિ)

**પાત્રતાના માપદંડો**

- વિદ્યાર્થી અનુસૂચિત જાતિના હોવા જોઇએ.
- વિદ્યાર્થી આઇ.ટી.આઇ માં અભ્યાસ કરતા હોવા જોઇએ.

**આવક મર્યાદા**

- ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૬,૦૦,૦૦૦/-
- શહેરી વિસ્તાર માટે રૂા. ૬,૦૦,૦૦૦/-

**સહાય નું ધોરણ**

- રૂા. ૪૦૦/- માસિક સ્ટાઇપેન્ડ

**અરજી માટેનું નિયત નમુનાનું ફોર્મ :**

- વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરવાની રહે છે. (પોર્ટલ : https://www.digitalgujarat.gov.in)

**અમલીકરણ કચેરી :**

સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અજાક) ની કચેરી

## ૦૪ શિક્ષણ અંગેની યોજનાઓ

## ૧૦ ડો. આંબેડકર વિદેશ લોન સહાય

**યોજનાનો હેતુ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન**

અનુસૂચિત જાતીના લોકોની નબળી આર્થિક અને સામાજીક પરિસ્થિતિના કારણે અનુસૂચિત જાતીના તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઇ શકતા નથી માટે આર્થિક મદદરૂપ થવા રૂા. ૧૫,૦૦,૦૦૦/- ની લોન ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે.

**નિયમો અને શરતો**

- મુળ ગુજરાત રાજયના વતની હોવા જોઇએ.
- સ્નાતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓને પોસ્ટ ગ્રેજયુએટ, પી.એચ.ડી કે ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન.
- ધોરણ -૧૨ પછી વિદેશમાં ચાલતા ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે લોન.
- એક જ પરિવારના વધુમાં વધુ બે વ્યકિતને લોન આપી શકાશે.
- કોઇ આવક મર્યાદા નથી.
- લોનની વસુલાત વિદ્યાર્થીનો અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી ૬ માસ પછીથી શરૂ કરવામાં આવે છે. પરંતુ લોનની વસુલાત ૧૦ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. મુળ રકમ ભરપાઇ થયા બાદ વ્યાજ પણ તે પ્રમાણે વસુલ કરવાનું રહેશે.
- વિદ્યાર્થી વિદેશની જે સંસ્થામાં શિક્ષણ મેળવે તે સંસ્થા જે તે સરકાર દ્વારા માન્ય થયેલ હોવી જોઇએ અને મેળવેલ ડીગ્રી જે તે દેશમાં સ્વીકૃત કરવાના રહેશે.
- વિદ્યાર્થીએ વિદેશ ગમનના છ માસની અંદર પણ અરજી કરી શકે.
- ધોરણ ૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની લોન એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માદયમીક શિક્ષણ બોર્ડ ની ધો. ૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધો. ૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.
- જે વિદ્યાર્થીએ ધો. ૧૦ પછી પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડીપ્લોમાં કોર્ષ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધો. ૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.
- વિઝા અને એર ટીકીટ રજુ કર્યા પછી જ મંજુરીની કાર્યવાહી કરવામાં આવશે.
- જો વિદ્યાર્થી વિદેશમાં સ્થાયી થાય તો નોકરીનું સ્થળ - રહેઠાણ માં ફેરફાર સંપર્ક નંબર, ઇ-મેઇલ આઇડી, ભારતમાં આવાગમનની જાણ ‘‘જયાં સુધી લોન ભરપાઇ ના થાય ત્યા સુધી’’ ફરજીયાત કરવાની રહેશે.
- રાજયના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦ ટકા કે વધુ માર્કસ ધરાવતા હોવા જોઇશે. તેમજ તેઓ ડિપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમાં, પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એક થી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે.

**રજુ કરવાના ડોકયુમેન્ટ**

- રહેઠાણ ના પુરાવા (રેશનકાર્ડ/વીજળી બીલ/લાઇસન્સ/ભાડાકરાર/ચુંટણી કાર્ડ)
- અરજદાર ની જાતિ /પેટા જાતિનો દાખલો
- શાળા છોડયાનો દાખલો
- શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો
- વિદ્યાર્થીનું સોગંદનામું (અસલમાં)
- પાસપોર્ટ
- વિઝા
- એર ટીકીટ
- લોન ભરપાઈ કરવા અંગે પાત્રતાનો દાખલો
- રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પર જામીનદારનું જામીનખતનો નમુનો પરિશિષ્ટ - ગ
- મિલકતના વેલ્યુએશન રીપોર્ટ
- મિલકતના આધાર (તાજેતરના ૭-૧૨ ના ઉતારા/ઈન્ડેક્ષ રજુ કરવી.)
- બેંક પાસબુક ની પ્રથમ પાનાની નકલ /રદ કરેલ ચેક (અરજદારના નામનું)

**અરજી કયાં કરવી**

નાયબ નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ જીલ્લા કચેરી

## ૧૦ નમો લક્ષ્મી યોજના

**લાભ કોને મળી શકે ?**

- ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને સહાય મળવા પાત્ર છે

**મળવા પાત્ર સહાય**

- ધોરણ 9 અને 10 માટે વાર્ષિક 10,000 રૂપિયાની સહાય
  જ્યારે બાકીના 10,000 રૂપિયા ધોરણ 10 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યા બાદ મળવાપાત્ર થશે.
- ધોરણ 11 અને 12 માટે વાર્ષિક 15,000 રૂપિયાની સહાય
  જ્યારે બાકીના 15,000 રૂપિયા ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યા બાદ મળવાપાત્ર થશે.
- કુટુંબની વાર્ષિક 6 લાખ થી ઓછી આવક ધરાવતા પરિવારની દીકરીઓને લાભ મળશે.

**ફોર્મ ક્યાં ભરાશે ?**

ફોર્મ શાળામાં જ ભરાશે

**જરૂરી પુરાવા**

- વિદ્યાર્થીનીનું આધારકાર્ડ
- વિદ્યાર્થીનીના માતાનું આધાર કાર્ડ
- જન્મનું પ્રમાણપત્ર
- વિદ્યાર્થીની બેન્ક પાસબુક અથવા વાલીની બેન્ક પાસબુક
- વાર્ષિક 6 લાખ થી ઓછી આવકનું પ્રમાણપત્ર

**'આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના**

**લાભ કોને મળે**

- 'પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના રાજયના ગ્રામ્ય શહેરી વિસ્તારના (નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઇડ એરીયા) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને લાગુ પાડવામાં આવી છે.

- 'પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના અંતર્ગત વાર્ષિક રૂા. ૪ લાખથી ઓછી આવક અને સીનીયર સીટીઝન માટે રૂા. ૬ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારના મહતમ ૫ સભ્યોને લાભ મળી શકે.

- 'પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના હેઠળ સામાજીક, આર્થિક અને જાતિ આધારીત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગનો સમાવેશ. કુટુંબની વ્યાખ્યામાં કોઇપણ મર્યાદા વગર તમામ સભ્યોને લાભ મળશે.

**લાભ કયાંથી મળે**

- આ યોજના હેઠળ સરકારી તેમજ નોંધાયેલ ખાનગી હોસ્પિટલોમાં સંબંધિત સેવાઓ ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

- સૌ પ્રથમ લાભાર્થીનું નામ અને તેમના કુટુંબના સભ્યોના નામ નિયત માપદંડો ધરાવતા સામાજીક, આર્થિક અને જાતિ આધારીત સર્વેક્ષણ ૨૦૧૧ ની યાદીમાં હોવું જરૂરી છે.

- લાભાર્થીએ પોતાના આધારકાર્ડ, ઈ-કાર્ડ, 'મા' અથવા 'મા વાત્સલ્ય' કાર્ડમાંથી કોઇપણ એક કાર્ડ અને પોતાનું રાશનકાર્ડ સી.એચ.સી. તેમજ યોજના સાથે સંકળાયેલ હોસ્પિટલને લઇ જવાનું રહેશે.

- હોસ્પિટલ કક્ષાએ પ્રધાનમંત્રી આરોગ્યમિત્રને ઉકત દસ્તાવેજ બતાવવાના રહેશે.

- લાભાર્થી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજોના આધારે પ્રધાનમંત્રી આરોગ્યમિત્ર સંપૂર્ણ ઓળખની ઓનલાઇન ખરાઇ મેળવશે અને ત્યારબાદ ઈ-કાર્ડ આપશે.

- ખરાઇ થયા પછી લાભાર્થી યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.

**યોજના અંતર્ગત સહાય/લાભ**

- વાર્ષિક રૂા. ૧૦ લાખ સુધીની સારવાર યોજના હેઠળ નોંધાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મફત સારવાર આરોગ્ય વીમા કવચ.

- યોજના હેઠળ પ્રાથમિક સેકન્ડરી અને ગંભીર બિમારીઓ જેમ કે આંખના રોગો, કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગો, ગંભીર ઇજાઓ, નવજાત શીશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘુંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ, કિડની અને લીવરના ટ્રાન્સપ્લાન્ટેશન વગેરે માટે રૂા. ૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

## ૦૫ જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

### ૦૨ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના

**લાભ કોને મળે**

- વ્યકિતગત શૌચાલય માટે બી.પી.એલ. અને જનરલ લાભાર્થી
- વ્યકિતગત શૌચાલય માટે એ.પી.એલ. લાભાર્થીમાં પાંચ કેટેગરી ના :
- (૧) એસ.સી/એસ.ટી. (૨) નાના સીમાંત ખેડૂત (૩) જમીન વિહોણા ખેતમજુર (૪) શારીરીક વિકલાંગ (૫) કુટુંબ મહિલા વડા.
- સામૂહિક શૌચાલય જમીનની સગવડતા ન ધરાવતા શૌચાલય વિહોણાંની સંયુકત ભાગીદારી ધરાવતા કુટુંબો ને.
- ઘન કચરાના નિકાલ માટે સાધનો પૂરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતા ગામો માટે લોકભાગીદારી થી કામો કરવામાં આવે છે.

**કેટલો લાભ મળે :**

- વ્યકિતગત શૌચાલય માટે બી.પી.એલ. તથા એ.પી.એલ. (પાંચ કેટેગરી) રૂા. ૧૨,૦૦૦/- ની સહાય, તેમજ એ.પી.એલ. (જનરલ) રૂા. ૮૦૦૦/-
- સામૂહિક શૌચાલય માટે કુલ રૂા. ૨,૦૦,૦૦૦/- (લોકફાળો રૂા. ૨૦,૦૦૦/- તથા યોજનાકીય રૂા. ૧,૮૦,૦૦૦/- સહાય).
- ઘન કચરા નિકાલ માટે સાધનો પૂરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતા ગામો માટે
  (૧) ૧૫૦ કુટુંબ સુધી રૂા. ૭.૦૦ લાખ
  (૨) ૩૦૦ કુટુંબ સુધી રૂા. ૧૨.૦૦ લાખ
  (૩) ૫૦૦ કુટુંબ સુધી રૂા. ૧૫.૦૦ લાખ
  (૪) ૫૦૦ થી વધુ કુટુંબ રૂા. ૨૦.૦૦ લાખ

**લાભ કયાંથી મળે ?**

- તલાટી-કમ-મંત્રીશ્રી, કલસ્ટર કો-ઓર્ડિનેટર, બ્લોક કો-ઓર્ડિનેટર, સિવિલ એન્જીનીયર તથા નિર્મળ દૂત દ્વારા અરજી ફોર્મ ભરી ગ્રામ પંચાયત દ્વારા તાલુકા કક્ષાએ અરજી પહોંચાડવી.
- તાલુકા પંચાયત કચેરી, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના શાખા.

**કયા કયા પુરાવા જોઇએ**

- આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/વાહન લાયસન્સ/પાનકાર્ડ/MGNREGA જોબ કાર્ડ/રેશનકાર્ડ/બી.પી.એલ. કાર્ડ (કોઇપણ એક)
- ઘરવેરાની રસીદ
- બેંક પાસબુકની નકલ
- શૌચાલયનો ચાલુ તથા પૂર્ણકામનો લાભાર્થી સાથેનો ફોટા

**કયા લોકોને લાભ મળશે ? (પાત્રતા અને શરતો)**

રાજયના લોકોને ટીબી રોગ સહાય યોજના મેળવવા માટે તેની ચોકકસ પાત્રતાઓ નકકી થયેલી છે. જો તે પાત્રતાનું પાલન તમારી સાથે થશે તે જ ટીબી દર્દીને આ યોજનાનો લાભ મળશે. જે પાત્રતા નીચે મુજબ છે.

- ટી.બી. થી પીડિત દર્દી ગુજરાત રાજયના વતની હોવા જોઈએ.
- ટી.બી. ની સારવાર ૬ મહિનાની હોય છે માટે દર્દી સરકારી દવાખાનાની સારવાર લેતો હોય તેને આ યોજનાનો લાભ મળશે.
- ૬ મહિનાની ટીબીની સારવાર પૂર્ણ કરશે તેને જ આ લાભ મળશે.
- આ સહાય માટે જે વ્યકિત ને ટીબી ની બીમારી હોય અને તેઓ હાલ ટીબીની સારવાર સરકારી દવાખાને કરાવી રહ્યા હોય તેવા દર્દીઓ સહાય લઈ શકે છે.

**ટીબી રોગ સહાય યોજનામાં મળવાપાત્ર સહાય**

જે વ્યકિત ટીબી રોગ પીડિત છે, તેને ટીબી ની દવા લેવી પડે છે અને સાથે સારો ખોરાક પણ લેવો પડે તે માટે નિક્ષય પોષણ યોજના હેઠળ ખોરાક માટે ૩૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આમ ટીબી ના દર્દીને જયા સુધી તેમને ટીબી રોગ ની દવા ચાલુ હોઇ ત્યા સુધી દર મહીને ૫૦૦ રૂપિયા એટલે કે ટીબી રોગ ની દવા ૬ મહિના સુધી ચાલે છે. તો તેને ટીબીના દર્દીને કુલ ૩,૦૦૦/- રૂપિયાની સહાય મળે છે. આમ કુલ મળીને ટીબી દર્દીને રૂપિયા ૬૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

**ટીબી રોગ સહાય યોજનામાં અરજી કરવા માટે કયા કયા ડોકયુમેન્ટ જોઈએ ?**

- ટીબી રોગ સહાય યોજનાનો લાભ લેવા માટે તમારે ઓફલાઇન અરજી કરવાની રહેશે. જેના માટે નીચે મુજબના ડોકયુમેન્ટની જરૂર રહેશે. ત્યારે જ તમે ફોર્મ ભરી શકશો.
- લાભાર્થીનું આધારકાર્ડની ઝેરોક્ષ
- લાભાર્થીના રેશનકાર્ડ ની ઝેરોક્ષ.
- વાર્ષિક આવકનો દાખલો (ઉપર આપેલ આવક પ્રમાણે)
- અનુસૂચિત જાતિના લાભાર્થી માટે જાતિનો દાખલો.
- ટીબી રોગની સારવાર જયા ચાલુ હોય તે દવાખાના ના બધા રિપોર્ટ અથવા આધાર પુરાવા
- લાભાર્થીની બેંક પાસબુકની નકલ
- લાભાર્થીના ૨ ફોટા

**સંપર્ક કયાં કરવું ?**

- નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર સંપર્ક કરી શકાય.



| ૦૫ | જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ |
| --- | --- |
| ૦૪ | દીકરી યોજના |

**લાભ કોને મળે ?**

દીકરો ન હોય તેને ફકત એક કે બે દીકરીઓ હોય તેવા દંપતિ પૈકી કોઇ એક નસબંધી ઓપરેશન કરાવે તે સમયની લાભાર્થીની ઉંમર ૩૨ વર્ષથી ઓછી હોય તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવાની રાજ્ય સરકારની ખાસ પુરસ્કાર યોજના છે.

**લાભ ક્યાંથી મળે ?**

નજીકના સરકારી દવાખાનામાં

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

જે જગ્યાએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય તે કેન્દ્ર ખાતે અરજી કરવાની.

**યોજના અંતર્ગત સહાય/લાભ**

(૧) દીકરો ન હોય અને ફકત એક દીકરી હોય તેવા દંપતિને રૂા. ૬૦૦૦/- (NSC) બચતપત્રો

(૧) દીકરો ન હોય અને ફકત બે દીકરી હોય તેવા દંપતિને રૂા. ૫૦૦૦/- (NSC) બચતપત્રો



# મુખ્યમંત્રી રાહતફંડ (આરોગ્યલક્ષી ખર્ચમાં સહાય અર્થે)

**પ્રસ્તાવના**

કીડની/હૃદય/કેન્સર/રોગની સારવાર/ઓપરેશનના ખર્ચને પહોંચી વળવા માટે માન. મુખ્યમંત્રીના રાહતફંડમાંથી સરકારશ્રીએ નકકી કરેલ જે-તે હોસ્પિટલના નામે પેનલ દ્વારા નકકી કરેલ નિયમનાસુર રકમ નો ચેક આપવામાં આવે છે. ઉપરોકત રોગ ધરાવતા દર્દી પાસે જો મુખ્યમંત્રી માં અમૃતમ/વાત્સલ્ય યોજના અથવા પ્રધાનમંત્રી આરોગ્ય યોજના કાર્ડ (આયુષ્યમાન કાર્ડ) હોય પરંતુ સારવાર માટેની રકમ નો અંદાજ ૫ લાખ થી વધુ હોઈ તો મુખ્યમંત્રી રાહતફંડમાં સહાય માટે આવેદન કરી શકાય છે.

**શરતો**

- આવેદન કરનારની પારીવારીક વાર્ષિક આવક રૂા. ૧,૫૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ.
- દર્દીને હોસ્પિટલ દ્વારા આપેલ અંદાજ મુજબ ઓપરેશન ખર્ચ ચૂકવેલ ના હોવો જોઈએ કે ઓપરેશન આવેદન આપવા પહેલા કરાવવું જોઈએ નહિ.
- આવેદન કરનાર કુટુંબ ના કોઈપણ સભ્ય નોકરી કે વ્યવસાય કે પેન્શનના ભાગરૂપે રિએમ્બર્સમેન્ટ (ખર્ચ સરભર) નો લાભ મેળવતા ના હોવા જોઈએ અથવા કોઈપણ પ્રકારના વીમાના રક્ષણ હેઠળ વળતરનો લાભ લીધેલ ના હોવો જોઈએ.
- દર્દીએ સારવાર/ઓપરેશન માટે અગાઉ માન. મુખ્યમંત્રીના રાહતફંડમાં અગાઉ અરજી કરેલ ના હોવી જોઈએ.

**જે-તે રોગની સારવાર/ઓપરેશન માટે સરકારશ્રીએ નિયુકત કરેલ હોસ્પિટલો**

**હૃદયના ઓપરેશન માટે માન્ય હોસ્પિટલ**

૧ યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.
ર. શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬
૩. ધરમસિંહ દેસાઇ મેમોરીયલ મેથોડીસ્ક ઈન્સ્ટીટયુટ ઓફ કોર્ડિયોલોજી, મિશન રોડ, નડીયાદ-૩૮૭૦૦૨
૪. શ્રી બી.ડી.મહેતા મહાવીર હાર્ટ ઈન્સ્ટીટ્યૂટ, શ્રી મહાવીર હેલ્થ કેમ્પસ, અઠવાગેટ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૧
૫. ઇ.એમ. ચેરીટેબલ સંચાલિત પી.પી.સવાણી હાર્ટ ઈન્સ્ટીટયુટ, પ્લોટ નં. ૧ થી ૮, સિદ્ધકુટીર ઇન્ડ એસ્ટેટ, ચોથો માળ, સિદ્ધકુટીર મંદિરની બાજુમાં, વરાછા હાયર બ્રિગેડની સામે, વરાછા રોડ, સુરત.

**કીડની ટ્રાન્સપ્લાન્ટ માટે માન્ય હોસ્પિટલ**

૧. ઈન્સ્ટીટયૂટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ૩૮૦૦૧૬
ર. રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયૂટ, ૧૪ તિરુપતિનગર, નિર્મલા કોર્ન્વેન્ટની સામે, રાજકોટ-૦૭

**રજુ કરવાના પુરાવાઓ**

૧ દર્દી અથવા તેના પરિવારની આવક દર્શાવતો મામલતદારશ્રીનો દાખલો
ર. ધારાસભ્યની શ્રી ભલામણ ચિઠ્ઠી
૩. દર્દી દ્વારા મુખ્યમંત્રીશ્રીને અરજી
૪. ઓ.પી.ડી. કેસની ઝેરોક્ષ
૫. રેશનકાર્ડની ઝેરોક્ષ
૬. સારવારનો અંદાજીત ખર્ચનો લેટર (હોસ્પિટલ દ્વારા)

૭. ૫૦. રૂા. ના સ્ટેમ્પ પર સોગંદનામું
૮. ઓપરેશન બાકી છે તેવું ડોકટરનું સર્ટીફિકેટ (અસલ)
અથવા ઇમરજન્સીમાં ઓપરેશન થયેલ હોય તો ઇમરજન્સીમાં ઓપરેશન થયું છે તેવું ડોકટરનું સર્ટીફિકેટ (અસલ)

દરેક પુરાવાઓને ભેગા કરી જો નકલ માંગી હોઇ તો નોટરીના સિક્કા મરાવી માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર, સરદાર પટેલ ભવન ખાતે પોસ્ટ દ્વારા મોકલવું.

અરજી મંજુર કે નામંજુર નો જવાબ આપશ્રીને ૧૦ દિવસ સુધીમાં મળી જશે.



## શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

**કોને લાભ મળે**

નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકો.

**શુ લાભ મળે ?**

- આરોગ્ય તપાસ અને સારવાર
- સંદર્ભ સેવા
- વિનામૂલ્યે ચશ્મા વિતરણ
- હદય, કીડની તેમજ કેન્સર જેવા ગંભીર રોગની કીડની પ્રત્યારોપણ સહિતની સારવાર.
- કીડની, લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીચર ઇમ્પલાન્ટ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સારવાર.
- કપાયેલા હોંઠ, તાળવું (કલેફ્ટ લીપ/પેલેટ), કલબફૂટ, જન્મજાત બધિરતા જેવી જન્મજાત ખામીઓની સારવાર.
- જુવેનાઇલ ડાયાબીટીસ અને વાઇની બીમારીઓનો પણ સમાવેશ.
- માનસિક આરોગ્ય (મેન્ટલ હેલ્થ) નો સમાવેશ.

**કયાંથી લાભ મળે ?**

આ યોજનાનો લાભ તમામ સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ.

**લાભ મેળવવાની પદ્ધતિ**

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર જણાય તો સી.એચ.સી./હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે. જેનું સદર્ભ કાર્ડ તબીબી અધિકારી દ્વારા ભરી આપવામાં આવે છે. હદય, કીડની જેવી ગંભીર બીમારીવાળા બાળકોને રાજયની માન્ય હોસ્પિટલમાં વિનામુલ્યે સારવાર.

## કુપોષણ મુકત ગુજરાત અભિયાન

**લાભ કોને મળે**

નવજાત શિશુથી લઇ ૬ વર્ષના તમામ બાળકો
તમામ અતિગંભીર કુપોષિત બાળકો (SAM)

**શુ લાભ મળે ?**

- આ યોજના અંતર્ગત ૬ વર્ષ સુધીના અતિગંભીર કુપોષિત બાળકોને ક્ષેત્રીય તથા સંસ્થા ખાતે સારવાર આપવામાં આવે છે.
- આ કામગીરી આંતર વિભાગીય સંકલન દ્વારા થાય છે.
- બીમારી ન હોય તેવા અતિગંભીર કુપોષિત બાળકોની આંગણવાડી ખાતે સામુદાયિક સ્તરે સારવાર (CMAM) કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવશે તથા બીમાર અતિગંભીર કુપોષિત બાળકોને આરોગ્ય સંસ્થા ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) અને બાલ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે તબીબી સારવાર અને પોષણ પુર્વસન અર્થે મોકલવામાં આવે છે.

**કયાંથી લાભ મળે ?**

- આ યોજનાનો લાભ ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્ર, તાલુકા કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર અને જીલ્લા કક્ષાએ જીલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ હોસ્પિટલમાં મળશે. જયારે શહેરી વિસ્તારમાં પણ આ યોજનાનો લાભ મળી શકશે.

**લાભ મેળવવાની પદ્ધતિ**

- આંગણવાડી કાર્યકર અને આશા વર્કર ગામના તમામ બાળકોની નોંધણી કરી યાદી બનાવશે, ત્યારબાદ સ્ત્રી આરોગ્ય કાર્યકર આ બાળકોનું સ્ક્રીનીંગ કરશે.
- જેમા તબીબી સારવાર જરૂરીયાત સિવાયના બાળકોને સામુદાયિક સ્તરે આંગણવાડી ખાતે થેરાપ્યુટીક કોમ્પ્લીમેન્ત્રી ફૂડ મારફત સારવાર કરવામાં આવે છે.
- જયારે સામાન્ય તથા સાધન તબીબી સારવારની જરૂરીયાતવાળા બાળકોને ક્રમશઃ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) પર અને જીલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે કાર્યરત બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર સારવાર અર્થે મોકલવામાં આવે છે.
- ઉપરાંત, મમતા દિવસે અને હોસ્પિટલમાં ઓ.પી.ડી. દરમ્યાન કુપોષિત બાળકોનું સ્ક્રીનીંગ કરી તેઓને બાળ સેવા કેન્દ્ર (CMTC) / બાલ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવામાં આવે છે.

**લાભ કોને મળે ?**

એસઈસીસી-૨૦૧૧ માં સમાવેશ થયેલ ગ્રામીણ વિસ્તારના લાભાર્થીને રૂા. ૧,૨૦,૦૦૦/- ની આવાસ બાંધકામની સહાય આપવામાં આવે છે.

**કેટલો લાભ મળે ?**

કુલ સહાય રૂા. ૧,૨૦,૦૦૦/-
પ્રથમ હપ્તો રૂા. ૩૦,૦૦૦/- (આવાસ મંજુરીના હુકમ સાથે)
બીજો હપ્તો રૂા. ૫૦,૦૦૦/- (આવાસનું બાંધકામ વિન્ડોસીલ)
ત્રીજો હપ્તો રૂા. ૪૦,૦૦૦/- (શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી)
ઉપરાંત ૬ માસની અંદર આવાસ પૂર્ણ થાય તો રાજ્ય સરકાર તરફથી વધારાની રૂા. ૨૦,૦૦૦/- ની અતિરિક્ત સહાય આપવામાં આવે છે.


પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મનરેગા યોજનાના લાભાર્થીઓને ૯૦ દિવસ સુધીની રોજગારી આપવામાં આવે છે. જે વધુમાં વધુ ૯૦ દિવસ પ્રતિદિન રૂા. ૧૯૯/- મુજબ કુલ રૂા. ૧૭,૯૧૦/- કામના પ્રમાણમાં મળવાપાત્ર થાય છે.

**લાભ ક્યાંથી મળે ?**

આઈ.આર.ડી.શાખા, જે તે તાલુકાની તાલુકા પંચાયત કચેરીમાં અરજી કરવી.

**કયા કયા પુરાવાઓ જોઈએ :**

આવકનો દાખલો, જાતિનો દાખલો, બેંક ખાતાની નકલ, આધારકાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ, જોબ કાર્ડ, જમીનની ૭-૧૨ ની નકલ જો હોય તો, ગ્રામસભાનો ઠરાવ, પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા, ઘરથાળનો પ્લોટ આકારણી, બાંધકામ રજાચિઠ્ઠી.



| ૦૬ | આવાસ યોજનાઓ |
|---|---|
| ૦૨ | ડૉ. આંબેડકર આવાસ યોજના |

**યોજનાનો હેતુ**

અનુસૂચિત જાતિના ઘરવિહોણા, ખુલ્લો પ્લોટ ધરાવતા, રહેવા લાયક ન હોય તેવું કાચુ ગાર માટીનું તથા પ્રથમ માળ ઉપર મકાન બાંધવા માટે રૂા. ૧,૨૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચુકવવામાં આવે છે. રૂા. ૧,૨૦,૦૦૦ સહાય પૈકી પ્રથમ હપ્તો રૂા. ૪૦,૦૦૦, બીજો હપ્તો રૂા. ૬૦,૦૦૦ અને ત્રીજો હપ્તો રૂા. ૨૦,૦૦૦/- આપવામાં આવે છે.

**નિયમો અને શરતો**

લાભાર્થી દ્વારા અથવા લાભાર્થીના અન્ય કુટુંબના સભ્યો દ્વારા અમલિત અન્ય કોઈપણ આવાસ યોજના હેઠળ લાભ લીધેલ ન હોવો જોઈએ.

ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ સહાયથી મકાનનું સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થાય નહી તેથી બાકીની રકમ લાભાર્થીને પોતે ઉમેરીને મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂા. ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂા. ૧,૫૦,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ.

આવાસ સહાય ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી માટે રૂા. ૧૬,૯૨૦ તે યોજનાના નિયમો મુજબ તાલુકા પંચાયતની નરેગા બ્રાંચ તરફથી મેળવી શકાશે.

**રજુ કરવાના પુરાવાઓ**

- અરજદારનું આધારકાર્ડ
- અરજદારનું રેશનકાર્ડ
- અરજદારની જાતિ/પેટાજાતિ નો દાખલો
- રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/લાઈસન્સ/ભાડાકરાર/ચુંટણીકાર્ડ/રેશનકાર્ડ પૈકી કોઈપણ એક)
- જમીન માલિકીનું આધાર/દસ્તાવેજ/અકારની પત્રક/હકપત્રક/સનદપત્રક (જે લાગુ પડતુ હોય તે)
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારનું નામનું)
- પતિના મરણ નો દાખલો (જો વિધવા હોય તો)
- જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીન ના ક્ષેત્રફળ જણાવતા ચતુર્દિશા નકશાની નકલ (તલાટી-કમ-મંત્રીશ્રી) ની સહીવાળી.
- ચૂંટણી ઓળખપત્ર
- મકાન બાંધકામ ચિઠ્ઠી
- અગાઉ આ યોજનામાં લાભ લીધો નથી તે અંગેનું સોગંધનામું

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

આ સેવાનો લાભ હવે ઓનલાઈન સમાજ કલ્યાણ ની વેબસાઈટ પરથી મેળવી શકો છો.

ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે જીલ્લા અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગ અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યા) જઈ તપાસ કરાવવાના રહેશે.

**લાભ કોને મળે ?**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુકત જાતિઓ અને આર્થિક રીતે પછાત વર્ગ માટે વ્યકિતગત મકાન સહાય. લાભાર્થી પાસે પોતાનો પ્લોટ હોવો જોઈએ. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામીણ વિસ્તાર માટે રૂા. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૫૦,૦૦૦/-

**કેટલો લાભ મળે ?**

શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે સમાન ધોરણે રૂા. ૧,૨૦,૦૦૦/- અને ૯૦ દિવસની બિનકુશળ રોજગારી મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ રૂા. ૧૬,૯૨૦/- શૌચાલય બાંધકામ માટે રૂા. ૧૨,૦૦૦/- કુલ સહાય રૂા. ૧,૪૮,૯૨૦/- (પોતાની માલિકીની જમીનનો પ્લોટ હોવો જોઇએ)

**લાભ કયાંથી મળે ?**

નાયબ નિયામક - વિકસતી જાતી કલ્યાણ કચેરી
આ યોજનામાં અરજી માર્ચ થી જુલાઇ વચ્ચે ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પર અરજી કરી શકાય છે.

**કયા કયા પુરાવાઓ જોઇએ**

- આવકનો દાખલો
- જાતિનો દાખલો
- રાશનકાર્ડનો નકલ
- ચૂંટણી કાર્ડની નકલ
- આકારાણી પત્રક
- બાંધકામની મંજુરીપત્ર
- વેરાભર્યાની પહોંચ
- આધારકાર્ડની નકલ
- બેંક પાસબુકની નકલ
- સંયુકત ફોટો (જો પતિ-પત્ની હોય તો)
- જમીન માલિકીનો આધાર (તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર )
- નિયત નમુનાનુ સોગંદનામું



## ૦૭ ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ

### ૦૧ માનવ કલ્યાણ યોજના

**ઠરાવ:**

માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો(ટ્રેડ)ની સંખ્યામાં તથા વિતરણ પદ્ધતિમાં ફેરફાર કરવાની બાબત તથા યોજનાને વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકાર દ્વારા તાલીમ, ટુલકીટ, ધિરાણ પર સહાય આપવાનું નીચે મુજબની શરતો અને જોગવાઈઓને આધીન આથી ઠરાવવામાં આવે છે.

**યોજનાનું સંચાલન અને અમલીકરણ:**

- માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવાથી હવે પછી "માનવ કલ્યાણ યોજના" અમલમાં રહેશે.
- માનવ કલ્યાણ યોજનાનું અમલીકરણ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી દ્વારા કરવામાં આવશે. તાલીમ સંબંધીત તમામ કામગીરી માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.
- ટુલકીટને સંબંધીત તમામ આનુષંગિક કામગીરી માટે ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.
- માનવ કલ્યાણ યોજના હેઠળ તમામ અરજદારોએ ઓનલાઈન અરજી "ઈ-કુટીર પોર્ટલ" પર કરવાની રહેશે.
- માનવ કલ્યાણ યોજનાનું અમલીકરણ તથા લાભાર્થીની પસંદગી "ઈ-કુટીર પોર્ટલ" મારફતે જ કરવાની રહેશે.

**માનવ કલ્યાણ યોજના અંતર્ગત નીચે મુજબની પદ્ધતિ અપનાવવાની રહેશે.**

- માનવ કલ્યાણ યોજના હેઠળ તમામ અરજદારોએ ઓનલાઈન અરજી "ઈ-કુટીર પોર્ટલ" પર કરવાની રહેશે.
- જો અરજદારશ્રી બેઝિક તાલીમ મેળવવા ઈચ્છુક હોય તો, તેમણે ઓનલાઈન અરજી કરતી વખતે જ તે અંગેનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- અરજદાર દ્વારા ઓનલાઈન કરવામાં આવેલ અરજીનું વેરિફિકેશન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ કરવાનું રહેશે.
- જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ અરજદારશ્રીની અરજીની ચકાસણી થયા બાદ તે પૈકી પસંદગી પામેલ અરજીઓ ઓનલાઈન ડ્રો માટે જીલ્લા કક્ષાની સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે.
- ઓનલાઈન ડ્રો માં પસંદગી પામેલ લાભાર્થીઓને જ તેમની અરજી અનુસાર બેઝિક તાલીમ અને ટુલકીટ મળવાપાત્ર થશે.

**બેઝીક તાલીમ:**

- ઓનલાઈન ડ્રો માં સિલેકટ થયેલ લાભાર્થિઓને 5 દિવસની જરૂરિયાત મુજબની બેઝિક તાલીમ(ઉદ્યોગ સાહસિકતા અને સોફ્ટ સ્કીલ્સની તાલીમ, માર્કેટીંગ, ઓનલાઈન પેમેન્ટ). બેઝિક તાલીમ વૈકલ્પિક રહેશે.

- ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, RSETI (Rural Self Employment Training Institute) તથા અન્ય સંસ્થાઓ મારફતે ટ્રેનિંગ આપવામાં આવશે.
- લાભાર્થીની હાજરીને આધારે દૈનિક રૂ.૫૦૦/- સ્ટાઈપેન્ડ DBT(Direct Benefit Transfer) પદ્ધતિ મારફતે જ મળવાપાત્ર થશે.
- જે લાભાર્થીઓએ તાલીમનો વિકલ્પ પસંદ કરેલ ન હોય તેમને સીધી જ ટૂલકીટ મેળવવા માટે ઈ- વાઉચર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**માનવ કલ્યાણ યોજના અંતર્ગત નીચે 10 ટ્રેડ માટે લાભાર્થીઓને ટૂલકીટ મળવાપાત્ર થશે.**

| ક્રમ | ટૂલકીટનું નામ |
|---|---|
| 1 | સેન્ટ્રીંગ કામ |
| 2 | વાહન સર્વિસિંગ અને રીપેરીંગ |
| 3 | ભરતકામ |
| 4 | પ્લમ્બર |
| 5 | બ્યુટી પાર્લર |

| ક્રમ | ટૂલકીટનું નામ |
|---|---|
| 1 | ઈલેક્ટ્રિક એપ્લાયન્સીસ |
| 2 | દૂધ દહીં વેચનાર |
| 3 | પાપડ બનાવટ |
| 4 | અથાણા બનાવટ |
| 5 | પંચર કીટ |

- ઉપર્યુક્ત ૧૦ ટ્રેડ માટે ટુલકિટ્સની મહત્તમ કિંમત ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: TAP-૧૦૨૦૧૧-૪૫૦૦૦૭-ખ, તા.૧૧/૦૯/૨૦૧૮ મુજબની જ રહેશે.
- નાણાંકીય વર્ષના અંતે મળેલ અરજીઓની ચકાસણી થયા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએઓનલાઈન ડ્રો માટે મંજૂર થયેલ પરંતુ ઓનલાઈન ડ્રોમાં પસંદ ન થયેલ અરજીઓને આવતા વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.
- ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી દ્વારા નિયુકત કરાયેલ ડીલર્સ દ્વારા લાભાર્થીને તેની પસંદગી મુજબની ટૂલકીટ ઈ-વાઉચર પદ્ધતિ અનુસાર મળવાપાત્ર થશે.
- ઈ-વાઉચર દ્વારા ટુલકિટ વિતરણ બાદ ગ્રીમકો કચેરીએ ડીલર્સને ટુલકિટની રકમનું ચૂકવણું કરવાનું રહેશે.
- ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી દ્વારા ટેન્ડર પદ્ધતિથી થર્ડ પાર્ટી એજન્સીની પસંદગી કરવાની રહેશે.
- ઈ-વાઉચર પદ્ધતિથી વિતરણ કરવામાં આવેલ ટુલકિટ મળ્યા અંગેનું ૧00% વેરિફિકેશન થર્ડ પાર્ટી એજન્સીએ કરવાનું રહેશે. જિલ્લા દીઠ ૧00% વેરિફિકેશન અંગેનુ પ્રમાણપત્ર ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરીએ કમિશનરશ્રી, કુટીર અને ગ્રામદ્યોગની કચેરીને રજૂ કરવાનું રહેશે..
- થર્ડ પાર્ટી એજન્સીના વેરિફિકેશન બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૧0% ટુલકિટનું ટીમ બનાવીને ઈન્સ્પેક્શન કરવાનું રહેશે. જિલ્લા દીઠ ૧0% ઈન્સ્પેક્શન કર્યા અંગેનુ પ્રમાણપત્ર તમામ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીએ કમિશનરશ્રી, કુટીર અને ગ્રામદ્યોગની કચેરીને રજૂ કરવાનું રહેશે.

## ૦૭ ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ

### ૦૧ માનવ કલ્યાણ યોજના

**કોને લાભ મળે ?**

1. અરજદારશ્રીની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની હોવી જોઈએ.
2. આ યોજના ગુજરાતના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોના તમામ લોકોને લાગુ પડશે.
3. કુટુંબ દીઠ એક લાભાર્થી જ આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.
4. વિધવા અને બી.પી.એલ. કાર્ડ ધરાવનાર (0 થી ૧૬ બી.પી.એલ સ્કોર ધરાવનાર) તથા ઓછી આવક ધરાવતાં લાભાર્થીઓની અરજીઓને અગ્રતા આપવાની રહેશે.
5. કુટુંબમાં કોઈ પણ વ્યક્તિ સરકારી કર્મચારી ન હોવો જોઈએ.
6. માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન ઓજાર સ્વરૂપે સહાય મેળવવા કુટુંબની આવક મર્યાદા રૂ.૬ લાખ રહેશે.
7. અનુસૂચિત જાતિ પૈકીના અતિ પછાત વર્ગની ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાત તેમજ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહીં.
8. નાણાંકીય વર્ષના અંતે મળેલ અરજીઓની ચકાસણી થયા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ઓનલાઈન ડ્રો માટે મંજૂર થયેલ પરંતુ ઓનલાઈન ડ્રોમાં પસંદ ન થયેલ અરજીઓને આવતા વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.

આ યોજનાનાં અમલીકરણ માટે વિગતવાર સુચનાઓ કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીએ નિયત સમયે બહાર પાડશે.

**લાભ કોને મળે ?**

કોઈપણ ભારતીય નાગરીક અથવા ફર્મ જે નવો ધંધો શરૂ કરવા માગતા હોય અથવા ચાલુ ધંધાને વધારવા માગતા હોય અને જેની નાણાકીય જરૂરીયાત રૂા. ૧૦ લાખ હોય.

**કેટલો લાભ મળે ?**

| | | |
|---|---|---|
| શિશુલોન | - | રૂા. ૫૦,૦૦૦/- |
| કિશોર લોન | - | રૂા. ૫૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- |
| તરૂણ લોન | - | રૂા. ૫,૦૦,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- |

**શરતો :**


- આ યોજના અનુસાર સામાન્ય માણસ ગેરંટી વગર લોન અરજી કરી શકે છે.
- કોઈપણ પ્રકારની પ્રોસેસ ફી નથી હોતી.
- આ યોજનામાં વર્કીંગ કેપીટલ લોન મુદ્રા કાર્ડ દ્વારા આપી શકાય છે.

**લાભ ક્યાંથી મળે ?**

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, ગ્રામીણ બેંકો, સહકારી બેંકો દ્વારા આ યોજના હેઠળ ધિરાણ આપવામાં આવે છે.
- નાના ધંધાવાળા જે માલિક હોય અથવા ભાગીદારી પેઢી દ્વારા ધંધો ચલાવતા હોય તેમજ ઉત્પાદન કરતા એકમો તેમજ સેવાક્ષેત્રમાં સંકળાયેલા એકમો આ યોજના હેઠળ લોન મેળવી શકે છે.

**કયા કયા પુરાવાઓ જોઈએ ?**

લોન મેળવવા માટે નિયત નમૂનાનું અરજીપત્રક, પાસપોર્ટ સાઈઝના ફોટા, ફોટાવાળું ઓળખપત્ર એટલે કે આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ (કોઈપણ એક) રહેઠાણનો પુરાવો, છેલ્લા છ માસની બેંક પાસબુકની નકલ/સ્ટેટમેન્ટ, ઓફીસ/એકમ નોંધણીનો પુરાવો (એસ્ટાબ્લીસમેન્ટ પ્રુફ).



## ૦૭ ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ

### ૦૩ દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના

**લાભ કોને મળે ?**

- શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આર્ટીઝન તરીકે નોંધાયેલ કારીગરોને.
- ઉંમર ૧૮ વર્ષથી વધુ.
- કારીગર વિકાસ કમિશ્નર હેન્ડલુમ/વિકાસ કમિશ્નર હેન્ડીક્રાફટ/ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા અપાયેલ આર્ટીઝન તરીકેનું ઓળખપત્ર ધરાવતો હોવો જોઇએ.
- કારીગર હાથશાળ કે હસ્તકલાની કારીગીરીનો જાણકાર હોવો જોઇએ.
- ખોડખાંપણ ધરાવતા વિકલાંગ/અંધ કારીગરો પણ આ યોજનાનો લાભ લઇ શકશે.
- આવક મર્યાદા નથી.

**કેટલો લાભ મળે ?**

આ યોજનામાં લાભાર્થીને રૂા. ૧.૦૦ લાખની મહત્તમ મર્યાદામાં મશીનરી અથવા વર્કીંગ કેપીટલ (કાચો માલ ખરીદવા માટે) અથવા બંને માટે ધિરાણ મળી શકશે.

માર્જીનમની સહાય : આ યોજના હેઠળ બેંક દ્વારા મંજૂર થયેલ લોન ધિરાણ થયા બાદ નીચે મુજબ માર્જીનમની સહાય ચૂકવવાની રહેશે.

**માર્જીનમની સહાય**

| જનરલ કેટેગરી પુરુષ | અનામત કેટેગરી (અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ મહીલા/૪૦ ટકા કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|
| ૨૦ ટકા | ૨૫ ટકા |

વ્યાજ સહાય : આ યોજના હેઠળ ૭ (સાત) ટકાના દરે વ્યાજ સહાય મળવાપાત્ર થશે, જે સહાય દર ૬ (છ) મહિને બેંક તરફથી કલેઇમ મળ્યેથી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની રહેશે. આ સહાય મહત્તમ ત્રણ વર્ષ સુધી જ મળવાપાત્ર રહેશે. વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી નિયમીત બેંક નકકી કરે તે મુજબ હપ્તા ભરનાર લાભાર્થીને બેંકની ભલામણથી ફરીથી આ યોજના હેઠળ વ્યાજ સહાયનો લાભ આપી શકાશે. પરંતુ મહત્તમ ત્રણ વાર આ જ શરતો હેઠળ આ યોજનાનો લાભ મળી શકશે.

અમલીકરણ એજન્સીઓ : ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તમામ અરજીઓ માટે જે તે જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે.

જરૂરી દસ્તાવેજો

નિયત અરજીપત્રક (બે નકલમાં), પાસપોર્ટ સાઇઝ ફોટો, ચુંટણીકાર્ડ/આધાર કાર્ડ, આર્ટીજન કાર્ડ, જન્મ પ્રમાણપત્ર / સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, જો સાધન ઓજાર ખરીદવાના ટીન/વેટ નંબરવાળા ભાવ પત્રક, સુચિત ધંધાના સ્થળના આધાર પુરાવા, વીજળી વપરાશ કરવાની હોય તો તેના પુરાવા, સંમતી પત્રક

**પારંપરીક શિલ્પકારો અને કારીગરોને સહાયતા માટેની કેન્દ્રીય યોજના**

**યોજનાના મુખ્ય હેતુઓ**


- ૧૩ હજાર કરોડ રૂપિયાની બજેટની જોગવાઇ.
- ૧૮ પારંપરીક વ્યવસાયો સામેલ.
- શિલ્પકારો અને કારીગરો ને પ્રમાણપત્ર અને આઇ ડી કાર્ડ દ્વારા માન્યતા મળશે.
  પ્રથમ તબકકામાં ૧ લાખ રૂપિયા સુધીની અને બીજા તબકકામાં ર લાખ રૂપિયા સુધીની મદદ માત્ર ૫ ટકાના દર પર યોજના અંતર્ગત કૌશલ વિકાસ પ્રશિક્ષણ, ટુલકીટ લાભ, ડિજીટલ લેવડ દેવડ પર ઇન્સેટીવ અને માર્કેટીંગ સપોર્ટ મળી રહેશે.

**જરૂરી ડોકયુમેન્ટ**

- આધાર કાર્ડ
- પાન કાર્ડ
- રેશન કાર્ડ
- આધાર કાર્ડ સાથે લિંક મોબાઇલ નંબર સેવિંગ બેંક ખાતા ની વિગત
- પરિવારના તમામ સભ્યોના આધારકાર્ડ પરિવારમાંથી ફકત એક જ વ્યકિતનું કાર્ડ બનશે.

**લાભાર્થી**

- સુથારી કામ
- નાવ બનાવવાનું કામ કરનાર
- અસ્ત્ર બનાવનાર
- લુહાર
- તાળું બનાવનાર
- હથોડા અને ટુલકીટ બનાવનાર
- સોનાર (સોની)
- કુંભાર
- મુર્તિકાર/પથ્થર કોતરણીકાર
- મોચી કામ
- કડિયા કામ
- ટોપલી, ચટ્ટાઇ, સાવરણી બનાવનાર
- પારંપરીક ઢીંગલી અને રમકડાં બનાવનાર
- નાચી (વાળંદ)
- માળાઓ બનાવનાર
- ધોબી
- દરજી
- માછલીની જાળ બનાવવાનું કામ કરનાર



**અરજી કયાં કરવી**

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો લાભ મેળવવા માટે યોજનાની સત્તાવાર વેબસાઇટ www.pmvishwkarma.gov.in પર અરજી કરવાની રહેશે.

| ૦૭ | ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૫ | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) |

**યોજનાનો ઉદેશ**

ગ્રામીણ ગરીબ પરિવારની મહિલાઓને સમૂહના માધ્યમથી ગરીબીમાંથી બહાર લાવી તેની આજીવીકામાં વધારો થાય.

**લાભ કોને મળે ?**

- ગ્રામ્ય ગરીબ પરિવારની મહિલાઓ જે - તે ગામના રહીશ હોવા જોઈએ.
- બી.પી.એલ. પરિવારના હોવા જોઈએ અથવા વર્ષ ૨૦૧૧ ની એસ.સી.ઈ.સી. SCEC યાદીમાં નામ હોવું જોઈએ
- ગ્રામ પંચાયત ધ્વારા ઠરાવ સ્વ સહાય જુથમાં જોડવા બાદ નીચે મુજબના લાભ મળવાપાત્ર છે.
- મંડળની રચના બાદ એસએચજીને રૂા. ૩૦,૦૦૦/- રીવોલ્વીંગ ફંડ મળવાપાત્ર છે.
- સ્વસહાય જુથને રૂા. ૨૫૦૦/- (બે હજાર પાંચ સો) સ્ટાર્ટઅપ ફંડ અને ગ્રામ્ય સંગઠન
- રૂા. ૭૫,૦૦૦/- (પંચોતેર હજાર) સ્ટાર્ટઅપ ફંડ મળવાપાત્ર છે.
- દરેક સ્વ સહાય જૂથને રૂા. ૨,૦૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- કેસ ક્રેડીટ લોન મારફત મળી શકે છે.
- કેશ ક્રેડીટ લોન પર ૫ (પાંચ) ટકા વ્યાજ સહાય મળવાપાત્ર છે.
- પ્રત્યેક ગ્રામ સંગઠન દીઠ વધુમાં વધુ રૂા. ૭ લાખ કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ મળવાપાત્ર છે.
- એક એસ.સી.ઈ.સી.ને રૂા. ૧,૫૦,૦૦૦/- કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ મળવાપાત્ર છે.
- વિનામુલ્યે સ્વ રોજગારી તાલીમ આપી ઉત્પાદીત વસ્તુના વેચાણ માટેની માર્કેટ વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.
- ઉપરોકત નાણાકીય ભંડોળમાંથી સભ્યને આંતરીક ધિરાણ પેટે સહાય મળે છે.
- આ ઉપરાંત એસ.સી.ઈ.સી.માં જોડાયેલ સભ્યના ૧૮ થી ૩૫ વર્ષની યુવતીઓને વિનામૂલ્યે સ્વરોજગાર લક્ષી તાલીમ આપી રોજગારીની તક પૂરી પાડવામાં આવે છે. યોજના હેઠળ જુદી જુદી કેડર હેઠળ લાયકાત અનુસાર સખી મંડળના સભ્યની પસંદગી કરી આજીવીકાની તક આપવામાં આવે છે. (બેંક મિત્ર, બેંક સખી, બુક કીપર, વીમા સખી, કૃષિ મિત્ર, પશુ સખી, બી.સી. સખી)

**જરૂરી પુરાવાઓ**

- બારકોડેડ રેશનકાર્ડની પ્રમાણીત નકલ.
- ગ્રામ્યમાં બીપીએલ સ્કોર નંબર સાથે / શહેરી વિસ્તાર માટે સુવર્ણ જયંતિ કાર્ડની નકલ/આવકનો દાખલો.
- ચૂંટણી કાર્ડની નકલ.
- આધાર કાર્ડની નકલ.

**કયાંથી લાભ મળે ?**

- તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને એનઆરએલએમ (NRLM) યોજનામાં તાલુકા લાઈવલી હુડ મેનેજરશ્રીનો સંપર્ક કરવો.

કુટિર ઉદ્યોગના કારીગરોને રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, પબ્લીક સેકટર બેંકો, ખાનગી બેંકો મારફતે નાણાંકીય લોન/સહાય આપવાની યોજના

(૧) **હેતુ :** આ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવાનો આશય રહેલો છે. અપંગ કે અંધ વ્યકિત પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

(૨) **યોજનાની પાત્રતા :**

૧. ઉંમર : ૧૮ થી ૬૫ વર્ષ

૨. શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછું ધોરણ - ૪ (ચાર) પાસ અથવા
તાલીમ/અનુભવ : વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસ ની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે. અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ.

૩. આવક મર્યાદા નથી.

૪. બેંક મારફત લોન ધિરાણ ની મહત્તમ મર્યાદા

(૧) ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્તમ રૂા. ૮ લાખ

(૨) સેવા ક્ષેત્ર માટે મહત્તમ રૂા. ૮ લાખ

(૩) વેપાર ક્ષેત્ર માટે મહત્તમ રૂા. ૮ લાખ

(૪) ધિરાણ ની રકમ ઉપર સહાયના દર : આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ રહેશે.

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસુચિત જાતિ/અનુસૂચિત જન જાતિ /માજી સૈનિક/ મહિલા / ૪૦ ટકા / કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫ ટકા | ૪૦ ટકા |
| શહેરી | ૨૦ ટકા | ૩૦ ટકા |

(૫) સહાયની મહતમ મર્યાદા

| ક્રમ | ક્ષેત્ર | સહાયની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં) | | |
|---|---|---|---|---|
| ૧ | ઉદ્યોગ | રૂા. ૧,૨૫,૦૦૦ | | |
| ૨ | સેવા | રૂા. ૧,૦૦,૦૦૦ | | |
| ૩ | વેપાર | જનરલ કેટેગરી | શહેરી | રૂા. ૬૦,૦૦૦ |
| | | | ગ્રામ્ય | રૂા. ૭૫,૦૦૦ |
| | | રીઝર્વ કેટેગરી | શહેરી ગ્રામ્ય | રૂા. ૮૦,૦૦૦ |

નોધ : અંધ કે અપંગ લાભાર્થીના કિસ્સામાં કોઈપણ ક્ષેત્ર માટે મહતમ સહાય રૂા. ૧,૨૫,૦૦૦/- રહેશે.
વધુ માહિતી માટે આપની નજીકના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવો.

## ૦૭ ઉદ્યોગ રોજગાર અંગેની યોજનાઓ

### ૦૭ ઈ-નિર્માણ કાર્ડ

**પાત્રતા :**

- ૧૮ થી ૬૦ વર્ષની ઉંમર.
- બાંધકામ ક્ષેત્રમાં છેલ્લા ૧૨ માસમાં ૯૦ દિવસથી વધુ કામગીરી કર્યા અંગેનું સ્વ-પ્રમાણપત્ર

**નોંધણી માટેનું સ્થળ**

- આપના મોબાઈલમાં eNirman એપ્લીકેશન અથવા httpoííenirmanbocwPgujaratPgovPin/ પર જઈ સ્વ-નોંધણી કરાવી શકાય.
- આ સાથે રાજ્યના તમામ કોમન સર્વિસ સેન્ટર (CSC), ઈ-ગ્રામ કેન્દ્ર અને ધનવન્તરી આરોગ્ય રથ પર પણ નોંધણીની સુવિધા ઉપલબ્ધ

**જરૂરી દસ્તાવેજો :**

૧. આધારકાર્ડ
૨. ઉંમરનો પુરાવો
૩. બાંધકામ ક્ષેત્રમાં ૯૦ દિવસથી વધુ સમય કામગીરી અંગેનું સ્વયં પ્રમાણિત પ્રમાણપત્ર
૪. નિયત નમુનામાં આવક તેમજ વ્યવસાયનું સ્વયં પ્રમાણિત પ્રમાણપત્ર
૫. બેંક ખાતાની વિગત અને રેશન કાર્ડ યોજનાકીય લાભ સરળતાથી મેળવવા માટે જરૂરી છે. (મરજીયાત)

**કોને લાભ મળે ?**

કડિયા, પ્લમ્બર, ઈલેકટ્રિસિયન, સુથાર, લુહાર, વાયરમેન, કલરકામ કરનાર, લિફ્ટ ઈન્સ્ટોલ કરનાર, ફેબ્રીકેશન કરનાર, ઈંટો-નળિયા બનાવનાર, વેલ્ડર, સ્ટોન કટિંગ-કશિંગ કરનાર, મ.ન.રે.ગા. વર્કર વગેરે.

**યોજનાનું નામ :**
પી.એમ. કિસાન યોજના એટલે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી

**મુખ્ય હેતુ :**
ભારત સરકારશ્રી દવારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેતી કરતા ખેડૂત કુટુંબને સહાયરૂપ થવા માટે ૧૦૦ કેન્દ્ર સંચાલિત યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના જાહેર કરવામાં આવેલ છે.

**સહાય મેળવવા અંગેની પાત્રતા :**
ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂા. ૬૦૦૦.૦૦ સહાય ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થશે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવશે. ત્યાર બાદ દર ચાર માસના અંતરે બીજા હપ્તાઓ ચુકવવામાં આવશે.

**સહાય અરજી માટેની જરૂરી વિગતો :**
ખેડુતનું નામ, ગામ, તાલુકો, આધાર નંબર, કેટેગરી, આઇ.એફ.એસ.સી. કોડ અને બેંક ખાતાની વિગતો તેમજ મોબાઇલ નંબર અને ૭-૧૨ની વિગતો.

**ખેડૂત કુટુંબે લાભ મેળવવા શું કરવું ?**
આ યોજનાનો લાભ લેવા માંગતા ખાતેદાર ખેડૂતોએ https://www.pmkisan.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી કોઇપણ ઇન્ટરનેટ સુવિધા ધરાવતા કેન્દ્ર ઉપરથી કરાવી શકશે.

અરજદાર https://www.pmkisan.gov.in પોર્ટલ તેમજ મોબાઇલ એપ્લીકેશન (PM Kisan App) ઉપરથી Farmer Corner માંથી પણ જાતે અરજી શકશે.

અરજીની પ્રિન્ટ લઇ સાથે આધાર કાર્ડ, જમીનના લગતા ડોકયુમેન્ટ જેવા કે ગામના નમૂના નં. ૭, નમૂના નં.૮ અ તેમજ નમૂના નં. ૬ (ખેડૂત તરીકે દાખલ થયાનું હકક પત્રક) ગ્રામ પંચાયત કચેરીમાં તલાટીશ્રી પાસે જમા કરાવવાના રહેશે.

## ૦૮ કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

### ૦૨ કિશાન ક્રેડીટ કાર્ડ

**કોને લાભ મળે ?**

- બધા ખેડૂતો-વ્યકિતગત/સંયુકત નામે ખેતીની જમીન ધરાવનારાઓ કે જેઓ માલિક તરીકે ખેતી કરે છે.
- ભાડૂત ખેડૂતો, મૌખિક પતેદારો અને ભાગમાં પાક લેનારાઓ
- ખેડૂતોના સંયુકત જવાબદારી જૂથો (જેએલજી).

**કેટલો લાભ મળે ?**

- ૫ વર્ષ માટે આ ક્રેડીટ સુવિદ્યા મંજુર કરવામાં આવે છે.
- સરકારશ્રી ધ્વારા વિસ્તાર અને પાક પ્રમાણે પ્રતિ હેકટર દીઠ નકકી કરેલ દર થી ખરીફ ધિરાણ અને રવિ ધિરાણ તેમજ લાંબાગાળાના પાક ધિરાણ મળે છે.
- રૂપિયા ત્રણ લાખની મર્યાદામાં લીધેલ પાક ધિરાણ શૂન્ય ટકાના વ્યાજદરથી પાક ધિરાણ મળે છે
- સરકારશ્રી તરફથી ૭ ટકાના દરે વ્યાજ સબસીડી મળે છે. આ સબસીડી મેળવવા માટે નિયત તારીખ પહેલા લોનની ભરપાઇ કરવી પડે છે.
- ખેડૂતો પોતાની પસંદગી મુજબ બિયારણ, ખાતર અને જંતુનાશક દવા ખરીદી શકે છે.
- કિશાન ક્રેડીટ કાર્ડમાં રૂપે કાર્ડની સુવિદ્યા આપવામાં આવે છે.

**સાધનિક (જરૂરી) પુરાવાઓ**

- અરજીફોર્મ
- ખેતીની માલિકી હકકના પુરાવા ૭/૧૨, ૮-અ ના ઉતારા મુજબ પત્રક ૬ વિગેરે
- ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડની નકલ, આધારકાર્ડની નકલ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, લીઝ કરાર

**અરજી કયા કરવી ?**

જાહેર ક્ષેત્રની કોમર્શીયલ બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો ધ્વારા અમલમાં

| | |
|---|---|
| **યોજનાનું નામ** | ઝટકા મશીન યોજના |
| **રાજય** | ગુજરાત |
| **ઉદેશ્ય** | સોલાર ફેન્સીંગ પાવર કીટ ખરીદવા નાણાકીય સહાય પુરી પાડવી |
| **ઓનલાઇન અરજીની શરૂઆત** | |
| **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** | જે તે પ્રમાણે સરકારશ્રી જાહેરાત પ્રમાણે |
| **સત્તાવાર વેબસાઇટ** | https://ikhedut.gujarat.gov.in |

**સોલાર ફેન્સીંગ પાવર કીટ સહાય ધોરણ**

સોલાર પાવર યુનિટ/કીટ ખરીદી માટે ખાતેદાર ખેડૂતને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૧૫,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે મુજબ સહાય આપવામાં આવશે. એટલે કે વધુમાં વધુ ૧૫ હજાર સુધીની સહાય યોજના અંતર્ગત પુરી પાડવામાં આવશે.

દરેક જિલ્લાના નકકી કરેલા લક્ષ્યાંક મુજબ વહેલા તે પહેલાના ધોરણે અરજીઓનો સ્વીકાર કરવામાં આવશે. આથી https://ikhedut.gujarat.gov.in પોર્ટલ પર સમયસર અરજી કરવી.

**ઝટકા મશીન યોજના માટે પાત્રતા માપદંડ**

- અરજી કરનાર ગુજરાતના નિવાસી હોવા જોઇએ.
- અરજી કરનાર ખેડૂતો પોતાની જમીન ધરાવતો હોવો જોઇએ.
- લક્ષ્યાંકની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે.

**ઝટકા મશીન યોજના આવશ્યક ડોકયુમેન્ટ**

- આધાર કાર્ડ
- બેંક પાસબુકની નકલ
- ૭-૧૨, ૮-અ

**ઝટકા મશીન સહાય યોજના અરજી કેવી રીતે કરવી ?**

સોલાર ફેન્સીંગ પાવર કીટ સહાય માટે ગુજરાતના ખેડૂતો તે સરકાર દ્વારા બનાવવામાં આવેલા પોર્ટલ આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ અરજી તમે જાતે કરી શકો છો અથવા નજીકના કોઇ કોમ્પ્યુટર સેન્ટર પર જઇ અને અરજી કરી શકો છો.

**ઓનલાઇન અરજી કેવી રીતે કરવી તે અંગેની વિગતવાર પ્રોસેસ અહી નીચે આપેલ છે.**

સૌ પ્રથમ તો ઓફીશીયલ વેબસાઇટ https://ikhedut.gujarat.gov.in પર જાવ, ફોર્મ પેજ પર રહેલા મેનુમાંથી ‘‘યોજનાઓ’’ પર કિલક કરો. ત્યારબાદ ખેતીવાડીની યોજનાઓ સામે રહેલ ‘‘વિગતો માટે અહી કિલક કરો’’ પર કિલક કરો, આટલુ કર્યા પછી નીચેની તરફ જશો તો તમને વિવિધ યોજનાઓ જોવા મળશે, હવે તેમાંથી સોલર પાવર યુનિટ/કીટ યોજનાની સામે રહેલ ‘અરજી કરો’ બટન પર કિલક કરો. ત્યારબાદ તમારી સામે સુચનાઓ આવી જશે. તેની નીચે તમે રજિસ્ટર્ડ અરજદાર છો ? ની સામે રહેલ વિકલ્પ પસંદ કરી ‘‘આગળ વધવા કિલક કરો’’તમારી સામે ફોર્મ ખુલી જશે તેમાં સંપૂર્ણ વિગતો ભરી અરજી સેવ કરવી ત્યારબાદ અરજીને કન્ફર્મ કરી પ્રિન્ટ કાઢી લેવી

## ૦૮ કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

### ૦૪ બાગાયતી પાક માટે સહાય

આ યોજના હેઠળ જે ખેડુતો પોતાની માલીકીની જમીનમાં ૦-૨૦ હેકટર કે તેથી વધારે વિસ્તારમાં બાગાયતી પાકોનું વાવેતર કરે તો તેઓને વધુમાં વધુ ૪-૦૦ હેકટર સુધીના વાવેતરની મર્યાદામાં બહુવર્ષાયુ ફળપાકના વાવેતર અંગે પ્રતિ હેકટરે અંદાજીત રૂા. ૩૦,૦૦૦/- ના ખેતી ખર્ચને ધ્યાને લઇ ૭૫ ટકા મુજબ પ્રતિ હેકટરે રૂા. ૨૨,૫૦૦/- ની મર્યાદામાં ત્રણ હપ્તે ૫૦:૨૦:૩૦ પ્રમાણે પ્રથમ વર્ષ ૭૫ ટકા અને બીજા તથા ત્રીજા વર્ષે ૯૦ ટકા જીવંત છોડ ઉપર સહાય મળવાપાત્ર થશે.

જયારે વર્ષાયુ ફળપાકના વાવેતર અંગે પ્રતિ હેકટરે અંદાજીત રૂા. ૩૦૦૦૦/- ના ખેતી ખર્ચને ધ્યાને લઇ ૫૦ ટકા મુજબ પ્રતિ હેકટરે રૂા. ૧૫૦૦૦/- ની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. આ સહાય ત્રણ હપ્તે ૫૦:૨૦:૩૦ પ્રમાણે ચુકવવાની રહેશે, વર્ષાયુ પાક જેવા કે કેળ તથા પપૈયા માટે બીજા અને ત્રીજા વર્ષની સહાય મેળવવા માટે જે તે લાભાર્થી ધ્વારા પ્રથમ વર્ષે ચુકવેલ સહાય હેઠળના વાવેતરની જમીનમાં ફરીની નવુ વાવેતર કરી કેસ પેપર /દરખાસ્તો તૈયાર કરવાની રહેશે.

આ યોજના દ્વારા નવા બગીચાઓ ઉભા કરવા (બાગાયતી પાકોનું નવું વાવેતર) નીચે પ્રમાણેના લાભ મળી શકે.
ફળ પાકો : વધુ ખેતી ખર્ચવાળા ફળ પાકો (વધુમાં વધુ ૪ હે. પ્રતિ લાભાર્થીની મર્યાદામાં)

બહુવર્ષાયુ ફળ પાકો : દ્રાક્ષ, સ્ટ્રોબેરી, કીવી, પેશન ફ્રુટ વગેરે

| ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્કસ | યોજનાનું નામ |
|---|---|---|---|
| (૧) ફળ પાકો જેવા કે દ્રાક્ષ, કીવી પેશન ફ્રુટ વિગેરે | યુનિટકોસ્ટ-રૂા. ૪.૦૦ લાખ હેકટર ટપક સિંચાઇ પધ્ધતિ તથા ટ્રેલીઝ સાથે ખર્ચના ૪૦ ટકા કે મહતમ રૂા. ૧.૬૦ લાખ/હેકટર જયારે ટ્રાયબલ સબ પ્લાન (ટીએસપી) વિસ્તારમાં ખર્ચના ૫૦ ટકા કે મહતમ રૂા. ૨.૦૦ લાખ / હે મર્યાદાના સહાય<br><br>યુનિકકોસ્ટ - રૂા. ૧.૨૫ લાખ / હેકટર ટપક સિંચાઇ પધ્ધતિ તથા ટ્રેલીઝ વિના ખર્ચના ૪૦ ટકા કે મહતમ રૂા. ૦.૫૦ લાખ / હે. જયારે ટીએસપી વિસ્તારમાં ખર્ચના ૫૦ ટકા કે મહતમ રૂા. ૬૨૫૦૦ / હે<br><br>યુનિટ કોસ્ટ - રૂા. ૧.૨૫ લાખ/ હેકટર ટપક સિંચાઇ પધ્ધતિ તથા મલ્ચીંગ વિના ખર્ચના ૪૦ ટકા કે મહતમ રૂા. ૦.૫૦ લાખ/હે. જયારે ટીએસપી વિસ્તારમાં ખર્ચના ૫૦ ટકા કે મહતમ રૂા. ૬૨,૫૦૦/હેકટર સહાયનું ધોરણ | પ્લાન્ટીંગ મટીરીયલ અને IPM/INM ઇનપુટ ખર્ચ માટે જ સહાય આપવાની રહેશે.<br>૩ હપ્તા (૬૦:૨૦:૨૦) માં પાકવાર નકકી કરેલ ખેતી ખર્ચની મર્યાદામાં નવીન ટપક સિંચાઇ પધ્ધતિ ઉભી કરવાની રહેશે.<br>રાજય સરકારશ્રીની વધારાની પુરક સહાય સામાન્ય ખેડૂતને ૧૫ ટકા જયારે અનુ. જન જાતિ તથા અનુ. જાતિના ખેડૂતને ૨૫ ટકા સહાય ફકત વાવેતર માટે જ આપવાની રહેશે.<br>ખાતાદીઠ ૪.૦ હેકટરની મર્યાદામાં | એચ.આર.ટી. ૨,૩,૪, ૯,૧૩,૧૪ |

| ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્કસ | યોજનાનું નામ |
|---|---|---|---|
| પપૈયા | યુનિટ કોસ્ટ - રૂા. ૨.૦૦ લાખ / હેકટર ટપક સિંચાઇ પધ્ધતિ સાથે ખર્ચના ૪૦ ટકા કે મહતમ રૂા. ૦.૮૦ લાખ/હે. જ્યારે ટીએસપી વિસ્તારમાં ખર્ચના ૫૦ ટકા કે મહતમ ૧.૦૦ લાખ / હે | પ્લાન્ટીંગ મટીરીયલ અને IPM/INM ઇનપુટ ખર્ચ માટે જ સહાય આપવાની રહેશે. ૨ હપ્તા (૭૫:૨૫) માં સહાય નવીન ટપક સિંચાઇ પધ્ધતિ ઉભી કરવાની રહેશે. રાજ્ય સરકારશ્રી ની વધારાની પૂરક સહાય સામાન્ય ખેડૂત ને ૧૫ ટકા જ્યારે અનુ. જન જાતિ તથા અનુ. જાતિના ખેડુતને ૨૫ ટકા સહાય ફક્ત વાવેતર માટે જ આપવાની રહેશે. ખાતાદીઠ ૪.૦ હેકટરની મર્યાદામાં | એચ.આર.ટી. ૨,૩,૪, ૯,૧૩,૧૪ |

## ૦૮ કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

### ૦૫ મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના

ગુજરાતના ખેડૂતોને મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેતરમાં જ નાના ગોડાઉન બનાવવા માટે સહાય આપવામાં આવી રહી છે. આ યોજના દ્વારા ખેડૂતોનો પાક અને બિયારણને વરસાદથી રક્ષણ મળે છે, જેના કારણે પાક ખરાબ થતો નથી.

**ક્યારથી શરૂ થઇ છે યોજના ?**

રાજ્યના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા માટે સહાય આપવાની યોજના ૨૦૨૦-૨૧ થી શરૂ કરવામાં આવી છે. ખેડૂતોને સારો એવો પાક થાય પરંતુ તે પાકને સાચવવા માટે જગ્યા ના હોય અને ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે અથવા વાવાઝોડું તેમજ માવઠાના કારણે ખેડૂતો પોતાનો પાક સંગ્રહ કરી શકતા નથી. જેના કારણે મોટું નુકશાન થતું હોય છે, જેમાંથી બચાવવા રાજ્ય સરકારે આ યોજના શરૂ કરી છે.

**યોજનાનો શુ છે લાભ ?**

રાજ્યના દરેક વર્ગના ખેડૂતોને કૃષિ પેદાશોના સારા ઉત્પાદન મળવા છતાં કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટી તેમજ અન્ય પરિબળોથી ઉત્પાદન ની ગુણવત્તા પર માઠી અસર થાય છે તેમજ લાંબા સમય સુધી પાક સંગ્રહ માટેની યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે પાકનો બગાડ થાય છે. પાક ઉત્પાદન બચાવવા માટે રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના સંગ્રહની સગવડ મળી રહે તો પાક ઉત્પાદનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકાય છે અને ખેડૂતોને સુરક્ષિત પાક સંગ્રહ ગોડાઉન ઉપલબ્ધ થવાથી ખેતપેદાશોની ગુણવત્તા જળવાઇ રહે અને યોગ્ય સમયે વેચાણ કરી શકશે, જેથી ખેડૂતોને આર્થિક લાભ થાય અને જેના પરિણામે ખેતી વધુ નફાકારક બની શકે છે.

**કેટલો મળે છે લાભ ?**

ગુજરાત મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના ગુજરાતના ખેડૂતો ને અનુ. જાતિ, અનુ. જનજાતિ અને તે સિવાયના તમામ ખેડુતોને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૭૫૦૦૦/- બે માથી જે ઓછું હોય તે મળવા પાત્ર છે, જેથી ખેડૂતો તેમનું ઉત્પાદન શેડમાં સાચવી શકે અને જયારે બજારમાં સારો એવો ભાવ આવે ત્યારે તે વેચી શકે.

**પાક સંગ્રહ યોજનાની પાત્રતા તથા શરતો**

ગુજરાત રાજ્યના ખેડૂત હોવો જોઇએ.
રાજ્ય અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જન જાતિ (ST) અને આ સિવાયની તમામ જ્ઞાતિઓને આ યોજનાઓને લાભ મળશે.
ખેડૂત જમીન અથવા વન અધિકાર પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇએ.
પાક સંગ્રહ યોજના હેઠળ ખેડૂતને ફકત એક જ વાર લાભ મળવાપાત્ર થશે. ટૂંકમાં આજીવન એક વખતે મળશે.
આ ગોડાઉન યોજના માટે ખેડૂત ikhedutportal ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**હેતુ**
ખેડૂત પશુપાલકો ચાફકટરથી લીલો કે સૂકાચારાનો ૨૫-૩૦ ટકા બગાડ અટકાવી શકે છે. તેઓ પોતાના પશુઓને ચાફીંગ કરેલો લીલો-સૂકોચારો આપતા નિરણનો બચાવ કરી શકે છે.

**યોજનાનો લાભ કોને મળી શકે ?**
નાના ખેડૂતો, સિમાંત ખેડૂતો, સામાન્ય ખેડૂતો, બક્ષીપંચ ખેડૂતો / પશુપાલકોને

**યોજના અન્વયે સહાય કયા સ્વરૂપે મળશે ?**
નાણા સ્વરૂપે

**યોજના-યુનિટની એકમ કિંમત**
અંદાજે રૂા. ૧૮,૦૦૦/-

**સહાયની ટકાવારી**
૭૫ ટકા

**મહત્તમ સહાય રૂપિયા**
રૂા. ૧૮,૦૦૦/-

**અરજીપત્રક કયાંથી મળી શકે ?**
પશુપાલકે આઇ-ખેડૂત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું અથવા સંબંધિત તાલુકાના તાલુકા પશુ દવાખાના ખાતે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું જોઇએ.

**યોજનાની શરતો અને બોલીઓ**
જે ખેડૂત-પશુપાલક ઓછામાં ઓછા ૫ (પાંચ) કે તેથી વધુ પશુઓ રાખતા હોય તેને જ આ યોજનાનો લાભ મળી શકે.
ખેડૂત-પશુપાલકે પશુઓને ચાફ કરીને જ લીલો-સૂકોચારો નિરણ કરવાનો રહેશે.

**અરજીપત્રક સાથે રજુ કરવાના દાખલા-પ્રમાણપત્રો**
સરકારશ્રી દ્વારા સુચિબધ્ધ કરેલ ઉત્પાદકના અધિકૃત-વિક્રેતા પાસેથી ચાફકટર ખરીદનું બીલ

અરજદાર પાસે અન્ય કઇ કઇ સવલતો-સાધનો છે તેની માહિતી આપવી. (દા.ત. જમીન, પશુઓ, પાણી)

| ૦૮ | કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૭ | ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના |

**કોને લાભ મળે ?**

- ગુજરાત રાજયના તમામ ખાતેદાર ખેડૂતો કે જેમના મહેસુલી રેકર્ડ પ્રમાણે ૮-અ, ૭/૧૨ અને હકક પત્રક - ૬ ના નમૂનામાં જેમના નામે જમીન હોય તેવા વ્યકિતગત કે સંયુકત ખાતેદાર ને.
- ખાતેદાર ખેડૂતના કોઈપણ સંતાન વારસદાર તેમજ પતિ-પત્નીને લાભ મળશે.

**કેટલો લાભ મળે ?**


- રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ પુરાનુ) મૃત્યુ માટે વીમા રક્ષણ
- રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ પુરાનુ) અપંગતા માટે વીમા રક્ષણ

**સાધનિક (જરૂરી) પુરાવાઓ**

- ૭/૧૨, ૮-અ ના ઉતારા.
- અસલ પેઢીનામું.
- મૃત્યુનું/અપંગતા પ્રમાણપત્ર.
- જન્મનું પ્રમાણપત્ર.
- એફ.આર.આઇ (F.I.R) પંચનામું, ઇન્કવેસ્ટ પંચનામુ, પી.એમ. નોટ
- ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડની નકલ.
- બેંક પાસબુકની નકલ.
- આધારકાર્ડની નકલ.
- ડ્રાઈવિંગ લાયસન્સ.
- અરજદારનો ફોટોગ્રાફ.

**અરજી કયા કરવી ?**

મદદનીશ ખેતી નિયામક (વિ) પેટા વિભાગ /વિસ્તરણ અધિકારી (ખેતી)
નોંધ : આ યોજના ગુજરાત સામુહિક જૂથ બનતા અકસ્માત વીમા યોજના સાથે સંકળાયેલ છે.



**લાભ કોને મળે**

બધા ખેડૂતો જેમાં ભાગિયા/ભાગીદાર અને ગણોત ખેડૂતો જેઓ નિયત વિસ્તારમાં પાક પકવતા હોય.

**ફરજીયાત ઘટક**

બધા ખેડૂતો જેઓ મોસમી ખેતીની કામગીરી (SAO) માટે નાણાકીય સંસ્થાઓ પાસેથી નિયત પાક માટે ધિરાણ મેળવતા એટલે કે ધિરાણી ખેડૂતોને ફરજીયાતપણે આવરી લેવામાં આવે છે.

**મરજીયાત ઘટક**

જેમને ધિરાણ ન લીધું હોય, તેમને માટે આ યોજના મરજીયાત છે.

**કેટલો લાભ મળે ?**

આ યોજના મુજબ ચાર પ્રકારે પાક સામે વીમા વળતર મળવા જોગવાઈ છે.

૧. ઓછા વરસાદ અથવા પ્રતિકુળ સીઝનને કારણે વાવેતર ન થાય તેવા વિસ્તારને આવરી લેવામાં આવશે.

૨. ઉભા પાકોનું નુકશાન (વાવેતરની વાવણી સુધી) દા.ત. દુષ્કાળ, અછત, પૂર, તીડ, કુદરતી આગ, ભૂસ્ખલન, વાવઝોડું વગેરે દ્વારા નુકશાન.

૩. લણણી (હર્વેસ્ટીંગ) કર્યા પછી નુકશાન, પાકની કાપણીના પછીના વધુમાં વધુ બે સપ્તાહ માટે આ રક્ષણ મળવાપાત્ર છે. દા.ત. વાવાઝોડું, કમોસમી વરસાદ વગેરેથી નુકશાન.

૪. સ્થાનિક કુદરતી આફતો જ કોઇ નિશ્ચિત વિસ્તારોના સ્થાનિક જોખમો દા.ત. કરાવર્ષા, ભૂસ્ખલન, જળપ્રલયથી થતા નુકશાન સામે રક્ષણ.

૫. આ યોજનામાં શુદ્ધ, ન્યુકિલચર જોખમ અને ઈરાદાપૂર્વક (ધ્યેયપૂર્વક) રીતે કરેલ નુકશાનને સામેલ કરવામાં આવ્યા નથી. આ યોજનાને અમલ કરવા માટે રાજ્ય સરકારે નિયત કરીને આ યોજનાને સ્વીકૃત કરવાની રહેશે.

**આ યોજના અંતર્ગત વીમામાં રક્ષણ માટે પ્રિમીયમ સાર નીચે મુજબના રહેશે.**

ખરીફ સીઝન માટે વિમાના રકમના ૨ ટકા, રવિ સીઝન (શિયાળુ પાક) માટે ૧.૫ ટકા અને વાર્ષિક પાકો (રોકડિયા અને બાગાયતી) માટે વિમાની રકમના ૫ ટકા પ્રીમીયમ તરીકે આપવામાં રહેશે.

આ વીમા યોજના જે તે સીઝન પુરતી રહેશે. નવા વર્ષમાં નવી સીઝન માટે ફરીથી પ્રીમીયમ ભરી વીમો કરવાનો રહેશે.

**અરજી કયા કરવી ?**

ikhedut portal પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

| ૦૮ | કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ |
|---|---|
| ૦૯ | તાર ફેન્સીંગ યોજના |

### યોજનાનો ઉદેશ

ખેડૂતોને સબસીડી દ્વારા જમીનના ફરતે પાક રક્ષણ હેતુ ફેન્સીંગ તાર માટે સહાય કરવામા આવે છે.

### લાભાર્થી

ગુજરાતના ખેડુતો

### સહાય ની રકમ

આ અગાઉ ૫ હેકટર જમીનમાં લાભ મળતો હતો, હવે માત્ર ૨ હેકટર જમીન વિસ્તાર માટે પણ કંટાળા તાર ફેન્સીંગ યોજનાનો લાભ લઇ શકાશે. જમીનના કલસ્ટર અનુસાર લાભાર્થીઓના જૂથની અરજીઓ અંગે રનીંગ મીટર દીઠ રૂપીયા ૨૦૦/- સહાય મળશે. ખરેખર થનાર ખર્ચના ૫૦ ટકા બે માથી જે ઓછુ હોય તે સહાય મંજુર થશે.

### સહાય માટેની યોગ્યતા

- આ યોજનામાં સામાન્ય વર્ગના ખેડુતો, સામન્ય વર્ગના નાના/સિમાંત, મહિલા ખેડુતો, અનુસુચિત જાતિ અને અનુચિત જનજાતિના ખેડુતોને મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ખેડુત એક જ વખત લઇ શકશે.
- આ યોજનાનો પુનઃલાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા ૧૦ વર્ષ છે.
- ખેડુતે ખાતા દવારા વખતો વખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતુ માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી લાભાર્થી ખેડુતે ખરીદી કરવાની રહેશે.

### જરૂરી આધાર પુરાવા

- ખેડુતની આધારકાર્ડની નકલ
- રેશનકાર્ડની નકલ
- અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિનું પ્રમાણપત્ર (જો હોય તો)
- વિકલાંગ લાભાર્થી માટે વિકલાંગ હોવા અંગેનું પ્રમાણપત્ર (જો હોય તો)
- જમીનના ૭-૧૨ અને ૮-અ માં જો સંયુકત ખાતેદાર હોય તો તેવા કિસ્સામાં અન્ય હિસ્સેદારના સંમતિપત્રક
- આત્માનું રજીસ્ટ્રેશન ધરાવતા હોય તો તેની વિગતો
- દૂધ ઉત્પાદક મંડળીના સભ્ય હોય તો
- બેંક ખાતાની પાસબુક
- આઇ ખેડુત પોર્ટલ ઉપર અરજી કરી શકાય છે.



**યોજનાનો હેતુ**

પશુપાલકોના ગાભણ પશુઓની તંદુરસ્તી જળવાઈ રહે તેમજ ગર્ભમાં રહેલ બચ્ચાંનો યોગ્ય વિકાસ થાય અને સ્વાસ્થ્ય ક્ષમતા મુજબ દૂધ ઉત્પાદન મેળવી શકાય તેમજ ઉત્પાદન શકિત જળવાઈ રહે.

**કોને લાભ મળે**

તમામ પશુપાલકો

**કેટલો લાભ મળે**

લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા. ખાણદાણ માટે ૧૦૦ ટકા લેખે સહાય

**યોજનાની અરજી પદ્ધતિ**

ikhedutportal પર ઓનલાઈન અરજી.

**લાભ કયાંથી મળે**

નાયબ પશુપાલન નિયામકની કચેરી, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના

**કયા કયા પુરાવાઓ જોઈએ**

- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધારકાર્ડ/મતદાર ઓળખકાર્ડ)
- જાતિનો દાખલો (ફકત અનુસૂચિત જાતિ માટે)
- કૃત્રિમ બીજદાન/કુદરતી સવર્ધન રીતે પશુ ફેળવ્યાનું પ્રમાણપત્ર
- પશુનું ગર્ભ પરીક્ષણ અંગેનું પ્રમાણપત્ર
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક.
- સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફકત દિવ્યાંગ માટે)

**અન્ય શરતો**

લાભાર્થી દીઠ (બારકોડેડ રેશનકાર્ડના માત્ર સભ્યને) પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

| ૦૮ | કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ |
|---|---|
| ૧૧ | કેટલ શેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય |

**કેટલ શેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય (બે પશુ માટે) (અનુસૂચિત જાતિ માટે)**

**કોને લાભ મળે**

અનુસૂચિત જાતિના ખેડૂતો, પશુપાલકો.

**કેટલો લાભ મળે**

મૂળ ખર્ચના ૫૦ ટકા સહાય અથવા મહત્તમ રૂા. ૧૮,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે

**લાભ કયાંથી મળે**

- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના કચેરી,
- અરજી - ikhedutportal માં કરવાની રહેશે.

**કયા કયા પુરાવાઓ જોઇએ**

- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધારકાર્ડ/મતદાર ઓળખકાર્ડ/ડ્રાઇવીંગ લાયસન્સ/ કિશાન ક્રેડીટ કાર્ડ).
- જાતિનો દાખલો (સક્ષમ અધિકારી દ્વારા આપેલ)
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક.
- બે કે તેથી વધુ દૂધાળા પશુ ધરાવતા હોવાનો પુરાવો (ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળી/તલાટી
- કમ-મંત્રીનો દાખલો/પ્રમાણપત્ર).
- માલીકીની જમીન હોવાનો પુરાવો (તલાટી-કમ-મંત્રીનો દાખલો/આકારણી પત્રક/૭/૧૨ અને ૮-અની પ્રમાણિત નકલ).
- લાભાર્થીનું સમંતી/બાહેંધરી પત્રક.
- સક્ષમ અધિકારીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફકત દિવ્યાંગો માટે)

**લાભ કોને મળે**

- મહિલા લાભાર્થીને મળે

**કેટલો લાભ મળે**

- રૂા. ૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦ ટકા મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે

**લાભ ક્યાંથી મળે**

- આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.

**કયા કયા પુરાવાઓ જોઇએ**

- જાતિનો દાખલો સક્ષમ અધિકારી દ્વારા.
- આધારકાર્ડની ઝરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.
- બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારી નકકી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.

**શરતો**

- બકરા બાંધવાની જગ્યા, ખોરાક, પાણી અને ખાણદાણની વ્યવસ્થા લાભાર્થીએ કરવાની રહેશે.
- ૧૦ બકરી અને ૧ બકરાનું યુનિટ સ્થાપવાનું રહેશે.
- બકરીની ઉંમર ૧ થી ૨ વર્ષ તથા બકરાની ઉંમર ૨ થી ૩ વર્ષની હોવી જોઇએ.
- આ એકમ ઓછામાં ઓછું ત્રણ વર્ષ નિભાવવાનો રહેશે.
- મંજૂરી મળ્યેથી ૯૦ દિવસમાં એકમની સ્થાપના કરવાની રહેશે. અન્યથા આદેશ રદ ગણાશે.

## ૧૩ મહા રોગચાળા સમયે પશુ, મરઘા, બતકાના મૃત્યુ સામે વળતર ચુકવવાની યોજના

રોગચાળા, મહા રોગચાળા સમયે પશુ/મરઘાં/બતકાંના મૃત્યુ સામે વળતર ચુકવવાની યોજના

**હેતુ :**

કુદરતી આફતો જેવી કે પુર/અતિવૃષ્ટિ/દુષ્કાળ/ભુકંપ/વાવાઝોડું વિગેરે પરિસ્થિતિમાં પશુઓના મૃત્યુ થતાં રાજયના મહેસુલ વિભાગ દ્વારા સહાય ચુકવવામાં આવે છે. પરંતુ આ સિવાયના કિસ્સાઓ જેવા કે એન્થ્રેક્ષ, બર્ડફ્લ્યુ તથા હડકવા અને પોઇઝનીંગ (ફુડ, સ્નેક બાઇટ, કેમીકલ પોઇઝનીંગ વિગેરે) માં પશુ, મરઘાં, બતકાં ના મૃત્યુ થવાના કિસ્સામાં પશુપાલકોને થતા આર્થિક નુકશાન સામે મદદ મળી રહે અને તાત્કાલીક પશુ-મરઘાં-બતકાં રાખતા પશુપાલકો પુનઃ પોતાનો વ્યવસાય શરૂ કરે તેવા હેતુથી આ યોજનાનું અમલીકરણ કરવાનું નકકી કરેલ છે.

**યોજનાનો લાભ કોને મળી શકે અને કયા સ્વરૂપે મળશે ?**

તમામ વર્ગના પશુપાલકોને નાણાકીય સહાય સ્વરૂપેની રકમ તેમના બેન્ક ખાતામાં જમાં કરાવવામાં આવે છે.

**અરજી પત્રક કયાંથી મળી શકે ?**

રાજયની જે તે જીલ્લાની નાયબ - મદદનીશ પશુપાલન નિયામકની કચેરીએથી તથા નજીકના પશુ દવાખાનામાં ખાતેથી મેળવી શકાશે.

**યોજના હેઠળ વળતર ચુકવવા અંગેની વિગત દર્શાવતું પત્રક**

| પશુની વિગત | વળતરની રકમ પ્રતિ પશુ | વળતર માટે કુટુંબ દીઠ મહતમ સહાય |
|---|---|---|
| ગાય /ભેસ | રૂા. ૧૬,૪૦૦/- | ૨-પશુઓ માટે |
| બળદ | રૂા. ૧૫,૦૦૦/- | ૨-પશુઓ માટે |
| પાડા-પાડી-વાછરડા-વાછરડી- (છ માસથી ઉપરના) | રૂા. ૧૦,૦૦૦/- | ૨-પશુઓ માટે |
| ગદર્ભ, પોની અને ખચ્ચર | રૂા. ૧૦,૦૦૦/- | ૨-પશુઓ માટે |
| ઘેટાં-બકરાં (પુખ્ત વયના) | રૂા. ૧,૬૫૦/- | ૧૦૦-પશુઓ માટે |
| ઉંટ-ઘોડા (પુખ્ત વયના) | રૂા. ૧૫,૦૦૦/- | ૨-પશુઓ માટે |
| મરઘાં-બતકાં-(પુખ્ત વયના) | રૂા. ૩૭/- પ્રતિ પક્ષી | ૪૦-પક્ષીઓ માટે (રૂા. ૪૦૦/- ની મર્યાદામાં) |

**અરજીપત્રક સાથે રજુ કરવાના દાખલા-પ્રમાણપત્રો**

નજીકના પશુ દવાખાના ખાતે રૂબરૂ સંપર્ક કરી કાર્યવાહી હાથ ધરવી. અને પશુ ચિકિત્સા અધિકારીશ્રીના માર્ગદર્શન મુજબ પુરાવા રજુ કરવા.

**પાત્રતા :**

ગૌશાળાઓ પબ્લિક ચેરીટી એક્ટ હેઠળ નોંધણી કરાવે છે અને શુદ્ધ ઓલાદના ગીર અને કાંકરેજ પશુઓનું પુનઃગઠન કરે છે.

**ગૌશાળા દ્વારા કરવામાં આવનાર વિકાસના કામો**

- ઢોર શેડનું બાંધકામ/કેટલ શેડનું બાંધકામ
- ઘાસના ગોડાઉનનું બાંધકામ.
- બોરવેલ / પાણીનો હવાડો
- કમ્પાઉન્ડ વોલ.
- ચાફ કટરની ખરીદી

**નાણાકીય સહાય**


- પાળેલી ગાયોના આધારે (૧૦,૨૦,૩૦,૪૦,૫૦)
- વર્ષમાં એક વિકાસ કામ માટે
- મહતમ ૫ (પાંચ) વર્ષ માટે
- કુલ ખર્ચના ૭૫ ટકા

| ક્રમ નંબર | ઉછેરવામાં આવેલી ગાયોની મહત્તમ રકમ સબસીડી (ઘાસના ગોડાઉન સિવાય) | સબસીડીની મહતમ રકમ (ઘાસના ગોડાઉન માટે) |
|---|---|---|
| ૧ ૧૦ થી ૧૯ | રૂા. ૬૦,૦૦૦/- | રૂા. ૧,૮૦,૦૦૦/- |
| ૨ ૨૦ થી ૨૯ | રૂા. ૧,૨૦૦,૦૦૦/- | રૂા. ૨,૪૦,૦૦૦/- |
| ૩ ૩૦ થી ૩૯ | રૂા. ૧,૮૦,૦૦૦/- | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| ૪ ૪૦ થી ૪૯ | રૂા. ૨,૪૦,૦૦૦/- | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| ૫ ૫૦ અને તેનાથી વધુ | રૂા. ૩,૦૦,૦૦૦/- | રૂા. ૩,૦૦,૦૦૦/- |

### ખેડુતોની વિવિધ યોજનાઓ માટે નીચેના પોર્ટલનો ઉપયોગ કરવો

## I-khedutportal અરજી માટેની પ્રક્રિયાના ૧૭ પગલા

| | |
|---|---|
| ૧ | **સૌ પ્રથમ ગૂગલમાં જવું** |
| ૨ | I-kedutportal **સર્ચિંગ કરો** |
| ૩ | **સાઇટ પર કલીક કરો** |
| ૪ | **વિવિધ યોજના પર કિલક કરો** |
| ૫ | **જે યોજના જોઇતી હોય તેના પર કિલક કરો** |
| ૬ | **નવી અરજી પર કિલક કરો** |
| ૭ | **રજીસ્ટર્ડ યુઝર/નોન રજીસ્ટર્ડ યુઝર** |
| ૮ | **ફોર્મમા માંગેલ તમામ વિગતો ભરવી** |
| ૯ | **સંપૂર્ણ ભરાયેલ અરજી સેવ કરો** |
| ૧૦ | **અરજી કે ફોર્મના ઓપ્શન પર જઇને કનફોર્મ કરો** |
| ૧૧ | **અરજીની પ્રિન્ટ કાઢો** |
| ૧૨ | **અરજી સબમિશનનો મેસેઝ તમારા રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર આવશે** |
| ૧૩ | **પ્રિન્ટ કાઢેલ અરજી આપના ગ્રામસેવક ને જરૂરી આધારોના બિડાણ સાથે આપો** |
| ૧૪ | **અરજી પાસ થયેથી મંજૂરી પત્ર પોસ્ટ દ્વારા તમારા આપેલ સરનામે આવશે** |
| ૧૫ | **આપે માંગેલ વસ્તુ પૈકી જે વસ્તુ પાસ થઇ હોય તેની ખરીદી માન્ય ડીલર પાસેથી કરો** |
| ૧૬ | **માન્ય ડીલર પાસેથી ખરીદેલ વસ્તુનું પાકું બિલ સબમીટ કરો** |
| ૧૭ | **જે-તે યોજનાના નિયમ પ્રમાણે આપના બેન્ક ખાતામાં રકમ જમા થશે** |



**રહેઠાણ નો પુરાવો (કોઈપણ એક)**

- લાઇટબીલ/વેરાબીલ
- માલીકીના કિસ્સામાં આકારણી પત્રક
- મિલકત વેરા ની પહોંચ
- ભાડાના કિસ્સામાં ભાડા કરાર, મકાન માલીકીની સમંતિ તથા મિલકત નો પુરાવો

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવીંગ લાઈસન્સ
  આધારકાર્ડ

**સેવા માટે જરૂરી પુરાવા**

- મહેસુલ ની પાવતી
- વરસાઇ પેઢીનામુ નોટરાઇઝડ
- બી.પી.એલ. યાદીમાં ૨૧ થી ૨૮ સ્કોરમાં નામ ધરાવતા હોય તો આધાર પુરાવો

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- જે તે પુરવઠા વિભાગની ઝોન કચેરી/મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- ડીજીટલ ગુજરાત વેબસાઇટ પરથી આવેદન કરી શકો છો.

**રાશનકાર્ડ બનાવવા માટે જરૂરી કાગળિયા**

૧. ફોર્મ
૨. જુનુ રાશનકાર્ડ
૩. આધારકાર્ડ
૪. ચૂંટણીકાર્ડ
૫. લાઇટબીલ
૬. સોગંદનામું
૭. ફોટો
૮. બેન્ક પાસબુકની નકલ

મામલતદાર ઓફીસમાં કામગીરી થશે.
(સરકાર દ્વારા ઓનલાઇન પ્રક્રિયા જાહેરાત કરેલ છે)

## ૦૯ રાશનકાર્ડ અને પ્રમાણપત્રો

### ૦૨ રેશનકાર્ડમાં નામ ઉમેરવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણ નો પુરાવો (કોઈપણ એક)**

- લાઇટબીલ/વેરાબીલ

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવીંગ લાઇસન્સ
- આધારકાર્ડ

**અન્ય પુરાવા**

- ઓરીજીનલ રેશનકાર્ડ
- નવા સભ્યનો ફોટો

**સેવા માટે જરૂરી પુરાવા**

- જન્મ દાખલો (જો સભ્ય બાળક હોઈ તો)
- લગ્ન પ્રમાણપત્ર (જો સભ્ય નવવધુ હોઈ તો)
- લગ્ન કરીને આવેલ નવવધુના પિયર પક્ષના રેશનકાર્ડ માંથી નામ કમીનું સર્ટીફિકેટ લઇ મુકવું.
- આધાર કાર્ડ

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- જે તે પુરવઠા વિભાગની ઝોન કચેરી/મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- ડીજીટલ ગુજરાત વેબસાઇટ પરથી આવેદન કરી શકો છો.
- ગ્રામ્ય લેવલે જે તે ગ્રામ પંચાયત વી.સી.ઇ. મારફતે અરજી કરી શકાશે.



**રહેઠાણ નો પુરાવો (કોઈપણ એક)**
- લાઇટબીલ/વેરાબીલ

**ઓળખાણનો પુરાવો**
- ચુટણીકાર્ડ
- આધારકાર્ડ

**અન્ય પુરાવા**
- ઓરીજીનલ રેશનકાર્ડ

**સેવા માટે જરૂરી પુરાવા**
- લગ્ન પ્રમાણપત્ર (જો દીકરી લગ્ન થઇ ગયા હોઇ તો)
- છુટાછેડા નું પ્રમાણપત્ર (જો છુટાછેડા થયેલ હોઇ અને રેશનકાર્ડ માંથી નામ કમી કરવાનું હોઇ તો)
- મરણ દાખલો (જો સભ્ય નું મૃત્યુ થયું હોઇ તો)

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**
- જે તે પુરવઠા વિભાગની ઝોન કચેરી/મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- ડીજીટલ ગુજરાત વેબસાઇટ પરથી આવેદન કરી શકો છો.
- ગ્રામ્ય લેવલે જે તે ગ્રામ પંચાયત વી.સી.ઇ. મારફતે અરજી કરી શકાશે.



## ૦૯ રાશનકાર્ડ અને પ્રમાણપત્રો

### ૦૪ ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણ નો પુરાવો (કોઈપણ એક)**

- લાઇટબીલ/વેરાબીલ

**ઓળખાણનો પુરાવો**

- ચુટણીકાર્ડ
- આધારકાર્ડ

**સેવા માટે જરૂરી પુરાવા**

- ખરાબ થઇ ગયેલ ના કિસ્સામાં ઓરીજીનલ રેશનકાર્ડ

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- જે તે પુરવઠા વિભાગની ઝોન કચેરી/મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- ડીજીટલ ગુજરાત વેબસાઇટ પરથી આવેદન કરી શકો છો.



**જન્મનો દાખલો મેળવવા માટે**

જન્મ અને મૃત્યુ અધિનિયમન, ૧૯૬૮ની નોંધણી હેઠળ જન્મ અને મૃત્યુના રજિસ્ટ્રારને જન્મ અને મૃત્યુની જાણ કરવી ફરજીયાત છે. જન્મ અને મૃત્યુ ફકત તેમની બનાવવાની જગ્યાએ જ નોંધાય છે.

જો આપ ગામડામાં રહો છો અને તમારે ત્યાં બાળકનો જન્મ થાય તો આપ ૭ દિવસની અંદર તમારા ગામના તલાટી મંત્રીની મુલાકાત લઈને, બાળકના જન્મ તારીખની નોંધણી કરાવી શકો છો. થોડા સમય બાદ આપ બાળકનો નામ રાખી લઈ પછી જન્મ પ્રમાણપત્ર તલાટી મંત્રી પાસેથી મેળવી શકો છો.

આપ શહેરમાં રહો છો તો તમારે નગરપાલિકાની જન્મ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા કરી શકો છો. જો નગરપાલિકાની જન્મ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ઓનલાઈન હોય તો આપને બધી જ પ્રક્રિયા ઓનલાઈન કરવી પડશે.

**જરૂરી દસ્તાવેજો**

- હોસ્પિટલ/આશા કાર્યકર તરફથી બાળકની ડિલેવરીનું પ્રમાણપત્ર.
- જન્મના ૨૧ દિવસમાં ગ્રામ પંચાયત તરફથી પ્રમાણપત્ર
- માતા-પિતામાંથી એકનું આધારકાર્ડ
- ગ્રામ પંચાયત જન્મ પ્રમાણપત્ર આપશે. જો જન્મના ૨૧ દિવસ સુધી નોંધણી કરાવવામાં ન આવે તો નજીવા દંડ સાથે પ્રમાણપત્ર ગ્રામ પંચાયત કચેરી દ્વારા જારી કરી શકાય છે. તે જન્મથી ૩૦ દિવસ માટે માન્ય છે.
- ૩૦ દિવસ થી ૧૨ મહિના સુધી તાલુકા પંચાયત (ટી.ડી.ઓ) માં અરજી કરી શકાશે.
- ૧ વર્ષ પછી ઉપરના કિસ્સાઓમાં મામલતદાર અને એકજીકયુટિવ મેજીસ્ટ્રેટ ની કચેરીમાં નીચેના દસ્તાવેજો સાથે અરજી કરવાની જરૂર છે.

**ઉપરોકત તમામ દસ્તાવેજો**

- ફોર્મ નંબર ૧૦ માં અરજી (અપ્રાપ્યતાનો દાખલો)
- એફીડેવીટ (નોટરાઈઝડ) જન્મ વિશે જાહેર કરે છે (મામલતદાર ઓફીસ પર ઉપલબ્ધ નિયુકત ફોર્મેટમાં)

**અરજી કયાં કરવી**

ગ્રામ્ય કક્ષા : ગ્રામ પંચાયત કચેરી
શહેર : નગરપાલિકા (મ્યુનિસિપલ કચેરી)

અખબારમાં જાહેરાત
(મામલતદાર અને એકજીકયુટિવ મેજીસ્ટ્રેટ નોંધણી અને ખરાઈ માટે તલાટી સાથે રૂબરૂ હાજર રહેવા નોટીસ આપશે અને જન્મ પ્રમાણપત્ર માટે ઓર્ડર આપશે)



## લગ્ન નોંધણી પ્રમાણપત્ર

લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬ મુજબ લગ્ન નોંધણી કરાવવી ફરજીયાત છે. આ કાયદા મુજબ લગ્ન સમયે કન્યાની ઉમર ૧૮ કે તેથી વધુ અને વરની ઉમર ૨૧ કે તેથી વધુ હોવી જરૂરી છે. લગ્નને એક વર્ષ પુર્ણ થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં નોંધણી દરમ્યાન નોટરી સાથે સોગંદનામું રજુ કરવાનું રહેશે.

**જરૂરી દસ્તાવેજો**

૧. ફોર્મ
૨. વર - કન્યાના આધારકાર્ડ
૪. વર - કન્યાનું શાળા છોડવાનું પ્રમાણપત્ર
૫. વર - કન્યાનું લગ્ન સમયનું સયુંકત ફોટો
૬. વર - કન્યાના વાલીનો આધારકાર્ડ / ચૂંટણીકાર્ડ
૮. લગ્ન વિધિ કરનાર બ્રાહ્મણ/મૌલાનાનું પ્રમાણપત્ર
૯. લગ્ન વિધિ કરનાર બ્રાહ્મણ/મૌલાનાનું આધારકાર્ડ
૧૦. લગ્ન પત્રિકા
૧૧. રૂપિયા ૧૦૦ની બે (૨) એગ્રીમેન્ટ સ્ટેમ્પ
(જયાં લગ્નવિધીઓ થઇ હોય તે પંચાયત/નગરપાલીકા દ્વારા આપવામાં આવશે)
ઉપરના તમામ દસ્તાવેજો બે કોપી આપવાના રહેશે.

---

## મૃત્યુ પ્રમાણપત્ર

**જરૂરી દસ્તાવેજો**

આધાર અથવા ચુંટણી કાર્ડ જેવી કોઇપણ ફોટો ઓળખ સાથે મૃત્યુના ૨૧ દિવસની અંદર ગ્રામ પંચાયત તરફથી મૃત્યુ નું પ્રમાણપત્ર. નજીવા દંડ સાથે મૃત્યુના ૩૦ દિવસની અંદર મૃત્યુ પ્રમાણપત્ર જારી કરી શકાય છે.

અકસ્માતના કારણે મૃત્યુના કિસ્સામાં, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અકસ્માત સ્થળના અધિકાર ક્ષેત્ર હેઠળની હોસ્પિટલમાંથી એકત્રિત કરવાની જરૂર છે.

૩૦ દિવસ થી ૧૨ મહિના સુધી તાલુકા પંચાયત (TDO) માં અરજી કરી શકાશે. ૧ વર્ષ પછી ઉપર ના કિસ્સાઓમાં મામલતદાર અને એકજીકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરીમાં નીચેના દસ્તાવેજો સાથે અરજી કરવાની જરૂર છે.

**ઉપરોકત તમામ દસ્તાવેજો**

- ફોમ નં. ૧૦ માં અરજી
- મૃત્યુ વિશે જાહેર કરતી એફીડેવીટ (નોટરાઇઝડ) (મામલતદાર ઓફીસમાં ઉપલબ્ધ નિયત ફોર્મેટમાં)
- અખબાર માં જાહેરાત (પ્રાંત અધિકારી પુષ્ટિ માટે તલાટી સાથે રૂબરૂ હાજર રહેવા માટે નોટીસ જારી કરશે અને મૃત્યુ પ્રમાણપત્ર માટે ઓર્ડર જારી કરશે)

**બેંકમાં ખાતુ ખોલવા માટે જરૂરી દસ્તાવેજો**

૧. આધારકાર્ડ
૨. રાશનકાર્ડ
૩. ફોટો
૪. પાનકાર્ડ

**આધારકાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો**

૧. ફોર્મ
૨. જન્મનો દાખલો
૩. પંચાયતનો દાખલો
૪. માતા-પિતા કે વાલીનો આધારકાર્ડ
(આધારકાર્ડ ની કામગીરી મામલતદાર ઓફીસ કે ગ્રામ પંચાયતમાં બનાવી શકાય છે.)

**સરકારી યોજનાનું લાભ લેવા જરૂરી દસ્તાવેજો**

૧. આધારકાર્ડ
૨. ચૂટણીકાર્ડ
૩. રાશન કાર્ડ
૪. બેંક પાસબૂક
૫. પાસપોર્ટ સાઈઝ ફોટો
૬. લાઇટબીલ
૭. આવકનો દાખલો
૮. જાતિનો દાખલો
૯. શાળા છોડવાનું પ્રમાણપત્ર (એલ.સી)
૧૦. જન્મનો દાખલો
૧૧. મૃત્યુનો દાખલો (મરણનું પ્રમાણપત્ર)
૧૨. લગ્ન નોંધણી પ્રમાણપત્ર
૧૩. પાનકાર્ડ
૧૪. ડ્રાઈવીંગ લાઈસન્સ

**આવક ના દાખલા**

સૌ પ્રથમ જાણો, આવકના દાખલા માટે જરૂરી પુરાવા.

(૧) અરજદારનો આધાર કાર્ડ
(૨) અરજદારનું રેશન કાર્ડ
(૩) અરજદારનું છેલ્લું લાઇટબીલ/વેરાબીલ (જો ભાડેથી રહેતા હોઇ તો ભાડાકરાર)
(૪) અરજદારના રહેણાંકની આસપાસના ૨ પુખ્તવચ પાડોશીના આધારકાર્ડ (પંચનામુ કરવા)
(૫) ૩ રૂા. ની કોર્ટ ફી ટીકીટ

**આવકના દાખલા માટેના આવેદનની પ્રક્રિયા :**

(૧) ડિજિટલ ગુજરાત પોર્ટલ પર જઇ ઓનલાઇન અપોઇન્ટમેન્ટ લેવી. (જો આપના ઝોન કે જિલ્લા માં લાગુ પડે તો) તથા ગ્રામ પંચાયતમાં તલાટી પાસેથી ફોર્મ મેળવીને આવકના દાખલા માટે આવેદન કરી શકાય છે.
(૨) એપોઇન્ટમેન્ટની રસીદ અને પુરાવાઓ લઇ પોતાના વિસ્તારને લગતી ગ્રામ પંચાયત, મામલતદારશ્રીની કચેરી તથા નાગરીક સુવિધા કેન્દ્ર પરથી આવકના દાખલા માટેનું ફોર્મ (વિનામૂલ્ચે) મેળવવું.
(૩) ફોર્મ ભર્યા બાદ ૩ રૂા. ની કોર્ટ ફી ટીકીટ ફોર્મ પર આગળના પાને ખાલી જગ્યા જોઇ લગાડવી.

**ડોકયુમેન્ટની ઝેરોક્ષ ફોર્મ સાથે પીન કરવી.**

(૧) ફોર્મ ની પ્રક્રિયા પૂર્ણ થચા બાદ પોતાના વિસ્તારને લગતી ગ્રામ પંચાયત, મામલતદારશ્રીની કચેરી અથવા નાગરીક સુવિધા કેન્દ્ર પર જઇ તમારા વિસ્તારના તલાટી કમ મંત્રીની પાસે જઇ બધા ડોકયુમેન્ટની ચકાસણી કરાવવી અને સહી સિકકા કરાવવા. (તલાટીશ્રી ને જરૂર જણાઇ તો પંચનામું કરવા સાક્ષીઓને રૂબરૂમાં બોલાવી શકે)
(૨) તલાટીશ્રીના સહી સિકકા કરાવ્યા બાદ આવકના દાખલા માટે ફોટો પડાવવાના સ્થળે જવું.
(૩) આવકના દાખલા માટેના ફોટો પડાવવાના સ્થળે નજીવી ફી ચૂકવી ફોટો પડાવી રસીદ અચૂક મેળવવી.
(૪) રસીદમાં આવકના દાખલા મેળવવાની તારીખ જોઇ જે-તે તારીખે તમારો આવકનો દાખલો મેળવી લેવો.

ખાસનોંધ : ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ આવકના દાખલાની સમય - મર્યાદા ૩ વર્ષ (નાણાકીય વર્ષ) ની કરવામાં આવી છે. આથી યોગ્ય રીતે સાચવીને રાખવો.



**અરજીપત્ર :**

નવું ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માટે અરજદારે લર્નિંગ લાયસન્સ મેળવવું જરૂરી છે.

અરજદારે લર્નિંગ તેમજ ડ્રાઈવિંગ લાયસન્સ બંનેના હેતુ માટે ફોર્મ નં. ૨/૪ માં અરજી કરવી જરૂરી છે. ફોર્મ નં. ૧ (એ) માં મેડીકલ સર્ટીફિકેટ પણ જોડવું જરૂરી છે. જો કોઇ વ્યકિત પરિવહન માલસામાન વાહન માટે ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માંગે છે. અને ઓનલાઇન એપોઇન્ટમેન્ટ મેળવવા અથવા વધુ વિગતો માટે કૃપા કરીને મુલાકાત લો.

Https//parivahan.gov.in/parivahan/

**પાત્રતા**

- ગીયર વગરના ૨ વ્હીલરનું લાઇસન્સ મેળવવા માટે વ્યકિતએ ૧૬ વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઇએ.
- ગીયર, મોટર-કાર, ટ્રેકટર અને અન્ય નોન-ટ્રાસ્નપોર્ટ વાહનો સાથેના ૨ વ્હીલરનું લાઇસન્સ મેળવવા માટે વ્યકિતએ ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય.
- પરિવહન વાહનો માટે વ્યકિતએ ૨૦ વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઇએ. આ ઉપરાંત તે ધોરણ ૮ પાસ હોવો જોઇએ અને તેને લાઇટ મોટર વાહન ચલાવવાનો ૧ વર્ષનો અનુભવ હોવો જોઇએ.

**જરૂરી દસ્તાવેજો**

- ઉમરના પુરાવા તરીકે શાળા છોડવાનું પ્રમાણપત્ર જન્મ પ્રમાણપત્ર, પાસપોર્ટ, પાનકાર્ડ, એલઆઇસી પોલીસી અથવા સિવિલ સર્જન અથવા તેના સમક્ષ ડોકટરનું પ્રમાણપત્ર રજુ કરી શકાય છે.
- સરનામાંનો પુરાવો શાળા છોડવાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ, એલઆઇસી પોલીસી, ચૂંટણી મતદાર આઇ-કાર્ડ, લાઇટબીલ, ટેલિફોન બીલ, સરનામા સાથે હાઉસ ટેકસની રસીદ, કેન્દ્ર/રાજય/સ્થાનિક સ્વરાજયની પે-સ્લિપ અથવા અરજદાર તરફથી તે અસર માટેનું સોગંદનામું સરનામા માટે રસીદ તરીકે સબમીટ કરો.

**ફી**

- લર્નિંગ લાયસન્સ અને ડ્રાઈવિંગ લાયસન્સ માટેની ફી એક સાથે ચૂકવવાની રહેશે. ટેસ્ટ ફી તરીકે રૂા. ૨૫/- ઉપરાંત વાહનની કેટેગરી દીઠ રૂા. ૩૦/- લર્નિંગ લાયસન્સ માટે ચૂકવવા પડશે.
- સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ માટેની ફી એકસાથે ચૂકવવાની રહેશે. ટેસ્ટ ફી તરીકે રૂા. ૨૫/- ઉપરાંત વાહનની કેટેગરી દીઠ રૂા. ૩૦/- લર્નિંગ લાયસન્સ માટે ચૂકવવા પડશે.
- સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ માટે રૂા. ૨૦૦/- અને ડ્રાઈવિંગ લાયસન્સ માટે વાહનની કેટેગરી દીઠ રૂા. ૫૦/- ચુકવવાના રહેશે.

**પ્રવેશ પ્રક્રિયા**

- લર્નિંગ લાયસન્સ મેળવવા માટે કોમ્પ્યુટર દ્વારા નોલેજ ટેસ્ટ પાસ કરવી જરૂરી છે.
- ટ્રાફિકના નિયમો અને વિનિયમો અને ટ્રાફીક સિગ્નલ જેવા વિષયો ટેસ્ટમાં સામેલ છે.
- ટેસ્ટમાં ૧૫ પ્રશ્નો રેન્ડમ પૂછવામાં આવે છે. જેમાંથી ૧૧ પ્રશ્નોના સાચા જવાબ આપવા જરૂરી છે.
- દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે ૪૮ સેકન્ડની છૂટ છે.
- ટેસ્ટમાં નાપાસ થનાર વ્યકિત ૨૪ કલાકના અંતરાલ પછી ફરીથી પરીક્ષણ માટે હાજર થઇ શકે છે.
- જે વ્યકિત પાસે લર્નિંગ લાયસન્સ અથવા ડ્રાઈવિંગ લાઇસન્સ છે અને તે હાલના ડ્રાઈવિંગ લાયસન્સમાં ડ્રાઈવિંગ લાયસન્સની વધારાની શ્રેણી માટે અરજી કરવા માંગે છે. તેને કમ્પ્યુટર પરના જ્ઞાન પરીક્ષણમાંથી મુકિત આપવામાં આવે છે.
- કાયમી ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માટે ડ્રાઈવિંગ ટેસ્ટ ફરજીયાત છે.
- લર્નિંગ લાઇસન્સ મેળવ્યાના ૩૦ દિવસના અંતરાલ પછી ડ્રાઈવિંગ ટેસ્ટ માટે બેસી શકે છે.
- જે વાહન માટે ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માટે અરજી કરવામાં આવે છે તે જ પ્રકારના વાહન પર ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવે છે.
- લર્નિંગ લાયસન્સ માત્ર ૬ મહીનાના સમયગાળા માટે માન્ય છે, તેથી અરજદારે માન્યતા સમયગાળાની અંદર ડ્રાઈવિંગ ટેસ્ટ માટે હાજર રહેવું જરૂરી છે.

| ૦૯ | રાશનકાર્ડ અને પ્રમાણપત્રો |
|---|---|
| ૧૦ | મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે |

- મતયારયાદીમાં નવું નામ દાખલ કરવા માટે ફોર્મ નં. ૬ ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઇન/ઓફલાઇન ભરતી વખતે નીચે મુજબની બાબતોનું ધ્યાન રાખવું.

- જે વિધાનસભામાં નામ દાખલ કરવું છે ઓનલાઇન ફોર્મ ભરતી વખતે તે સાચુ પસંદ કરવું. વિધાનસભા નામ ખબર ન હોય તો કુટુંબના સભ્ય અથવા પડોશીના ચૂંટણીકાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનું નામ જોઇ લેવું. અપલોડ કરવામાં આવનાર તમામ દસ્તાવેજો સ્પષ્ટ વાંચી શકાય તેવા હોવા જોઇએ.

- નામ, અટક, સંબંધીનું નામ (પિતા અથવા પતિનું નામ) સંબંધનો પ્રકાર (પિતા/અથવા પતિ), જન્મ તારીખ વગેરે તમામ વિગતો પુરાવામાં હોય તે મુજબ જ સાચી લખવી.

- જન્મ તારીખ, નામના પુરાવા - જન્મનો દાખલો/એલ.સી/પાનકાર્ડ/પાસપોર્ટ/લગ્નનો પુરાવો (લગ્ન પછીના કિસ્સામાં મેરેજ સર્ટી અથવા જેમાં પતિનું નામ સાથે ચાલતો તેવો ઉપરોકત પૈકીનો એક પુરાવો વધારાનો સાથે જોડવો)

- રહેઠાણનો પુરાવો - હાલનું પોતાના અથવા પોતાના ફેમીલી મેમ્બરના નામનું લાઇટબીલ/વેરાબીલ, (ભાડાનું મકાન હોય તો ભાડા કરાર ફરજીયાત)

- ફોટો (પાસપોર્ટ સાઇઝ ફોટો જોડવો)

- કુટુંબના સભ્ય અથવા પડોસીનો ચુંટણી કાર્ડનો નંબર ફેમીલી ડિટેલસમાં ફરજિયાત લખવો

- અગાઉના ચુંટણીકાર્ડની ઝેરોક્ષ અથવા તેનુ નંબર જો અગાઉ બનાવેલ હોય તો ડિકલેરેશનમાં ફરજીયાત લખવું. બે જગ્યા ચૂંટણી કાર્ડમાં નામ ધરાવવો ગેરકાયદેસર છે. જેથી પહેલા જુની વિધાનસભા કચેરીમાંથી અથવા જુના રહેણાંક વિસ્તારમાં બી.એલ.ઓ (બુથ લેવલ ઓફસર) પાસેથી નામ કમી કરાવીને જે નવી જગ્યાએ ફોર્મ ભરવું. અથવા જુનો વોટીંગ કાર્ડ નંબર ફરજીયાત ઓનલાઇન ફોર્મમાં દર્શાવવું.

ઓફલાઇન (મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે

૧ અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુકત બી.એલ.ઓ (બુથ લેવલ ઓફીસર) નો સંપર્ક કરવો અને ફોર્મ ભરવું.

૨ આપની વિધાનસભા ને લગતી ચૂંટણી કચેરીનો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.

- મતદારયાદી માં સંપૂર્ણ સરનામું સુધારવા માટે ફોર્મ નં. ૮-ક ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઇન/ઓફલાઇન ભરતી વખતે નીચે મુજબની બાબતોનું ધ્યાન રાખવું જોઇએ.

- વોટીંગ કાર્ડ નંબર સાચો લખવો અને વિધાનસભા સાચી પસંદ કરવી. વિધાનસભાનું નામ અને ભાગ નંબર ખબર ના હોય તો ચૂંટણી કાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનું નામ જોઇ લેવું. અને તેના આધારે ફોર્મ ભરવું. તમામ દસ્તાવેજ સ્પષ્ટ વાંચી શકાય તેવા હોવા જોઇએ.

- (અન્ય વિધાનસભામાં રહેવા ગયા હોય તો જે વિધાનસભામાં રહેવા ગયા હોય ત્યા ફોર્મ-૬ ભરવું અને તેમાં જુનો ચુંટણી કાર્ડ નંબર ફરજીયાત લખવો. તેના માટે ફોર્મ ૮-ક ભરવું નહી, ફોર્મ ૮-ક ફકત એક જ વિધાનસભામાં એક સરનામા થી બીજા સરનામા ઉપર રહેવા ગયા હોય તો તે સુધારવા માટે જ ભરવું).

- રહેઠાણનો પુરાવો - હાલનું પોતાના અથવા પોતાના ફેમીલી મેમ્બરના નામનું લાઇટબીલ/વેરાબીલ/ગેસબીલ (ભાડાનું મકાન હોય તો ભાડા કરાર ફરજીયાત જોડવું).

- કુટુંબના સભ્ય અથવા પડોસીનો ચુંટણી કાર્ડનો નંબર ફેમીલી ડિટેલસમાં ફરજીયાત લખવો.

- એક વ્યકિતએ એક ચુંટણી કાર્ડમાં કોઇપણ સુધારા-વધારા માટે ફકત એક જ ફોર્મ ભરવું અને મોબાઇલ નંબર ફરજીયાત લખવું.

ઓફલાઇન (મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે

૧ અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુકત બી.એલ.ઓ (બુથ લેવલ ઓફીસર) નો સંપર્ક કરવો. અને ફોર્મ ભરવું.

૨ આપની વિધાનસભાને લગતી ચુંટણી કચેરીનો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.



| ૦૯ | રાશનકાર્ડ અને પ્રમાણપત્રો |
|---|---|
| ૧૨ | બિન અનામત જાતિ અને આર્થિક રીતે નબળા હોવા અંગેનું પ્રમાણપત્ર |

**રહેઠાણનો પુરાવો**

- અરજદારનું રેશન કાર્ડ
- અરજદારનું લાઇટ બીલ/વેરાબીલની ખરી નકલ

**ઓળખનો પુરાવો (કોઈપણ એક)**

- અરજદારના આધારકાર્ડની નકલ
- અરજદારના ચુંટણી ઓળખકાર્ડની નકલ
- અરજદારના ડ્રાઈવિંગ લાયસન્સની નકલ

**જાતિને લગતા પુરાવા (કોઈપણ એક)**

- અરજદારનું અને તેના પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર

**સેવા માટે જરૂરી પુરાવા**

- અરજદારના પિતાનું (જો અરજદાર વિદ્યાર્થી હોઇ તો) અથવા અરજદારનું આવક પ્રમાણપત્ર.
- અરજદારનું પોતે અથવા પિતા/માતાનું બીન અનામત અંગેનું સોગંદનામુ/એફિડેવિટ.

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી

**ખાસ નોંધ :**

ફોટો સાથે દાખલો આપવાનો હોઇ અરજદારે રૂબરૂ જવું

**રહેઠાણનો પુરાવો**

- ⊙ અરજદારનું રેશન કાર્ડ
- ⊙ અરજદારનું લાઇટ બીલ/વેરાબીલની ખરી નકલ

**ઓળખનો પુરાવો (કોઈપણ એક)**

- ⊙ અરજદારના આધારકાર્ડની નકલ
- ⊙ અરજદારના ચુંટણી ઓળખકાર્ડની નકલ
- ⊙ અરજદારના ડ્રાઈવિંગ લાયસન્સની નકલ
- ⊙ અરજદારના પિતાના આધારકાર્ડની નકલ

**જાતિને લગતા પુરાવા (કોઈપણ એક)**

- ⊙ અરજદારનું અને તેના પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
- ⊙ અરજદારના પિતા/કાકા/ફોઈનું શાળા છોડયાનાં પ્રમાણપત્ર (ફરજીયાત) અને બક્ષીપંચના દાખલા ની ખરી નકલ (જો હોય તો)

**સેવા માટે જરૂરી પુરાવા**

- ⊙ જ્ઞાતિ અંગેનું સોગંદનામું/એફિડેવિટ.
- ⊙ મુળ ગુજરાત રાજ્યના રહેવાસી ન હોય તેવા અરજદારે ગુજરાત રાજ્યમાં તા. ૧.૪.૧૯૭૮ પહેલાથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ.

**ફોર્મ કયા મળશે અને અરજી કયા કરવી ?**

- ⊙ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી

**ખાસ નોંધ :**

ફોટો સાથે દાખલો આપવાનો હોઇ અરજદારે રૂબરૂ જવું

## ૦૯ રાશનકાર્ડ અને પ્રમાણપત્રો

### ૧૪ આર્થિક રીતે પછાત (E.W.S.) હોવાનું પ્રમાણપત્ર

EWS **ના દાખલા માટેના આવેદનની પ્રક્રિયા**

- ⊙ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર જઇ ઓનલાઇન એપોઇન્ટમેન્ટ લેવી. (જો આપના ઝોન કે જિલ્લામાં લાગુ પડે તો) એપોઇન્ટમેન્ટ ની રસીદ અને પુરાવાઓ લઇ પોતાના વિસ્તારને લગતી મામલતદારશ્રીની કચેરી તથા નાગરીક સુવિધા કેન્દ્ર પરથી આવકના દાખલા માટેનું ફોર્મ (વિનામુલ્યે) મેળવવું.

- ⊙ ફોર્મ ભર્યા બાદ ૩ રૂા ની કોર્ટ ફી ટીકીટ ફોર્મ પર આગળના પાને ખાલી જગ્યા જોઇ લગાડવી. અને અન્ય બધા ડોકયુમેન્ટ ની ઝેરોક્ષ ફોર્મ સાથે પીન કરવી.

- ⊙ ફોર્મની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પોતાના વિસ્તારને લગતી મામલતદારશ્રીની કચેરી અથવા નાગરીક સુવિધા કેન્દ્ર પર જઇ તમારા વિસ્તારના તલાટી કમ મંત્રીશ્રી પાસે જઇ ડોકયુમેન્ટની ચકાસણી કરાવવી, જવાબ આપવો અને સહી સીકકા કરાવવા. (તલાટીશ્રી ને જરૂર જણાઇ તો પંચનામું કરવા સાક્ષીઓને રૂબરૂ માં બોલાવી શકે) તલાટીશ્રી ના સહી સિકકા કરાવ્યા બાદ EWS ના દાખલા માટે ફોટો પડાવવાના સ્થળે જવું.

- ⊙ **EWS** ના દાખલા માટેના ફોટો પડાવવાના સ્થળે નજીવી ફી ચૂકવી ફોટો પડાવી રસીદ અચૂક મેળવવી.

- ⊙ રસીદના **EWS** ના દાખલા મેળવવાની તારીખ જોઇ જે-તે તારીખે તમારો **EWS** ના દાખલો મેળવી લેવો.

ખાસનોંધ : ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ **EWS** ના દાખલાની સમય - મર્યાદા ૩ વર્ષ (નાણાકીય વર્ષ) ની કરવામાં આવી છે. આથી યોગ્ય રીતે સાચવીને રાખવો.

**જરૂરી પુરાવા**

૧. વિદ્યાર્થીનો ૧ ફોટો
૨. વિદ્યાર્થીનો આધારકાર્ડ
૩. વિદ્યાર્થીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર (અસલ)
૪. વિદ્યાર્થીના પિતાનો આધારકાર્ડ
૫. અરજદારના પિતાનું એલ.સી. (અસલ)
૬. લાઇટબીલ/વેરાબીલ
૭. રેશનકાર્ડ
૮. આવકનો દાખલો (મામલતદાર/ગ્રામ પંચાયત)
૯. અરજદારના પિતાનું સોગંધનામું
૧૦. બિન અનામતનો દાખલો
૧૧. છેલ્લા ૩ વર્ષનું આઇ.ટી. રીટર્ન્સ
(દરેક પુરાવા જયા નકલ ની જરૂર છે તે ને નોટરીના સિકકા મરાવવા)

| ક્રમ | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | પેટ્રોલિંગ બોટ (આંતરદેશીય) (રાજ્યસરકાર) | **101/2FSH-2**<br>ફીશ કલેક્શન બોટ સાથે ૨૦ કિ.ગ્રા. કે તેથી વધુ ક્ષમતા વાળો વજનકાંટો તથા ૫૦૦ કિ.ગ્રા. કે તેથી વધુ સંગ્રહ ક્ષમતા ધરાવતા બોક્ષનો સમાવેશ કરવાનો રહેશે.<br>પેટ્રોલિંગ કમ ફીશ કલેક્શન બોટ નો યુનિટ કોસ્ટ રૂા. ૫ લાખ રહેશે જેનો ઉપર ૫૦ ટકા સહાયના ધોરણે રૂા. ૨.૫૦ લાખઅથવા ખરીદ કિંમતના ૫૦ ટકા બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. | (૧) અરજદારે I-kedut મારફત અરજી સબંધિત મંજુરી મળ્યા બાદ ખરીદી કરવાની રહેશે. (૨) મત્સય ઉછેર હેઠળ ના ૨૦૦ હેક્ટરથી વધુ એફ.આર.એલ. ધરાવતા જળાશયના ઈજારદાર ને લાભ મળવાપાત્ર છે. (૩) આ યોજના હેઠળ ખરીદાયેલ એફ.આર.પી. બોટનો ઉપયોગ મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે જ કરવાનો રહેશે. (૪) આ યોજના હેઠળ ખરીદાયેલ એફ.આર.પી. બોટ જાહેર હિતમાં સ્થાનિક કચેરી તરફથી જરૂરીયાત ના સમયે માંગણી કરવામાં આવે ત્યારે વિના વિલંબે સેવા પુરી પાડવાની લેખિત બાહેંધરી આપવાની રહેશે. (૫) સરકારશ્રીના વખતો વખતના યોજનાકીય ઠરાવ તેમજ મત્સ્યોદ્યોગ ખાતાના વખતો વખતના પરિપત્રોનું પાલન કરવાનું રહેશે. |

**૨ . ઈલેક્ટ્રીક સાધનો**

(અ) બે બેટરી ધરાવતી બોટો માટે ના સાધનો

- ઈન્વર્ટર રૂા. ૮,૫૦૦/- અથવા ખરીદ કિંમતના બે માંથી જે ઓછુ હોય તે
- ઈલેક્ટ્રીક સગડી રૂા. ૩,૦૦૦/- અથવા ખરીદ કિંમત બે માંથી જે ઓછું હોય તે
- ઈલેક્ટ્રીક વોટર પંપ રૂા. ૩,૦૦૦/- અથવા ખરીદ કિંમત બે માંથી જે ઓછું હોય તે
- સી.એલ.એફ ટયુબ રૂા. ૨,૫૦૦/- ખરીદ કિંમત અથવા રૂા. ૧૫,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે

(બ) એફઆરપી બોટ માટેના સાધનો

- સોલાર ઈલેક્ટ્રીક લેન્ટર્નની કિંમત અથવા રૂા. ૩,૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે

**૩. બોટ-જાળ**

ખર્ચના ૫૦ ટકા અથવા (૧) ટીન બોટ-જાળ રૂા. ૭,૫૦૦/- (બોટ રૂા. ૫,૦૦૦/- અને જાળના રૂા. ૨૫૦૦/-) બે માંથી જે ઓછુ હોય તે (૨) એફ.આર.પી. બોટ-જાળ રૂા. ૧૫,૦૦૦/- (બોટ રૂા. ૧૨,૫૦૦/- અને જાળના રૂા. ૨૫૦૦/-) બે માંથી જે ઓછુ હોય તે જી.એફ.સી.સી. / ઉત્પાદક ના અધિકૃત વિક્રેતા પાસે ખરીદવાનું રહેશે.

**૪. દરીયાઈ માછીમારોને બોટના ડીઝલ ની ખરીદી પર રાહત**

એક કે તેથી વધુ ૨૦ મીટર થી ઓછી લંબાઈની યાંત્રિક હોડીઓ ધરાવનાર રાજયના તમામ માછીમારોને એન્જીનના હોર્સ પાવર વાઈઝ અને સરકારશ્રી દ્વારા માન્ય ડિઝલ પંપો પાસેથી માછીમારીના હેતુ માટે ખરીદેલ વાર્ષિક ડિઝલના કવોટા ઉપર ૧૦૦ ટકા વેટ રાહત આપવામાં આવે છે.

## ૧૧ સોલાર સિસ્ટમ અંગેની યોના

### ૦૧ સોલાર રૂફટોપ યોજના ૨૦૨૪

**સોલર રૂફટોપ યોજનામાં મળતા લાભો**

- દેશના તમામ નાગરીકોને આ યોજના નો લાભ મળી શકે છે
- આ યોજના હેઠળ લાભાર્થીને પોતાની છત પર સોલર પ્લાન્ટ લગાવવા માટે સરકાર દ્વારા સબસીડી આપવામાં આવશે અને તેના કારણે વીજળીના બિલમાં ઘટાડો થશે.
- જો વધારે વીજળીનું ઉત્પાદન કરો તો તેને સરકારને વેચીને કમાણી કરી શકો છો.
- આ યોજનાનો લાભ મેળવી તમારો આર્થિક વિકાસ થઇ શકે છે અને તમારું ભવિષ્યનું ઉજવળ નિર્માળ થશે.

**સોલર રૂફટોપ યોજના પાત્રતા**

- લાભાર્થી ભારતનો મુળ નિવાસી હોવો જોઇએ.
- અરજદારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઇએ.

**સોલર રૂફટોપ યોજના જરૂરી દસ્તાવેજ**

- આધાર કાર્ડ
- પાનકાર્ડ
- બેંક એકાઉન્ટ પાસબુક
- રહેઠાણનો પુરાવો
- જાતિનું પ્રમાણપત્ર
- મોબાઇલ નંબર
- પાસપોર્ટ સાઇઝ ફોટો

**સોલર રૂફટોપ યોજનાનો લાભ મેળવવા માટે ઓનલાઇન અરજી કરવાની રહેશે.**

સૌપ્રથમ તેની સત્તાવાર વેબસાઇટ પર જાઓ, તેને હોમ પેજ પર તમને કિવક લિંકસનો વિકલ્પ મળશે,
અહી તમને રજીસ્ટર હિયર નો વિકલ્પ મળશે તેના પર કિલક કરો. હવે તમારી સામે તેનું અરજી ફોર્મ ખુલી જશે.
હવે તમે આ અરજી ફોર્મને ધ્યાનપૂર્વક વાંચીને ભરો. સબમીટ કરી તમારો યુઝર આઇડી અને પાસવર્ડ મેળવો.
રજીસ્ટ્રેશન કર્યા પછી તેના હોમપેજ પર જઇ મેળવેલા યુઝર આઇડી અને પાસવર્ડ દ્વારા લોગીન કરો.
હવે તેના ડેસબોર્ડ પર તમને કિલક હિયર ટુ એપ્લાય નાવ નો વિકલ્પ મળશે તેના પર કિલક કરો.
હવે અહી માંગવામાં આવેલી તમામ માહિતી ધ્યાનપૂર્વક વાંચીને ભરો.
જરૂરી દસ્તાવેજ સ્કેન કરી અપલોડ કરો. છેલ્લે સબમીટ બટન પર કિલક કરો.
આ અરજી ફોર્મની પ્રિન્ટ કાઢી સાચવી રાખો.

## હેલ્પલાઇન નંબર

| | |
|---|---|
| નાગરીક કોલ સેન્ટર | ૧૫૫૩૦૦ |
| બાળ હેલ્પલાઇન | ૧૦૯૮ |
| મહિલા હેલ્પલાઇન | ૧૦૯૧/૧૮૧ |
| ક્રાઇમ સ્ટોપર (ગુના નિવારણ) | ૧૦૯૦ |
| બચાવ અને રાહત કમિશનર | ૧૦૭૦ |
| એમ્બ્યુલન્સ | ૧૦૨/૧૦૮ |
| અન્ન અને રેશનકાર્ડ હેલ્પલાઇન | ૧૯૬૭/૧૮૦૦-૨૩૩-૫૫૦૦ |
| ગુજરાત રાજ્ય ગ્રાહક હેલ્પલાઇન | ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ |
| કિશાન કોલ સેન્ટર | ૧૫૫૧/૧૮૦૦-૧૮૦-૧૫૫૧ |
| જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર હેલ્પલાઇન | ૦૨૮૩૨-૧૦૭૭ |
| આપતી વ્યવસ્થાપન નિયંત્રણ ખંડ | ૦૨૮૩૨-૨૫૨૩૪૭ |
| નાયબ કલેક્ટર (સિવિલ ડિફેન્સ) | ૦૨૮૩૨-૨૩૦૬૦૩ |
| પોલીસ | ૧૦૦ |
| પોલીસ કન્ટ્રોલ રૂમ (એસ.પી.પૂર્વ) | ૦૨૮૩૬-૨૨૭૯૪ |
| પોલીસ કન્ટ્રોમ રૂમ (એસ.પી. પશ્ચિમ) | ૦૨૮૩૨-૨૫૦૯૬૦/૨૫૩૫૯૩ |
| પશુ ઇમરજન્સી હેલ્પલાઇન | ૧૯૬૨ |
| એન્ટીકરપ્શન બ્યુરો | ૧૮૦૦-૨૩૩૪-૪૪૪૪ |
| ગ્રાહક સુરક્ષા | ૧૮૦૦-૧૧-૪૦૦૦ |

## ભારત સરકાર /ગુજરાત સરકારની ઉપયોગી વેબસાઇટ

| | |
|---|---|
| *www.sje.gujarat.gov.in* | સામાજીક ન્યાય અને આધિકારતા વિભાગ ગુજરાત |
| *www.portal.gujarat.gov.in* | ગુજરાત સરકાર પોર્ટલ |
| *www.gujaratindia.com* | ગુજરાત સરકાર |
| *www.india.gov.in* | ભારત સરકાર |
| *www.gswan.gov.in* | જી.સ્વાન |
| *www.schoolarships.gujarat.gov.in* | સ્કોરશીપ વેબ સાઇટ, ગુજરાત સરકાર |
| *www.gujaratinformation.net* | માહિતી ખાતુ, ગુજરાત સરકાર |
| *www.digitalgujarat.gov.in* | ડિઝીટલ ગુજરાત (ઓનલાઇન અરજીઓ) |
| *www.gu.vikaspedia.in* | વિકાસ પીડીયા (માહિતી માટેની સાઇટ) |
| *www.digilocker.gov.in* | ડિઝીટલ લોકર, ભારત સરકાર |
| *www.ojas.gujarat.gov.in* | સરકારી નોકરીઓની અરજીઓ કરવા માટે |
| *www.uidai.gov.in* | આધાર કાર્ડની માહિતી માટે |
| *www.fcsca.gujarat.gov.in* | રાશન કાર્ડની માહિતી માટે |
| *www.esamajkalyan.gujarat.gov.in* | સામાજીક ન્યાય અને અધિકારીકતા વિભાગ |
| *www.earms.gujarat.gov.in/ceo-gujarat/master/electer-Serch-Dist-AC-Serial.aspx* | ચુંટણી કાર્ડ માટે |

# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ

















સેતુ

# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ


















# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ

















# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ










सेतु

# સેતુ અભિયાન કામગીરીના ફોટોગ્રાફ




















सेतु

**SETU Abhiyan**

Strengthening Local Governance

CONTACT US

45-B, Bankers Colony, 2nd Lane, Opp. JSV Infocom,
Near Jubilee Ground, Bhuj – Mundra Road,
Bhuj - Kachchh, Gujarat - 370 001.

Ph 02832 225772

setuabhiyan@gmail.com
admin@setuabhiyan.org
www.setuabhiyan.org